વિ. સંવત ૨૦૮૧, અષાઢ વદ - ૪
MONDAY
14 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 222

CMD : Sanjay Shah

### દેશના પ્રથમ અત્યંત મહત્વાકાંક્ષી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંગે રેલવે મંત્રાલયનો મોટો નિર્ણય

# અમદાવાદ-મુંબઈ વચ્ચે નહીં દોડે જાપાની બુલેટ ટ્રેન

### રેલવે મંત્રાલયે કહ્યું કે હવે બુલેટ ટ્રેનને બદલે આ રૂટ પર સ્વદેશી ટેકનોલોજીથી બનેલી સેમી-હાઈસ્પીડ વંદે ભારત સ્વદેશી વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવશે




નવી દિલ્હી, તા.૧૩

દેશના પ્રથમ અત્યંત મહત્વાકાંક્ષી અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ કોરિડોર (બુલેટ ટ્રેન પ્રોજેક્ટ) પર જાપાની બુલેટ ટ્રેનને બદલે સ્વદેશી ટેકનોલોજીથી બનેલી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવશે. આ ભારતીય રેલ્વેની પ્રથમ વંદે ભારત ટ્રેન હશે, જે ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. અગાઉ એવો દાવો કરવામાં આવ્યો હતો કે બુલેટ ટ્રેન મુંબઈ-અમદાવાદ વચ્ચે ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે.

રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ કોરિડોરના સુરત-બાલીમોરા (૫૦ કિમી) સેક્શનનું કામ અંતિમ તબક્કામાં છે અને વંદે ભારતનો ટ્રાયલ રન વર્ષના અંત સુધીમાં શરૂ કરવામાં આવશે. પછી ૨૦૨૭ સુધીમાં વંદે ભારત (બેઠક) ટ્રેનમાં સામાન્ય લોકો મુસાફરી કરી શકશે. અહીં આઠ-આઠ કોચવાળી બે વંદે ભારત ટ્રેન દોડશે. મહત્તમ ગતિ ૨૮૦ છે પરંતુ તે ૨૫૦ ની ઝડપે દોડશે.

અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ કોરિડોર પ્રોજેક્ટ પર હસ્તાક્ષર થયા ત્યારે જાપાને બુલેટ ટ્રેનનો ખર્ચ પ્રતિ કોચ ૧૯ કરોડ રૂપિયા નક્કી કર્યો હતો, પરંતુ ગયા વર્ષે જાપાને તેની કિંમત ૩ ગણીથી વધુ વધારી દીધી હતી. સપ્લાય કરતાં સમયે જાપાને બુલેટ ટ્રેન કોચનો ખર્ચ પ્રતિ કોચ ૫૦ કરોડ રૂપિયા કરી દીધો. આમ ૧૬ કોચવાળી બુલેટ ટ્રેન ૮૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ. દુનિયાના ઘણા દેશો ટ્રેનોની ગતિના સંદર્ભમાં ભારતથી ઘણા આગળ છે. જાપાન તેમાં ટોચ પર છે. જાપાન પછી ચીન અને પછી ફ્રાન્સ છે. જાપાનમાં બુલેટ ટ્રેનની ગતિ ૬૦૩ કિમી પ્રતિ કલાક છે અને ચીનમાં તેની ગતિ ૬૦૦ કિમી પ્રતિ કલાક છે. ફ્રાન્સ તે બંનેથી ઘણું પાછળ છે. અહીં ટ્રેનની મહત્તમ ગતિ ૩૨૦ કિમી પ્રતિ કલાક છે. આ ઉપરાંત દક્ષિણ કોરિયામાં પણ ટ્રેન ૩૦૫ કિ.મી પ્રતિ કલાકની ઝડપે દોડે છે. ભારતમાં અમદાવાદ-મુંબઈ કોરિડોર પર ૩૨૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે બુલેટ ટ્રેન ચલાવવાનો દાવો કરવામાં આવ્યો છે.

#### બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ૩૦૦ કિમીથી વધુ વાયડક્ટનું નિર્માણ

ભારતનો પ્રથમ હાઈ-સ્પીડ રેલ કોરિડોર, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, બાંધકામના મોટા સીમાચિહ્નો પાર કરી રહ્યો છે, જેમાં ૩૦૦ કિમીથી વધુ વાયડક્ટનું નિર્માણ થયું છે.બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમલીકરણ એજન્સી નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના જણાવ્યા અનુસાર, પ્રોજેક્ટ માટે ૩૦૯ કિમી વાયડક્ટ અને ૩૯૨ કિમી પિયરનું કામ પૂર્ણ થઈ ગયું છે.એજન્સીએ જણાવ્યું હતું કે ૪૦૬ કિમીના થાંભલાઓના પાયાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ૩૩૧ કિમીના ગર્ડર નાખવાનું કામ પૂર્ણ થઈ ગયું છે.આ પ્રોજેક્ટમાં ૧૬ નદી પુલ, ૮ સ્ટીલ પુલ અને ૫ પ્રી-સ્ટ્રેસ્ડ કોંક્રિટ (પીએસસી) પુલ પણ પૂર્ણ થયા છે.

## ફ્રન્ટ પેજ સ્ટોરી

### FBIએ ૮ ખાલિસ્તાની આતંકીને દબોચી લીધા

કેલિફોર્નિયા : ભારત જે ખાલિસ્તાની આતંકીઓને ઠેર ઠેર શોધી રહ્યું હતું. તેને અમેરિકામાં એફબીઆઈએ દબોચી લીધા છે. અમેરિકાના કેલિફોર્નિયામાં ભારતીય મૂળના ખાલિસ્તાની આતંકીઓ અને ગેંગસ્ટર્સ પર મોટી કાર્યવાહી કરી છે. ૧૧ જૂલાઈના રોજ San Joaquin કાઉન્ટીમાં FBI અને કેટલીય લોકલ એજન્સીઓની સંયુક્ત કાર્યવાહીમાં આઠ લોકોની ધરપકડ કરી છે. આ તમામ એક સંગઠિત ગુનાહિત ટોળકી સાથે જોડાયેલા હતા અને એક અપહરણના કેસને લઈને ટાર્ગેટ પર હતા. ઓપરેશન ખૂબ જ પ્લાનિંગ અનુસાર પાર પાડવામાં આવ્યું હતું, ઝડપાયેલા ૮ આરોપીમાં

દિલપ્રીત સિંહ,અર્શપ્રીત સિંહ,અમૃતપાલ સિંહ,વિશાલ (આખું નામ જણાવ્યું નથી),પવિત્તર સિંહ,ગુરતાજ સિંહ,મનપ્રીત રંધાવા,સરબજીત સિંહઆ બધાને San Joaquin County Jailમાં ગંભીર ધારાઓમાં બંધ કર્યા છે.

### સોનિયા ગાંધીએ ૧૫ જુલાઈએ કોંગ્રેસની બેઠક બોલાવી

નવીદિલ્હી : કોંગ્રેસ સંસદીય દળના નેતા સોનિયા ગાંધીએ ચોમાસુ સત્ર માટે પાર્ટીની રણનીતિ નક્કી કરવા માટે ૧૫ જુલાઈએ એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. આ બેઠક તેમના નિવાસસ્થાન ૧૦ જનપથ ખાતે યોજાશે. ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે અને ૨૧ ઓગસ્ટ સુધી ચાલશે. . આ સમય દરમિયાન ઘણા મહત્વપૂર્ણ બિલ રજૂ થવાની ધારણા છે, જેમાં ખાનગી ક્ષેત્રને પરમાણુ ઉર્જામાં પ્રવેશવાની મંજૂરી આપતો કાયદો પણ સામેલ છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો આ સત્રમાં ઘણા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારી કરી રહ્યા છે. ખાસ કરીને, વિપક્ષ બિહારમાં ખાસ મતદાર યાદીમાં સુધારો કરવાના ચૂંટણી પંચના નિર્ણય સામે સખત વાંધો ઉઠાવી શકે છે.૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, વિપક્ષ સેનાના 'ઓપરેશન સિંદૂર' અને તે પછીના રાજદ્વારી પ્રયાસો પર ચર્ચાની પણ માંગ કરી રહ્યું છે.

### વહેલી સવારે કરાયેલા એક વ્યાપક ઓપરેશનમાં ૧૫૦થી વધુ ડ્રોન તહેનાત કરવામાં આવ્યા હતા

# મ્યાનમાર સરહદે ભારતીય સેનાના ડ્રોન હુમલામાં બળવાખોર ચીફ અસોમનું મોત

### કેમ્પ પર હવાઈ હુમલા પછી મિસાઈલ હુમલામાં બ્રિગેડિયર ગણેશ અસોમ અને કર્નલ પ્રદીપ આસોમ પણ માર્યા ગયા






નવી દિલ્હી, તા.૧૩

ભારતીય સેના દ્વારા મ્યાનમારના સાગાઈંગ પ્રદેશમાં ઉલ્ફા-ઈન્ડિપેન્ડન્ટ અને એનએસસીએન (કે)ના બળવાખોર છાવણીઓને નિશાન બનાવતા વહેલી સવારે કરાયેલા એક ઓપરેશનમાં ૧૫૦થી વધુ ડ્રોન તેનાત કરાયા હતા, જે તાજેતરના વર્ષોમાં સરહદ પારના સૌથી મહત્વપૂર્ણ હુમલાઓમાંનું એક છે. ગુપ્તચર અને સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે ૨થી ૪ વાગ્યાની વચ્ચે કરાયેલા આ હુમલાઓ યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસોમ (ઈન્ડિપેન્ડન્ટ)ના જાણીતા સુરક્ષિત આશ્રયસ્થાનો વકથમ અને હોયટ બસ્તીમાં બળવાખોરોના છુપાયેલા સ્થળો પર કેન્દ્રિત હતા. રવિવારે ભારતીય સેનાના ડ્રોન હુમલાઓએ અસ્થિર મ્યાનમાર-ચીન સરહદ પર સ્થિત બળવાખોરોના સ્થળોને નિશાન બનાવ્યા હતા. આ ચોકસાઈ કામગીરી નાગાલેન્ડ-મ્યાનમાર સરહદ પર લોંગવા અને અરુણાચલ પ્રદેશ-મ્યાનમાર સરહદ પર પાંગસુ પાસ વચ્ચેના કોરિડોર પર કેન્દ્રિત હતી, જે બળવાખોર જૂથો દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતો જાણીતો વિસ્તાર છે. ગુપ્તચર સૂત્રોનો એવો પણ દાવો છે કે જાન્યુઆરી ૨૦૨૫થી, પાકિસ્તાનની આઈએસઆઈ સક્રિયપણે ઉલ્ફા-૧ ને સમર્થન આપી રહી છે. ૨૩ જાન્યુઆરીના રોજ ચિત્તાગોંગમાં પરેશ બરુઆ અને આઈએસઆઈ ઓપરેટિવ્સ વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પાકિસ્તાન દ્વારા પૂરા પાડવામાં આવેલા શસ્ત્રો કથિત રીતે ઉલ્ફા કેમ્પ સુધી પહોંચ્યા, જેનાથી ભારતના ઉત્તરપૂર્વમાં સરહદ પારથી અસ્થિરતા અંગે ચિંતા વધી ગઈ. ક્ષેત્રીય સૂત્રોનો આરોપ છે કે આસામ અને પડોશી પ્રદેશોમાં કાર્યરત ઘણી બાંગ્લાદેશી ખાદ્ય કંપનીઓ ગુપ્ત રીતે ઉલ્ફા- ૧ કેડર્સને નાણાં આપી રહી છે.આ વર્ષની શરૂઆતમાં, ૨૬ જાન્યુઆરીના રોજ, ઉલ્ફા-૧ એ ગુવાહાટીમાં બે ઓછી-તીવ્રતાવાળા આઈઈડી વિસ્ફોટો કર્યા, એક બેહરબારીમાં લાલમતી નજીક અને બીજો રિહાબારી ખાતે. બીજા દિવસે સંગઠને જવાબદારી સ્વીકારી, તેને ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીના વિરોધમાં રજૂ કર્યું. દરમિયાન, મ્યાનમારથી મળેલા સંરક્ષણ ઈનપુટ્સ સૂચવે છે કે હવાઈ હુમલામાં ઈઝરાયલ અને ફ્રાન્સમાં ઉત્પાદિત ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ઉલ્ફા-I, એનએસસીએન (કે) અને આરપીએફ/પીએલએના કેમ્પો પર ચોક્કસ હુમલા કરવામાં આવ્યા હતા.મ્યાનમારના સાગાઈંગ પ્રદેશની આસપાસનો ઉંચાઈવાળો, જંગલવાળો ભૂપ્રદેશ, ખાસ કરીને નાગા સ્વ-પ્રશાસિત ક્ષેત્રમાં, લશ્કરી કાર્યવાહીનું કેન્દ્રબિંદુ હતું. આ કાર્યવાહીમાં ૧૦૦થી વધુ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.આ હુમલામાં ઉલ્ફા-I ના મુખ્ય નેતાઓનો નાશ થયો હોવાના અહેવાલ છે. "આ હુમલામાં સંગઠનના ૧૯ કાર્યકરો ઘાયલ થયા હતા, હુમલામાં સ્વ-ઘોષિત મેજર જનરલ નયન અસોમ, જે આ બળવાખોર સંગઠનની નીચલી કાઉન્સિલના અધ્યક્ષ હતા, તેમનું મૃત્યુ થયું હતું," સંગઠને પોતે મીડિયા હાઉસને જારી કરેલા એક નિવેદનમાં પુષ્ટિ કરી.નયન આસોમ, જેનું સાચું નામ નયન મેધી છે, તે હોયત બસ્તી ખાતે જૂથના પૂર્વીય કમાન્ડ મુખ્યાલયનું નેતૃત્વ કરી રહ્યા હતા. કેન્દ્રીય લશ્કરી તાલીમ આપનાર અને વ્યૂહરચનાકાર તરીકે જાણીતા, તેમની હત્યાને બળવાખોર સંગઠનના કમાન્ડ માળખા માટે એક મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.ઉલ્ફા-આઈએ તેના સત્તાવાર નિવેદનમાં દાવો કર્યો છે કે બ્રિગેડિયર ગણેશ આસોમ અને કર્નલ પ્રદીપ આસોમ તેમના કેમ્પ પર થયેલા હવાઈ હુમલા પછી થયેલા મિસાઈલ હુમલામાં માર્યા ગયા હતા, જે હજુ પણ ચાલુ હોવાનું કહેવાય છે.

#### બિહારમાં મ્યાનમારના ઘૂસણખોરો પણ મતદારો!

બિહારમાં મતદાર યાદી સુધારણા દરમિયાન ચૂંટણી પંચે ચોંકાવનારા દાવા કર્યા છે. ચૂંટણી પંચના દાવા અનુસાર, બિહારમાં SIR દરમિયાન ઘરે-ઘરે જઈને જઈને દસ્તાવેજ ભેગા કરી રહેલા બૂથ લેવલ ઓફિસરને મોટી સંખ્યામાં નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારથી ગેરકાયદે આવેલા લોકો મળ્યા છે. ચૂંટણી પંચના સૂત્રોનું કહેવું છે કે, પહેલી ઓગસ્ટ ૨૦૨૫ બાદ યોગ્ય તપાસ બાદ તેમના નામ ૩૦ સપ્ટેમ્બરના દિવસે જાહેર થનારી અંતિમ યાદીમાં સામેલ નહીં કરવામાં આવે. ૩૦ સપ્ટે. બાદ ચૂંટણી પંચ આ સંખ્યાના આંકડા પણ જાહેર કરે. બિહારમાં મતદાર યાદીની સમીક્ષા હેઠળ મતાદાર ગણતરી ફોર્મ જમા કરવાનું કામ છેલ્લાં તબક્કામાં પહોંચી ગયું છે.

### હિમાચલમાં ભારે વરસાદથી ભયાવહ સ્થિતિ

## પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુરે ભાગીને પોતાનો જીવ બચાવ્યો

### ભૂસ્ખલનથી પૂર્વ મુખ્યમંત્રીની ગાડી પર પથ્થર પડ્યા

મંડી, તા.૧૩

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના સરાજ વિસ્તારમાં પહાડોમાં અચાનક ભૂસ્ખલન થતાં પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુરની ગાડી પર ઓચિંતા પથ્થર પડે છે. એટલામાં પૂર્વ સીએમ ભાગીને પોતાનો જીવ બચાવે છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. ચંડીગઢ-મનાલી રાજમાર્ગ પંડોહમાં પણ ભૂસ્ખલન થવાથી લગભગ ૯.૫ કિ.મી.ના રસ્તો બ્લોક થયો હતો. જોકે, આ પછી જેસીબી બોલાવીને કાટમાળને દૂર કરવામાં આવી રહ્યો છે. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અનુસાર, ૧૨ દિવસમાં જિલ્લામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૨૭ લોકો ગુમ છે અને ૧૬ મેગાવોટના હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટને પણ ભારે નુકસાન થયું છે.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, ૨૦ જૂનથી ૧૧ જુલાઈ દરમિયાન રાજ્યમાં વાદળ ફાટવા અને વરસાદથી ૯૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં ૫૯ લોકોના મોત વાદળ ફાટવા, ભૂસ્ખલન, અચાનક પૂર, વીજળીના આંચકા અને ડૂબવાથી થયા છે.

### સરકારે નિવેદન બહાર પાડવું જોઈએ : સાંસદ

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસાનો મુદ્દો બ્રિટિશ સંસદમાં પણ ગૂંજ્યો

### શેખ હસીનાનું શાસન હિન્દુત્વ તરફી મનાતું હતું

લંડન, તા.૧૩

બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતી જૂથો સામે અત્યાચાર વધી રહ્યા છે. આ મુદ્દો બ્રિટિશ સંસદમાં ઉઠાવવામાં આવ્યો છે. આ મુદ્દો કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદ બોબ બ્લેકમેને ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં બિન-મુસ્લિમો વિરુદ્ધ હિંસા અને અત્યાચાર ચાલુ છે અને બ્રિટિશ સરકારે આ સંદર્ભમાં પોતાના તરફથી કયા પ્રયાસો કર્યા છે તે અંગે નિવેદન આપવાની જરૂર છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ અને લઘુમતી જૂથો (બૌદ્ધ, ખ્રિસ્તી, અહમદિયા મુસ્લિમો) પરના અત્યાચારનો મુદ્દો ઓગસ્ટ ૨૦૨૪માં શેખ હસીનાની સરકારના પતન પછી ગરમાયો છે. શેખ હસીના અને અવામી લીગનું શાસન હિન્દુત્વ તરફી માનવામાં આવતું હતું. શેખ હસીનાના બળવા, રાજીનામું અને ભારતમાં આશ્રય લીધા પછી, બાંગ્લાદેશમાં લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ પર હુમલા થયા. ત્યારથી, હિન્દુઓ અને લઘુમતીઓ સામે હિંસા અને ગુનાહિત કૃત્યો કરવામાં આવી રહ્યા છે. શેખ હસીનાની સરકારના પતનથી દેશમાં રાજકીય અસ્થિરતા ફેલાઈ ગઈ, જેના કારણે અરાજકતાવાદી તત્વોને છૂટ મળી ગઈ.

### રાષ્ટ્રપતિએ ચાર વ્યક્તિને નામાંકિત કર્યા

## ઉજ્જવલ નિકમ સહિત ૪ લોકો રાજ્યસભાના સાંસદ બનશે

### ચારેયની પ્રતિષ્ઠિત વ્યકિતઓમાં ગણના



નવી દિલ્હી, તા.૧૩

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે ચાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓને રાજ્યસભામાં નોમિનેટ કર્યા. આમાં પૂર્વ રાજદ્વારી હર્ષ શ્રૃંગલા, વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમ, ઈતિહાસકાર મીનાક્ષી જૈન અને સામાજિક કાર્યકર સદાનંદન માસ્ટરના નામનો સમાવેશ થાય છે. હર્ષ શ્રૃંગલા અને ઉજ્જવલ નિકમ પોતપોતાના ક્ષેત્રોમાં તેમના વિશિષ્ટ યોગદાન માટે જાણીતા છે. હર્ષ શ્રૃંગલા ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ રહી ચૂક્યા છે.ઉજ્જવલ નિકમની ગણતરી દેશના જાણીતા સરકારી વકીલોમાં થાય છે, ડૉ. મીનાક્ષી જૈન મધ્યયુગીન અને કોલોનિયલ ભારતના પ્રખ્યાત ઈતિહાસકાર છે. સદાનંદન માસ્ટર દાયકાઓથી શિક્ષણ અને સામાજિક સેવાના ક્ષેત્રમાં કાર્યરત છે. તેમણે શિક્ષણ અને સામાજિક જાગૃતિમા ખાસ કરીને વંચિત વર્ગો, અનુ. જાતિ અને જનજાતિઓમાં. તેમની છબી પાયાના સ્તરે કામ કરતા સમર્પિત કાર્યકરની છે.

#### વડાપ્રધાને મારી સાથે મરાઠીમાં વાત કરી : નિકમ

આ અવસર પર ઉજ્જવલ નિકમે જણાવ્યું કે, મારા માટે આ ગર્વ અને સન્માનની ક્ષણ છે. વડાપ્રધાન મોદીએ મારી સાથે મરાઠી ભાષામાં વાતચીત કરી હતી. નિકમે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોન કર્યો ત્યારે તેમણે મને પૂછ્યું કે વાતચીત હિન્દીમાં થવી જોઈએ કે મરાઠીમાં. આ સાંભળીને અમે હસી પડ્યા. ત્યારબાદ પીએમ મોદીએ મરાઠીમાં કહ્યું કે રાષ્ટ્રપતિ મને રાજ્યસભાની જવાબદારી આપવા માંગે છે. મે સંમતિ આપી અને આ સન્માન માટે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને પાર્ટી નેતૃત્વનો આભાર માન્યો.

### કેન્દ્ર સરકારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના પરિણામો જાહેર કર્યા

## અમદાવાદ દેશનું સૌથી સ્વચ્છ શહેર મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ બીજા ક્રમે

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્ર સરકારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના પરિણામો જાહેર કર્યા છે. આ વખતે ગુજરાતનું અમદાવાદ શહેર દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઉભરી આવ્યું છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ બીજા ક્રમે છે. લખનૌએ ૪૪મા સ્થાનેથી ત્રીજા સ્થાને કૂદકો મારીને સૌને ચોંકાવી દીધા. આ શહેરોને રાષ્ટ્રપતિ ભવન ખાતે ૧૭ જુલાઈએ યોજાનાર સન્માન સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ટોચના શહેરોને પુરસ્કારો આપશે.

ઈન્દોર, સુરત અને નવી મુંબઈ જેવા શહેરો જે સ્વચ્છતા રેંકિંગમાંથી બહાર હતા, તેમણે આ વખતે પણ સ્વચ્છતામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. પરંતુ તેમને 'સુપર સ્વચ્છતા લીગ' નામની એક વિશેષ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ શ્રેણી ગયા વર્ષે બનાવવામાં આવી હતી અને સતત ત્રણ વર્ષથી ટોપ-૩માં રહેલા શહેરોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે.

પહેલા આ સમયગાળો બે વર્ષનો હતો જે હવે વધારીને ત્રણ વર્ષ કરવામાં આવ્યો છે.સતત સાત વખત દેશનું સૌથી સ્વચ્છ શહેર રહેલું મધ્યપ્રદેશનું ઈન્દોર હવે આ ખાસ લીગમાં છે અને સામાન્ય રેંકિંગમાં તેની ગણતરી કરવામાં આવતી નથી.

### હૈદરાબાદની નાલસર યુનિ. ઓફ લો ખાતે દીક્ષાંત સમારોહમાં સંબોધન

## દેશમાં વર્ષો સુધી સુનાવણી ચાલે છે, ન્યાયિક વ્યવસ્થા સુધારવાની જરૂર : ચીફ જસ્ટિસ

નવી દિલ્હી, તા.૧૩

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બી.આર. ગવઈએ શનિવારે ભારતની ન્યાય પ્રણાલીમાં નડી રહેલા પડકારો વિશે વાત કરી હતી. જેમાં તેમણે કહ્યું કે, ભારતની ન્યાય પ્રણાલી એક અલગ પ્રકારના પડકારોનો સામનો કરી રહી છે, જેને દૂર કરવાની તાતી જરૂરિયાત છે. તેમણે ન્યાય આપવામાં થઈ રહેલા વિલંબ પર સંકેત કર્યો હતો. વર્ષો સુધી ચાલતી કેસની ટ્રાયલ્સ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.હૈદરાબાદની નાલસર યુનિવર્સિટી ઓફ લો ખાતે દિક્ષાંત સમારોહમાં બોલતાં સીજેઆઈ ગવઈએ જણાવ્યું કે, અંડર ટ્રાયલના કેદીઓ માટે વર્ષોથી ચાલતી ટ્રાયલ્સ ગંભીર સમસ્યા બને છે. વર્ષો બાદ તેમને કેદમાંથી નિર્દોષ છોડવામાં આવે ત્યારે આ સમસ્યા અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. આ કાયદા-વ્યવસ્થામાં સુધારાની જરૂર છે. સીજેઆઈએઆગળ કહ્યું કે, ભલે હું તારણ કાઢું કે, આપણી કાયદાકીય વ્યવસ્થા ખરાબ છે, અને તેને સુધારવાની જરૂર છે. પણ અંતે તો હું પણ ભવિષ્ય માટે આશાવાદી છું કે, મારા સાથી નાગરિકો આ પ્રકારના પડકારોમાંથી મુક્ત થશે. જસ્ટિસ ગવઈએ ભારતીય ન્યાયતંત્ર માટે રોડા સમાન મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રકાશ પાડતાં કહ્યું કે, ટ્રાયલમાં વિલંબ ક્યારેક દાયકાઓ સુધી ચાલી શકે છે.

## અમદાવાદ પ્લેન ક્રેશમાં પાઈલટ્સને બલિનો બકરો ન બનાવવા જોઈએ : ઉડ્ડયન નિષ્ણાત



નવી દિલ્હી, તા.૧૩

અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રારંભિક તપાસ અહેવાલ પર ચર્ચા તેજ બની છે. એક તરફ, એવું કહેવામાં આવી રહ્યું છે કે અમે અંતિમ તપાસ રિપોર્ટ આવે ત્યાં સુધી રાહ જોઈશું. બીજી તરફ, માર્ટિન કન્સલ્ટિંગના સ્થાપક અને સીઈઓ માર્ક ડી માર્ટિને આ પ્રારંભિક અહેવાલ પર કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે દુનિયાભરના પાઈલટ્સ મૂર્ખ નથી. તેઓ સત્ય સમજે છે. કોઈપણ પાયલોટ જે પોતાના પરિવારની આજીવિકા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે તે આવા અહેવાલોથી ગેરમાર્ગે દોરાશે નહીં. આ કોઈ જાદુગરીની શોધ નથી જેમાં પાઈલટ્સને બલિનો બકરો બનાવવામાં આવે છે, પરંતુ નિષ્પક્ષ અને પ્રામાણિક તપાસ થવી જોઈએ. માર્ટિને રિપોર્ટની ટેકનિકલ ખામીઓ પર પણ પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે વિમાન ઉડાન ભરતાની સાથે જ એન્જિન ફેલ થઈ ગયું. આવી સ્થિતિમાં, હાઈડ્રોલિક સિસ્ટમને બેકઅપ આપતી રેમ એર ટર્બાઈન સક્રિય થાય છે. આવી સ્થિતિમાં, ઈંધણ કાપનો મુદ્દો રિપોર્ટમાં કેવી રીતે આવ્યો? આ અહેવાલમાં જાણી જોઈને પાઈલટ્સ પર દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો છે. આ તપાસના વૈશ્વિક પરિણામો આવશે. તેથી, હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરું છું કે તેઓ આ તરફ ધ્યાન આપે અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પારદર્શિતા લાવવા કહેવું જોઈએ.

## ગત નાણાકીય વર્ષમાં વેદાંતનું ભાજપને દાન ચારગણું વધીને રૂા.૯૭ કરોડ થયું

નવી દિલ્હી, તા.૧૩



ઉદ્યોગપતિ અનિલ અગ્રવાલની ખાણકામ કંપની વેદાંત લિમિટેડ દ્વારા શાસક ભાજપને આપવામાં આવેલું દાન ૨૦૨૪-૨૫માં ચારગણું વધીને ૯૭ કરોડ રૂપિયા થયું. કંપનીના તાજેતરના વાર્ષિક અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, 'વિવિધ વસ્તુઓ' હેઠળ, કંપનીએ રાજકીય પક્ષોને આપવામાં આવેલા દાનની વિગતો તેમજ તેની મૂળ કંપની, લંડન-લિસ્ટેડ વેદાંત રિસોર્સિસ પીએલસીને મેનેજમેન્ટ અને બ્રાન્ડ ફી ખર્ચની વિગતો આપી છે. આ મુજબ, કંપનીએ ગયા નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫) માં કુલ ૧૫૭ કરોડ રૂપિયાનું રાજકીય દાન આપ્યું હતું. રિપોર્ટ મુજબ, ભાજપને આપવામાં આવેલ દાનમાં ચાર ગણો વધારો થયો છે. બીજી તરફ મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસને આપવામાં આવેલ દાનમાં માત્ર ૧૦ કરોડ રૂપિયાનો ઘટાડો થયો. આ જ ક્રમમાં, ગયા નાણાકીય વર્ષમાં, કંપનીએ ભાજપને ૯૭ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું.

### નશામાં ધૂત કારચાલકે સર્કિટ હાઉસ પોલીસ કમિશનર બંગ્લોઝ સામે જ બેફામ કાર ચલાવીને લોકોના જીવ જોખમમાં મૂક્યા

# નશામાં ચકચૂર કારચાલકે પો. કમિ. બંગ્લોઝ સામે જ અકસ્માત સર્જ્યો

### લોકોએ કારચાલકને પકડીને પોલીસના હવાલે કર્યો, અમદાવાદથી નીકળ્યો ત્યારે ચાલુ કારમાં ચાર પેગ પીધા હતા : કારચાલકની કબૂલાત



વડોદરા, તા.૧૩

શહેરના અલકાપુરી વિસ્તારમાં ગત મોડી રાત્રે નશામાં ધૂત એક કાર ચાલકે સર્કીટ હાઉસ પોલીસ કમિશનર બંગ્લોઝ સામે જ બેફામ કાર ચલાવીને લોકોના જીવ જોખમમાં મૂક્યા હતાં. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. ઘટનાની જાણ થતા અકોટા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

દારૂના નશામાં ધૂત સુરતના રહેવાસી કાળુભાઈ જોધાભાઈ સાટીયાએ આ કાંડ બાબતે નફ્ફટાઈથી કહ્યું હતું કે, હું સુરતનો રહેવાસી છું અને અમદાવાદ ગયો હતો. અમદાવાદથી નીકળ્યો હતો ત્યારે રસ્તામાં ચાલુ ગાડીમાં જ દારૂના ચાર પેગ પીધા હતા. શનિવારે મોડી રાત્રે અલકાપુરી ગરનાળાથી લઈને રેસકોર્સ રોડ તરફ ફિલ્મી દ્રશ્યો જોવા મળ્યા હતા. એક i20 કાર ચાલક મુખ્ય રોડ પર વાંકીચૂકી કાર ચલાવી રહ્યો હતો. જેને જોઈને વાહનચાલકો ડરી ગયા હતા. રસ્તા પર જતા લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. આ ઘટનાનો વીડિયો એક રિક્ષાચાલકે પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. કારચાલકે પોતાની કાર ડિવાઈડર સાથે પણ અથડાવી હતી અને કેટલાક વાહનોને ટક્કર મારતા મારતા રહી ગયો હતો. આ સમયે કાર ચાલકે વડોદરા શહેર પોલીસ કમિશનરના બંગલા સામે કાર ઊભી રાખી હતી અને ત્યાં લોકો સાથે ઝઘડો કરવાનું શરૂ કર્યું હતું.

બનાવની જાણ થતાં જ અકોટા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આરોપી કાળુભાઈ જોધાભાઈ સાટીયા (રહે. ભવાની સોસાયટી, કામરેજ ચાર રસ્તા, સુરત)ની ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં તેની સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

#### ટ્રાફિક સિગ્નલ ચાલુ ન હોત તો રક્ષિતકાંડ સર્જાત

સમગ્ર ઘટનાને નજરે જોનાર નિકુલભાઈએ જણાવ્યું હતું કે, અલકાપુરી ગરનાળા પાસેથી મેં તેને જોયો હતો અને મારી રિક્ષાને પણ એક્સિડન્ટ થતા રહી ગયો હતો. રક્ષિત કાંડ જેવો કેસ ન થાય તે માટે હું તેની પાછળ પાછળ ગયો હતો. તેને ડિવાઈડર સાથે પણ કારને અથડાવી હતી. તે નશામાં ચૂર હતો. આ સમયે ટ્રાફિક સિગ્નલ ખુલ્લું હતું. જો ટ્રાફિક સિગ્નલ બંધ હોત તો કેટલાય લોકોને એને ઉડાવી દીધા હોત.

#### ગોત્રી યશ કોમ્પ્લેક્સ પાસે નશેડી ઇક્કોચાલકને લોકોએ ટીબ્યો

શહેરમાં દિવસેને દિવસે નશામાં ચૂર કાર ચાલકો નિર્દોષ રહાદારીઓને અડફેટે લેતા હોય છે છતા પણ હજુ પણ કેટલાક કાર ચાલકો નશો કરીને કાર હંકારીને જાહેર રોડ પર ગફલતભરી રીતે બેફામ કારહંકારતા હોય છે. જેમા આજ રોજ ગોત્રી યશ કોમ્પલેક્ષ પાસે એક ઇક્કો કાર ચાલક નશામાં ચૂર થઈને કાર હંકારતો હતો. સદનસીબે આ કાર ચાલકે કોઈને અડફેટે લીધા નહતા. પરંતુ કારચાલક રોડ વચ્ચે કાર ઉભી રાખી હતી. અને તેના પરિવારજનોને વાતનીજાણ થતા પરિવારજનો દોડી આવ્યા હતા અને નશામાં ધૂત કાર ચાલકને પરિવારજનોએ જાહેરમાં મેથીપાક ચખાડ્યો હતો.

### કુંકરીદાણાથી જુગાર પર પીસીબી પોલીસના દરોડા

## રેલવે સ્ટેશન સામે જાહેરમાં દાણા વડે જુગાર રમતાં ૬ ઝડપાયા

વડોદરા, તા.૧૩

શહેરના ભરચક ગણાતા વિસ્તાર એવા સયાજીગંજ રેલવે સ્ટેશન સામે કેટલાક ઇસમો કુકરી દાણા વડે જાહેરમાં જુગાર રમતા હતા તે સમયે પીસીબી પોલીસે દરોડો પાડીને ૬ જેટલા ઇસમોની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

પીસીબી પોલીસ મથકમો સ્ટાફ શહેરના અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે સમયે પીસીબીની એક ટીમને માહિતી મળી હતી કે, સયાજીગંજ રેલ્વે સ્ટેશન સામે જગદીશ ફરસાણ પાસે કેટલાક ઇસમો જાહેરમાં રોડ ઉપર કુકરી (દાણા) વડે રૂપિયાનો હારજીતનો જુગાર રમી રહ્યા છે અને હાલમાં પણ તે જુગાર ચાલુ છે. જે માહિતીના આધારે પીસીબી પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. તે સમયે ૬ જેટલા ઇસમો સયાજીગંજ રેલવે સ્ટેશન સામે આવેલ જગદીશ ફરસાણની દુકાન પાસે જુગાર રમતા હતા, પોલીસે જુગાર રમી રહેલા ૬ ઇસમોની ધરપકડ કરી હતી.

જેમાં ફીદાહુસૈન મુસ્તાક પઠાણ (રહે, નવાયાર્ડ), પપ્પુખાન બકુલખાન પઠાણ (રહે, ફતેગંજ), જાવેદ જાબીરખાન પઠાણ (રહે, ફતેગંજ), મોહમદ જુબેર મોહમદ આલમ પઠાણ (રહે, ગોરવા), અસરફ એહમદ રાઠોડ (રહે, તાંદલજા) અને મોહમદ ઇકબાલભાઇ બશીરભાઈ મલેકની ધરપકડ કરી હતી. પોલીસે જુગાર સમયે દાવ પર લગાવેલા રોકડા ૨૯ હજાર રૂપિયા અને ૬ મોબાઈલ મળી કુલ ૫૯ હજારનો મુદ્દામલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ડિજિટલ લેણદેણમાં અંકલેશ્વર ૧૨મી જુલાઈના રોજ ટોપ પર

વડોદરા, તા.૧૩

વડોદરા રેલવે ડિવિઝનમાં ડિજિટલ ઇન્ડિયા અભિયાનમાં અંકલેશ્વરમાં ૧૨મી જુલાઈના રોજ ૯૭ ટકા લેનદેન સાથે સમગ્ર ડિવિઝનમાં ટોપ પર રહ્યું છે. ડિજિટલ ઇન્ડિયા અભિયાન હેઠળ ભારતીય રેલવે દ્વારા ડિજિટલ લેન-દેન ને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવેલા પગલાંની સકારાત્મક અસર હવે દેખાઈ રહી છે. વડોદરા રેલવે ડિવિઝનના કાઉન્ટર પર કેશલેસ બુકિંગમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.૧૨ જુલાઈ ૨૦૨૫ ના રોજ, અંકલેશ્વર સ્ટેશન ૯૭.૪૪% કેશલેસ લેન-દેન સાથે સમગ્ર મંડળમાં ટોચ પર સ્થાન પ્રાપ્ત કર્યું. જ્યારે પ્રતાપનગરમાં ૮૧.૫૨% અને આણંદમાં ૭૯.૩૮% ટકા ડિજિટલ લેન-દેનનો પ્રશંસનીય દર નોંધાયો હતો. વડોદરા મંડળમાં પીઆરએસ કાઉન્ટર પર સરેરાશ ડિજિટલ ચુકવણી ટકાવારી ૫૧.૪૭% સુધી પહોંચી ગઈ છે.

### તાલુકા પંચાયતના સદસ્ય દ્વારા ખોટી રીતે દૂધ ભરાતું હોવા અંગેની પોલીસ મથકે ફરિયાદ અપાઇ

# બરોડા ડેરીના ડિરેક્ટરના નામે દૂધ ભરાયાની ફરિયાદ

### ડેસરની રાજપુર દૂધ મંડળીમાં બનાવટી ગ્રાહકો ઉભા કરી મોટા પાયે ગોબાચારી થતી હોવાના આક્ષેપ

વડોદરા, તા. ૧૩

વડોદરા ગ્રામ્યમાં આવતા ડેસર તાલુકાના મેરાકુવા દુધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી અને પ્રમુખ ઉપર ઠગાઈનો ગુનો નોંધાયા બાદ તાલુકાની અનેક મંડળીઓમાં કૌભાંડના આરોપો સામે આવી રહ્યા છે. તાજેતરમાં જુના સિહોરા ગ્રામજને પ્રતાપપુરા અને ત્યાર બાદ રાજપુર મંડળીઓમાં દૂધમાં પાણી ભેળવીને ભ્રષ્ટાચાર આચરાય છે તેવી પોલીસ મથકે ફરિયાદ આપવામાં આવી હતી. ત્યારબાદ હવે રાજપુરના વનરાજસિંહ પરમારના હાથે પુરાવા હાથ લાગ્યા છે, તે અનુસાર વેજપુરના વતની અને બરોડા ડેરીના ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજી ના નામે દૂધ રાજપુર મંડળીમાં ભરાય છે. જો કે, તેમની પાસે રાજપુરમાં ઘર નથી કોઈ પશુ નથી છતાંય તેમના નામનું દૂધ રાજપુર મંડળીમાં ક્યાંથી અને કેવી રીતે ભરાય છે. પુરાવાના આધારે તેમણે આરોપ લગાવ્યો છે.

રાજપુરના જાગૃત ગ્રામજને ડેસર તાલુકા પંચાયત શિહોરા-૨, ના સદસ્ય રાજદીપસિંહ સોઢા પરમારનો સંપર્ક કરી દસ દિવસ સળંગ દૂધ ભરાયું તેની પાવતી બતાવતા વેંત રાજદીપસિંહ ચોંકી ઉઠ્યા હતા. અને મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને તાત્કાલિક ડેસર પોલીસ મથકે પહોંચી ફરિયાદ આપવામાં આવી હતી. ફરિયાદમાં મુકવામાં આવેલા




આરોપ અનુસાર, રાજપુર દૂધ મંડળીના મંત્રી દ્વારા ગામ બહારના બનાવટી ગ્રાહકોના ખાતા બનાવી તેમના નામે મંડળીમાં દૂધ ભરવામાં આવે છે. જે અંગેની પાવતી અમને મળી છે, તેમાં રાઉલજી કુલદીપસિંહ ઉદેસિંહ ગ્રાહક નંબર ૧૫૮ બનાવીને તેમના નામનું દૂધ ડિસેમ્બર - ૨૦૨૪ માં ભરાયેલું છે અને રૂપિયા પણ જમા કરેલા છે. કુલદીપસિંહ બરોડા ડેરીમાં ડિરેક્ટરના હોદ્દા ઉપર છે, અને ડેસરના વેજપુરના રહેવાસી છે. તેઓ ઘણા સમયથી તેઓ વડોદરા શહેરમાં રહે છે, તેઓ રાજપુર ગામના વતની નથી પશુપાલન કરતા નથી, અને તેમના ઘરે પણ કોઈ દુધાળા પશુઓ નથી, છતાં રાજપુર મંડળીના મંત્રી સાથે સાંઠગાંઠ કરીને ભ્રષ્ટાચાર કર્યું હોવાનું જણાઈ આવે છે. જેથી આ મામલે તટસ્થ રીતે પોલીસ તપાસ કરવાની રજૂઆત સાથે ફરીયાદ અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે, બરોડા ડેરી સાથે સંલગ્ન દૂધ મંડળીઓ અવાર-નવાર ગેરરીતીના કારણે પ્રકાશમાં આવતી રહે છે. અનેક વખત દૂધ મંડળીઓમાં ખોટી રીતે ગ્રાહકો ઉભી કરી નાણા ઉભા કરવાનું કૌભાંડ આચરાતું હોવાનું સામે આવ્યું છે.

### ખાનગી કંપનીના મેનેજરનું આઈટી રિર્ટન ફાઈલ કરતાં

# સીએ સહિતની ટોળકીનો બોગસ ફોટા લગાવીને મકાનને વેચી દેવાનો કારસો

### ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓ મકાન પર લોનના વેરિફિકેશન માટે આવતાં જાણ થઈ

વડોદરા, તા. ૧૩

ખાનગી કંપનીના મેનેજર અને તેમની માતાની સંયુક્ત માલિકીના મકાન વેચાણના બોગસ દસ્તાવેજો બનાવીને મકાનને ગીરવે મુકી તેની પર લોન લેવાનો પ્રયાસ કરનાર સીએ તેમજ તેની પત્ની, માતા અને સાગરીત વિરુધ્ધ ઈજનેરે સમા પોલીસે ગુનો નોંધ્યો છે.

ગોરવા પંચવટી વિસ્તારની ઝવેરપાર્ક સોસાયટીમાં રહેતાં ધવલ મહેન્દ્રભાઈ પટેલ સમા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે ' હું પરિવાર સાથે રહું છું અને ખાનગી કંપનીમાં માર્કેટીંગ મેનેજર તરીકે ફરજ બજાવું છું. અમે જે મકાનમાં રહીયે છે તે મારા પિતાએ જુન-૨૦૦૧માં બિલ્ડર પાસેથી ખરીદ્યું હતું અને પિતાના અવસાન બાદ હું અને મારી માતા મંજુલાબેન આ મકાનના વારસદાર છીએ. ગત ૨૦૨૪માં મારી ઘરે મકાનના વેરીફીકેશન માટે આવેલા ફાયનાન્સ કંપનીના કર્મચારીઓએ જણાવ્યું હતું કે તમારુ મકાન કોઈ વિશાલ પ્રજાપતિના નામે વેચાણ થયું છે અને તેણે આ મકાન પર અમારી ફાયનાન્સ કંપનીમાં મોર્ગેજ લોનની અરજી કરી છે. મે ગરવી વેબસાઈટમાં મારા મકાનના દસ્તાવેજ ડાઉનલોડ કરાવી જોતા અમારુ મકાન ગત ઓક્ટોબર-૨૦૨૪માં વિશાલ મહેન્દ્ર પ્રજાપતિ (ખારકુવા ફળિયું, મુવાલ, પાદરા)એ ૬૫ લાખમાં ખરીદ કર્યું હોવાની તેમજ વેચાણ આપનારમા મારુ અને મારી માતાનું નામ હતું પરંતુ માતાના બદલે ભારતીબેન શાંતિલાલ પટેલ અને મારા નામ સામે સમીર ખત્રીના ફોટા લગાવેલા હતા અને દસ્તાવેજના દરેક પાના પર મારી અને મારી માતાની બોગસ સહિઓ કરી હતી જ્યારે મકાન ખરીદનાર વિશાલ પ્રજાપતિનો ફોટો અને સહી હતી. આ વિશાલ પ્રજાપતિ અમારી કંપનીમાં દોઢેક વર્ષ અગાઉ નોકરી કરતો હોઈ હું તેને ઓળખું છું તેમજ ભારતીબેન પટેલનો પુત્ર પિનાકીન પટેલ મારો નાનપણનો મિત્ર છે અને તે સીએ તરીકે વ્યવસાય કરતો હોઈ તે પાંચ વર્ષથી મારુ અને મારી માતાનું આઈટી રિર્ટન ભરવાનું કામ કરતો હોય તેને મારી અને મારી માતાના આધારકાર્ડ, પાનકાર્ડ સહિતના ડોક્યુમેન્ટની નકલ આપી હતી. સમીર ખત્રી પિનાકીન પટેલનો બનેવી છે તેમજ પિનાકીન અને તેની પત્ની નિકીતાએ દસ્તાવેજમાં સાક્ષી તરીકે સહી કરી છે. આ લોકોએ ભેગા મળીને મારા અને મારી માતાના નામ સામે બોગસ ફોટા લગાવીને મકાનનો બોગસ વેચાણ દસ્તાવેજ બનાવી અને અમારી ખોટી સહિયો કરીને તેને સબ રજીસ્ટ્રાર કચેરીમાં જમા કરાવી ગુનો કર્યો છે.' આ વિગતોના પગલે પોલીસે સીએ પિનાકીન શાંતિલાલ પટેલ, તેની પત્ની નિકીતા અને માતા ભારતીબેન (સત્યનારાયણ સોસાયટી, ગોરવા) તેમજ તેના બનેવી સમીર ખત્રી (વાઘોડિયા) સામે ગુનો નોંધ્યો છે.

### રેલવે એલસીબીનો સપાટોઃ મહિલા પાસેથી સવા લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# રેલવે ટ્રેનમાં ભીડનો લાભ લઈ મહિલાઓના પર્સ હળવા કરતી ગેંગની મહિલા ઝડપાઈ

વડોદરા, તા.૧૩

વડોદરા રેલવે સ્ટેશન ખાતે ટ્રેનમાં ભીડનો લાભ લઈને મહિલાઓના પર્સ હળવા કરતી મહિલા ગેંગની એક સભ્યને વડોદરા રેલવે એલસીબીએ ઝડપી પાડી છે.

વડોદરા રેલવે એલસીબી સૂત્રોના જણાવ્યા મુજબ એલ. સી.બી.સ્ટાફના રાકેશ જગન્નાથ તથા મહેન્દ્ર ભીખાભાઈ કર્મચારીઓની સજાકતાથી શકદાર મહિલા નામે કાંતાબેન જી/ સુરેશભાઈ જાતે ગણાવા ને ઝડપી તેની પાસેથી સોનાની ચેઈન તથા પેન્ડલ સહિતની કુલ કિંમત રૂ ૧,૩૨,૮૫૩/- ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વડોદરા રેલવે પોલીસ મથકમાં નોંધાયેલા એક અંનડિટેક્ટ ગુના પણ



ડીટેક્ટ થયો છે.તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ દાહોદ ઈન્ટરસીટી એક્સ. ટ્રેનમાં એક મહિલા પેસેન્જર વડોદરા રેલવે સ્ટેશનથી દાહોદ જવા માટે પેસેન્જરોની ગીર્દીમાં ચડતી હતી, તે વખતે કાંતાબેને તેની અન્ય સાથી મહિલાની મદદથી પેસેંજરોની ગીર્દીનો લાભ ઉઠાવી આ મહિલાના બેગમાંથી સોનાના દાગીના રોકડ સાથેનું નાનુ પર્સ કાઢી ચોરી કરી હતી તે અંગે ફરિયાદ નોંધાઈ હતી. કાંતાબેન સુરેશભાઈ જાતે ગણાવા( ઉ.વ.૪૦ ધંધો-મજુરી રહે.સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડીની પાછળ, મહેસાણા સર્કલ પાસે, નિઝામપુરા, વડોદરા મુળ રહે. ગામ-ટીમંરડા, મંદિર ફળીયુ, દશામાતાના મંદિર પાસે, તા.જી.દાહોદ.) પાસેથી (૧) એક સોનાની ચેઈન પેન્ડલ સાથેની વજન ૧૪.૦૨ ગ્રામ ની કિ.રૂ! કિ.રૂ! ૧,૩૨,૮૫૩/-મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ છે.

#### મહિલા ગેંગની એમઓ ગજબની, શિકારને ઘેરી ધક્કામુકી કરી ચોરી કરતી

આરોપી મહિલા મુખ્યત્વે ભીડભાડ વાળી જગ્યાઓ તેમજ રેલવે સ્ટેશન તથા બસ સ્ટેશન વિસ્તારમાં જે મહિલા પેસેન્જર ટ્રેન, બસમાં ચઢતી હોય ત્યારે તેઓની ટાર્ગેટકરી સાથેની અન્ય સહ આરોપી મહિલાઓ ધક્કા મુકી કરી પેસેન્જરોની પાસેના લેડીઝપર્સની ચેઈન ખોલી તેમાં રહેલ પર્સ તથા દાગીના કાઢી લઈ ચોરી કરવાની એમ.ઓ.ધરાવે છે પો.ઈન્સ. ટી.વી. પટેલ, પો.સ.ઈ.એમ.એન.પરમાર એલ.સી.બી.પ.રે.વડોદરા, એ.એસ. આઈ. ફીરોઝખાન નસીબખાન. રોની પેનેકલ બેન્ની.રાકેશ જગન્નાથ, હેડ કોન્સ, ભાર્ગવકુમાર પંકજભાઈ ઈમરાનભાઈ ઈકબાલભાઈ મહેન્દ્રભાઈ ભીખાભાઈ, આશાબેન વિનોદરાવે કામગીરી કરી હતી.

### શનિવાર અને રવિવારની જાહેર રજાઓમાં પવિત્ર યાત્રાધામ ખાતે માનવમહેરામણ ઉમટ્યો

# પાવાગઢ ખાતે બે લાખ ભક્તોએ દર્શન કર્યા

### લાખો ભક્તોએ માતાજીના ચરણોમાં દર્શન કરી આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી

હાલોલ, તા.૧૩

૫૧ શક્તિપીઠો પૈકીના એક શક્તિપીઠ અને સુપ્રસિદ્ધિ યાત્રાધામ પાવાગઢ ખાતે ડુંગરની ટોચ પર અતિ પૌરાણિક ઐતિહાસિક અને અતિ ભવ્ય તેમજ વિશાળ મંદિરમાં બિરાજમાન મહાકાળી માતાજીના દર્શનાર્થે વાર તહેવાર સહિત શનિવાર અને રવિવારની જાહેર રજાઓમાં હજારો લાખોની સંખ્યામાં માઈ ભક્તો ઉમટે છે જેમાં આજે રવિવારે જયા પાર્વતીના વ્રતના પાવન પર્વ ગણાતા ગૌરીવ્રતની પુર્ણાહુતિનો પવિત્ર દિવસ અને રવિવારની જાહેર રજાના દિવસનો સંયોગ સર્જાયો હતો જેને લઈને આજે રવિવારે ગૌરીવ્રતની પુર્ણાહુતિના પવિત્ર અવસરે સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે માઈ ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું જેમાં આજે રવિવારે ગૌરીવ્રત પુર્ણાહુતિના દિવસ નિમિત્તે વહેલી પરોઢથી લઈને સાંજ સુધીમાં તો બે (૨) લાખ ઉપરાંત માઈ ભક્તોએ મહાકાળી માતાજીના દર્શન કરી માતાજીની પૂજા અર્ચના કરી હતી અને પોતાની માનતાઓ બાધાઓ અને મનોકામનાઓ પૂર્ણ કરી માતાજીના ચરણોમાં શીશ નમાવી માતાજીના આશીર્વાદ મેળવી ધન્ય બન્યા હતા જેમાં આજે યાત્રિકોનું



ઘોડાપુર પાવાગઢ ખાતે ઉમટી પડતા પાવાગઢની તળેટીમાં ચાંપાનેરથી લઈ માચી અને ડુંગર પર મહાકાળી માતાજીના મંદિર પરિસર સુધી જ્યાં જુઓ ત્યા માનવ મહેરામણ ઊમટેલું જોવા મળ્યું હતું અને મહાકાળી માતાજીના જયકારાથી વહેલી પરોઢથી જ સમગ્ર યાત્રાધામ પાવાગઢ ડુંગર ગુંજી ઉઠ્યો હતો.

### એલસીબીની ગાડી જોઈને બૂટલેગર દારૂનો જથ્થો મૂકીને ફરાર

# ડેસરમાંથી ૪.૯૧ લાખનો વિદેશીદારૂ ઝડપાયો : એક આરોપીની ધરપકડ

વડોદરા, તા.૧૩

વડોદરા જિલ્લાના ડેસર ખાતે જિલ્લા એલસીબીએ રૂ૪.૯૧ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો.સ્થાનિક બુટેલગરે આ જથ્થો છુપાવી રાખ્યો હતો જેના પગલે બાતમી આધારે એલસીબીએ રેડ કરી હતી. પોલીસની ગાડીની લાઈટ જોઈ એક શખ્સ ભાગી ગયો હતો, સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી.

જિલ્લા એલસીબી પીઆઈ કે.આર.સિસોદીયાએ જણાવ્યું હતું કે,ડેસર ગામમાં રહેતો જયેન્દ્ર ઉર્ફે ભયો સોલંકી દારૂનો જથ્થો જી.ઈ.બી. નજીક વરણોલી જતી નાળ ઉપર લાવી મુકી રાખેલ છે, જે હકિકત આધારે એલ.સી.બી. ટીમે દરોડો પાડતા ડેસર રોડ ઉપર જી.ઈ.બી નજીક વરણોલી જતી નાળમાં બે ખેતર અંદર જતા એક ઇસમ દુરથી ગાડીની લાઈટ જોઈ ભાગી ગયેલ અને સ્થળ ઉપરથી એક ઈસમ પકડાઇ ગયેલ જેનું નામઠામ પુછતા જયેન્દ્ર ઉર્ફે ભયો નરવતભાઈ સોલંકી રહે ડેસર, વાડી વિસ્તાર, તા. ડેસર જી. વડોદરાનો હોવાનુ જણાવ્યુ હતું. પકડાયેલ ઇસમની નજીકમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો તેમજ એક સ્કૂટર મળી આવ્યુ હતું.પકડાયેલા ઇસમને ભાગી ગયેલ ઇસમના નામ બાબતે પુછપરછ કરતા સશીકુમાર સોલંકી રહે છાલીયેર તા.ડેસર જિ વડોદરાનો હોવાનું જણાવ્યુ હતું. પોલીસે દારૂની ૪૪૬૪ બોટલો તેમજ અન્ય મુદામાલ સહિત કુલ રૂ. ૫.૧૬ લાખનો મુદામાલ કબ્જે કરી પકડાયેલ ઇસમ તેમજ સ્થળ ઉપરથી ભાગી ગયેલ ઇસમ વિરૂધ્ધ ડેસર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આરોપીઓ છેલ્લા કેટલા સમયથી આ વેપલો કરતાં હતા તે દિશામાં પણ તપાસ હાથ ધરાઈ છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57

All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.

For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

# ગેંડા સર્કલ નજીક પાણીની લાઇનમાં લીકેજઃ માર્ગ બંધ, રવિવારે લોકો ફસાયા





વડોદરા શહેરમાં છાશવારે પાણીની લાઈનમાં લીકેજ થતા શહેરીજનોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. શહેરમાં પાણીની બુમો વચ્ચે આવારનવાર લીકેજ સર્જાય છે. આજે ગેંડા સર્કલ નજીક પાણીની લાઈનમાં લીકેજ થતા રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું જેના કારણે ગેંડા સર્કલથી શાસ્રી બ્રિજ તરફ ઉતારવાનો એક તરફનો માર્ગ બંધ કરાતા રવિવારના દિવસે વાહનચાલકો ટ્રાફિકજામમાં ફસાયા હતા. રવિવાર હોવાથી આ માર્ગ ઉપર ટ્રાફિક પણ થોડો હળવો હતો પરંતુ વાહનચાલકોએ હાલાકી વેઠવી પડી હતી. સાજના સમયે વાહનોની અવર જવર વધતા લોકો ટ્રાફિકમાં અટવાયા હતા.

### દોઢ મહિના અગાઉ માંજલપુર વિસ્તારમાં

## બૂટલેગરને વિદેશીદારૂનો જથ્થો આપનાર કમુ સિંધીની ધરપકડ

વડોદરા, તા.૧૩

માંજલપુર વિસ્તારના બુટલેગરને દોઢ માસ અગાઉ વિદેશી દારૂનો જથ્થો આપવાના ગુનામાં વોન્ટેડ આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી માંજલપુર પોલીસના હવાલે કર્યો હતો.

શહેર પોલીસે ગત ૨૨મી મેના રાત્રે માંજલપુર રિલાયન્સ મોલ સામે એક બુટલેગરને જ્યુપીટર મોપેડની ડીકીમાં રાખેલા ૩૯,૯૦૦ રૂપિયાની કિંમતની વ્હીસ્કી અને વોડકાની ૬૬ બોટલ સાથે ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં દારૂ સાથે ઝડપાયેલા યુવકે જણાવ્યું હતું કે તેને દારૂનો જથ્થો કમલ ઉર્ફે કમુ બંશીલાલ તોલાણી-સિંધી (માધવનગર, સિકંદરપુરા પાસે, આજવારોડ) આપી ગયો છે. આ વિગતોના પગલે પોલીસે કમુ સિંધીને વોન્ટેડ જાહેર કર્યો હતો. છેલ્લા દોઢ





માસથી ફરાર કમુને ક્રાઈમ બ્રાન્ચની ટીમે કમુની ધરપકડ કરી હતી. દારૂ, હત્યાનો પ્રયાસ અને મારામારી સહિત ૩૧ ગુનામાં સંડોવાયેલો કમલ ઉર્ફે કમુને ચાર વખત પાસા પણ કરાઈ છે.


### છેલ્લાં ઘણાં દિવસથી વરસાદે હાથતાળી આપતાં ગરમીનો પારો ઊંચો રહ્યો

## લાંબા વિરામ બાદ મેઘરાજાના આગમનથી શહેરીજનોને અસહ્ય બફારામાંથી રાહત

વડોદરા, તા. ૧૩

વડોદરા શહેરમાં લાંબા સમય બાદ વરસાદનું આગમન થયું છે. શહેરમાં અચાનક મેઘરાજાની પધરામણી થઈ છે. શહેરમાં સાર્વત્રિક વરસાદ છે. રાવપુરા, અલકાપુરી, દાંડિયા બજાર, સયાજીગંજ, આજવા રોડ પર વરસાદ છે. ઘેરાયેલા વાદળો વરસતાં લોકોને રાહત થઈ છે.

વડોદરા શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. બપોર બાદ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. કાળા ડિબાંગ વાદળોને કારણે વિઝીબિલિટી ડાઉન થઈ છે. વાહન ચાલકો લાઈટ ચાલુ કરી વાહન ચલાવી રહ્યા છે. વાવણીલાયક વરસાદથી જગતના તાત ખેડૂતો ખુશખુશાલ થયા છે. જ્યારે શહેરના કારેલીબાગ, માંજલપુર, મકરપુરા, વાઘોડિયા રોડ,



સુભાનપુરા સહિતના અનેક વિસ્તારમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. જોકે શહેરમાં ઘણા લાંબા સમય બાદ ધીમી ધારે વરસાદ વરસતા શહેરીજનોને ગરમીથી થોડી રાહત મળી હતી. જોકે આજે રવિવાર રજાનો દિવસ હોવાથી કેટલાક વડોદરાવાસીઓની વરસાદે મજા બગાડી હતી તો કેટલાક લોકોએ વરસાદનો આનંદ ઉઠાવ્યો હતો. આમ શહેરના અનેક વિસ્તારમાં જ વરસાદ વરસ્યો હતો. શહેરમાં લાંબા સમય બાદ વરસેલા વરસાદને પગલે શહેરના અનેક રોડ રસ્તા ભિના થયા હતા જોકે વરસાદ રોકાવતા ભારે ઉકળાટનો લોકોને સામનો કરવો પડ્યો હતો.

## નંદેસરીની સગીરા ભેદી સંજોગોમાં ગુમ

વડોદરા, તા. ૧૩

નંદેસરી વિસ્તારમાં માતા અને નાની બહેન સાથે મામાના ઘરે રહેતી ૧૬ વર્ષીય સગીરા ધો. ૭ સુધીનો અભ્યાસ કર્યા બાદ હાલમાં ખાનગી કંપનીમાં ફરજ બજાવતી તેની માતાને ઘરકામમાં મદદ કરે છે. ગઈ કાલે સગીરાની નાની બેને તેની મામી સાથે કમાટીબાગમાં ફરવા જતાં અને માતા નોકરીએ જતાં સગીરા ઘરમાં એકલી હતી. દરમિયાન ચાર વાગે તેની માતા નોકરી પરથી પરત ફરતા તેને જાણ થઈ હતી કે તેની મોટી પુત્રી ઘરમાં હાજર નથી. તે કોઈ સગાસંબંધીના ઘરે ગઈ હશે તેમ માની માતાએ તપાસ કરી નહોતી. જોકે મોડી રાત સુધી તે પરત નહી આવતાં પરિવારજનોને તપાસ કરી હતી જેમાં તે ભેદી સંજોગોમાં ગુમ હોવાની જાણ થતાં તેની જવાહરનગર પોલીસમાં જાણ કરાઈ હતી. પોલીસે હાલમાં કિશોરીનું કોઈ અજાણી વ્યકિત અપહરણ કરી ગઈ હોવાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ગૌરીવ્રત નિમિત્તે પુત્રીના ઉપવાસને લઈને

## ફ્રૂટ અને ફૂલહાર લેવા નીકળેલા પિતા પુત્રીને અકસ્માત : પિતા મોતને ભેટ્યા

વડોદરા, તા. ૧૩

આઠ વર્ષની પુત્રીએ કરેલા ગૌરીવ્રત.ના જાગરણના દિવસે પુત્રીને લઈને ફૂલહાર અને ફ્રુટ લેવા નીકળેલા પિતા અને પુત્રીને આજવા ચોકડી બ્રિજ નીચે ટ્રકનો અકસ્માત નડતા પિતાનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે પુત્રીને ઈજાઓ થવાથી સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.માહિતગાર સૂત્રો દ્વારા બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે વડોદરા શહેરની આજવા રોડ પર આવેલ મહાદેવ નગરમાં રહેતા વિનોદભાઈ પ્રવીણભાઈ પટેલ ઉંમર વર્ષ ૪૫ ઈલેક્ટ્રીકનુ છૂટક કામ કરીને પત્ની તથા પુત્રીના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પુત્રી મેસા ઉંમર વર્ષ ૮ એ ગૌરી વ્રત કર્યું હતું. વ્રતના અંતિમ દિવસે એટલે કે જાગરણના દિવસે સાંજે ૭:૦૦ વાગ્યાની આસપાસ પિતા વિનોદભાઈ પટેલ પુત્રી મેસા ને લઈને બાઈક ઉપર ગોરમા ની પૂજા માટે ફૂલહાર તથા ફ્રુટ લેવા માટે બાઈક ઉપર નીકળ્યા હતા. તેઓ પિતા પુત્રી બાઈક ઉપર આજવા ચોકડી બ્રિજ નીચેથી પસાર થતા હતા. તે વખતે એપીએમસી માર્કેટ માંથી માલ ખાલી કરીને આવી રહેલી ટ્રક ના ચાલાકે યુ ટન લેતા વિનોદભાઈને બાઈકને ટ્રકની ટક્કર વાગી હતી. જેથી પિતા પુત્રી ચાલુ બાઈક પરથી રોડ ઉપર પડછાયા હતાં. જેમાં વિનોદભાઈ પટેલને ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટના સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે બીજા પામેલ બાળકીને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી અકસ્માતના બનાવ ને પગલે પરિવારજનો તથા પોલીસ ઘટના સ્થળે વળી આવી હતી.

### સ્ટાફ સાથે નિમેટા પાસે આવેલા રિસોર્ટમાં ફરવા માટે આવ્યા હતા

## અમદાવાદ પાલિકાની હોસ્પિ.ના અધિકારીને ચાલુ ગાડીએ એટેક આવતાં મોત નીપજ્યું

### કારમાં સવાર અન્ય ચાર મિત્રો ઘાયલ થતાં સારવાર માટે દાખલ કરાયા

વડોદરા, તા. ૧૩

અમદાવાદ ખાતેની કોર્પોરેશનની હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા અધિકારી તેમના સ્ટાફ સાથે નિમેટા પાસે આવેલા રિસોર્ટમાં ફરવા માટે આવ્યા હતા. દરમિયાન ગાડી ચલાવતા તેમને હાર્ટ એટેક આવતા તેમનું મૃત્યુ થયું હતું જ્યારે ગાડી પલટી મારી જતા ગાડીમાં સવાર અન્ય ચાર વ્યક્તિઓને જાઓ થતા સારવાર માટે વાઘોડિયા ને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતના બનાવ સંદર્ભે વાઘોડિયા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં આવેલ સુગમ એપાર્ટમેન્ટ માં રહેતા અને અમદાવાદ કોર્પોરેશનની શારદાબા હોસ્પિટલમાં મેડિકલ સ્ટોર ઈન્ચાર્જ અધિકારી તરીકે ફરજ બજાવતા જયેશકુમાર પરેશકુમાર રાઠોડ ઉંમર વર્ષ ૫૪ શનિ - રવિ બે દિવસ રજા હોવાથી સ્ટાફ કર્મચારીઓએ વન-ડે પિકનિકનો પ્રોગ્રામ બનાવી ગાડી લઈને ફરવા માટે વડોદરા શહેરના નિમેટા પાસે આવેલા રિસોર્ટ ખાતે આવ્યા હતા. રિસોર્ટમાં મોજ મજા કરીને પરત જઈ રહ્યા હતા તે વખતે જયેશકુમાર પરેશભાઈ રાઠોડ ગાડી ચલાવી રહ્યા હતા. દરમિયાન તેમને ચાલુ ગાડીએ વાઘોડિયા તાલુકાના રાયન તલાવડી ગામના બસ સ્ટેન્ડ નજીક અચાનક છાતીમાં અસહ્ય દુખાવા સાથે એટેક આવતા જેવો બેભાન બની ગયા હતા. જેથી ગાડી પરના સ્ટેરીંગ નો કાબુ ધુમી જતા ગાડી પલટી મારી ગઈ હતી. ગાડીમાં સવાર અન્ય તેમના ચાર મિત્રોને પણ ઈજાઓ થવા પામી હતી જેથી તેમને સારવાર માટે વાઘોડિયા ખાતેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે જયેશકુમાર રાઠોડ ને સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ સંદર્ભે હોસ્પિટલમાંથી વાઘોડિયા પોલીસને અકસ્માતના બનાવની જાણ કરતાં પ્રવેશે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી બીજી તરફ જયેશકુમાર ના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે કોલ્ડ રૂમમાં ખસેડવામાં આવ્યો હતો.

## હાથીખાના નજીક રખડતી ગાય સાથે અથડાતાં બાઈકચાલકને ઈજા

વડોદરા, તા. ૧૩

વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં બાઈક પર પસાર થતા યુવાનને રસ્તે રખડતી ગાય હાથી કાના સરકારી સ્કૂલ પાસે પથરાતા અથડાતા યુવાન ઘાયલ થયો હતો. તે બાદ તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.વડોદરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી દ્રષ્ટિએ રખડતી ગાયોનો ત્રાસ યથાવત રહેવા પામ્યો છે જેના કારણે રોજબરોજ વહન અકસ્માતના બનાવો બનતા રહે છે જેમાં આજે વધુ એક વાર હાથી ખાના સરકારી સ્કૂલ વિસ્તારમાં ભરચક ટ્રાફિક માં રસ્તે રખડતી ગાય સાથે વારસિયા સુપર બેકરી પાસે રહેતો લોકેશન નારાયણભાઈ ચેતનાની ઉંમર વર્ષ ૪૫ ગાય સાથે અથડાયો હતો. આ બનાવમાં લોકેશ ચેતનાની ને નાની મોટી ઈજાઓ થતા તેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો આ બનાવને પગલે સ્થાનિકો એકત્રિત થઈ ગયા હતા અને રસ્તે રખડતી ગાયો ઉપર છુપા રોષની લાગણી વ્યક્ત કરી હતી.

### વડોદરા શહેરના ડભોઇ રોડ પર આવેલા હરિભક્તિ એસ્ટેટમાં બનેલો બનાવ

## ડભોઈ રોડ પર સિન્થેટિક પ્લાસ્ટિક અને રૂના ગાદલાંના ગોડાઉનમાં આગ લાગતાં અફરાતફરી

### ફાયર વિભાગની પાંચથી વધુ ટીમોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો

વડોદરા, તા. ૧૩

વડોદરા શહેરના ડભોઈ રોડ ઉપર સિન્થેટિક પ્લાસ્ટિક અને રૂના ગોડાઉનમાં અચાનક આગ લાગતા ભાર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. રૂ અને પ્લાસ્ટિકના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગ ઓલવવા માટે ફાયર વિભાગની પાંચ ગાડીઓ સ્થળ ઉપર પહોંચી હતી.

વડોદરા શહેરના ડભોઈ રોડ પર આવેલા હરિભક્તિ એસ્ટેટમાં એક ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. આ ગોડાઉનમાં સિન્થેટિક પ્લાસ્ટિક, રૂ ના ગાદલા અને અન્ય સામગ્રીનો મોટો જથ્થો હોવાને કારણે આગે



વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનાથી ગોડાઉનમાં રાખેલો મોટા પ્રમાણમાં સામાન બળીને ખાખ થઈ ગયો. આગ લાગવાની જાણ થતાં જ વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને તાત્કાલિક કોલ મળ્યો હતો. માહિતી મળતાં જ પાણીગેટ, ગાજરાવાડી અને જીઆઈડીસી ફાયર સ્ટેશનની કુલ પાંચ ટીમો ઘટનાસ્થળે ઝડપથી પહોંચી હતી. ફાયર બ્રિગેડે કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ટીમોએ આગને ફેલાતી અટકાવવા અને નજીકના વિસ્તારોને સુરક્ષિત રાખવા માટે ત્વરિત અને સંકલિત કામગીરી હાથ ધરી હતી. આ ભીષણ આગની ઘટનામાં ગોડાઉનમાં રાખેલો મોટો જથ્થો બળીને નાશ પામ્યો છે. આગને કારણે ગોડાઉનના માલિકને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે. સદનસીબે, આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ફાયર બ્રિગેડની ઝડપી કામગીરી અને સમયસરના પ્રયાસોને કારણે આગને નજીકના વિસ્તારોમાં ફેલાતી અટકાવી શકાઈ, જેનાથી વધુ નુકસાન ટળ્યું હતું. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

### પંચમહાલ જિલ્લામાં હાહાકાર મચાવનાર

## જીવલેણ એક્યુટ એનકેફેલાઈટિઝ રોગમાં વધુ બે બાળ દર્દીનાં મોત : મૃત્યુ આંક ૧૨

વડોદરા તા. ૧૩

પંચમહાલ જિલ્લામાં હાહાકાર મચાવનાર એક્યુટ એનકેફેલાઈટીઝ નામના રોગની સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા વધુ બે બાળ દર્દીઓના સારવાર દરમિયાન મોત નિપજ્યાં છે.આ સાથે બાળ દર્દીઓનો મૃત્યું ની સંખ્યા ૧૨ પર પહોંચી છે.પંચમહાલ જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસથી ચાંદીપુરમ જેવો જ ખતરનાક જીવલેણ એક્યુટ એનકેફેલાઈટીઝ નામના રોગ હા હા કાર મચાવી રહ્યો છે આ રોગ માં ખાસ કરીને નાના બાળકો વધુ ઝપટમાં આવે છે ત્યારે આ રોગની સારવાર માટે વડોદરા શહેરની મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી સયાજી હોસ્પિટલમાં અત્યાર સુધી છોલ જેટલા બાળકોને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં સારવાર દરમિયાન આઠ બાળકોના મૃત્યુ થયા હતા. હાલના તબક્કે સયાજી હોસ્પિટલમાં વડોદરા મકરપુરા



વિસ્તારની એક ચાર વર્ષની બાળકી સહિત બે બાળ દર્દીને સારવાર હેઠળ પીડીયાટ્રીક વોર્ડના પીઆઈસીયુ માં દાખલ કરવામાં આવ્યા હતા.આ બંને બાળકોનાં તબક્કાવાર સારવાર દરમિયાન ૮મી જુલાઈ ના રોજ મોત નિપજયાં હતાં. જેમાં એક એક વડોદરા ની બે વર્ષની બાળકી તથા સંતરામપુર નો ચાર વર્ષના બાળકનો સમાવેશ થાય છે હાલ બે બાળકો સારવાર હેઠળ આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. સયાજી હોસ્પિટલમાં વધુ બે બાળકોના મૃત્યુ થતા એક્યુટ એનકેફેલાઈટીઝ રોગમાં મૃત્યુ પામનાર બાળ દર્દીઓની સંખ્યા ૧૨ પર પહોંચી છે.

### મોબાઈલ ટાવર કંપનીમાં છ વર્ષ સુધી કામ કર્યું છે

## મોબાઈલ ટાવરોના રેક્ટીફાયર કેસેટોની ચોરી કરનાર પૂર્વ કર્મચારીની ધરપકડ

### પાંચ સ્થળે થયેલી કિંમતી રેક્ટીફાયરની ચોરીનો ભેદ ઉકેલાયો

વડોદરા, તા. ૧૩

શહેરના વિવિધ સ્થળે આવેલા મોબાઈલ ટાવરોના રેક્ટીફાયર કેસેટોની ચોરી કરનાર મોબાઈલ ટાવર કંપનીના પુર્વ કર્મચારીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી તેની પાસેથી ચોરીના પાંચ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

શહેરના અટલાદરા ગાર્ડન પાસે, તરસાલી રાજીવનગર, મકરપુરા એરફોર્સ રોડ, આજવારોડ રાત્રિ બજાર પાસે તેમજ સનફાર્મા રોડ પર શ્રી હરિ બંગ્લોઝ પાસેથી મોબાઈલ ટાવરોના ૧.૮૦ લાખની કિંમતના રેક્ટીફાયર કેસેટોની ચોરી થતાં તેની અટલાદરા, મકરપુરા, બાપોદ, જેપી રોડ અને કપુરાઈ પોલીસ મથકોમાં ફરિયાદો નોંધાઈ છે. આ ચોરીના બનાવની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચ પણ





જોડાઈ હતી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે માંજલપુર વિસ્તારમાંથી ઓલા મોપેડ પર ફુટરેસ્ટ પાસે બે વજનદાર થેલા લઈને જઈ રહેલાં પ્રકાશ પ્રેમસીંગ રાજપુત (સુર્યદર્શન ટાઉનશીપ, માંજલપુર)ની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી હતી.

પોલીસે તેના થેલામાંથી મોબાઈલ ટાવરોમાં લગાડવામાં આવતા રેક્ટીફાયર કેસેટ મોડ્યુલ સહિતની મળી આવતા પોલીસે તેની અટકાયત કરી હતી. પ્રાથમિક પુછપરછમાં તેણે ઉક્ત પાંચેય ગુનાની કબુલાત કરતા તેની ધરપકડ કરાઈ હતી. પોલીસે તેની પાસેથી રેક્ટીફાયર કેસેટો તેના છુટા પાડેલા મોડ્યુલર, એક મોપેડ અને હથોડી સહિત ૨.૯૦ લાખથી વધુની મત્તા કબજે કરી હતી. મોબાઈલ ટાવરની કંપનીમાં વડોદરામાં ત્રણ અને અમદાવાદમાં ત્રણ વર્ષ કામ કરેલું હોઈ તેને મોબાઈલ ટાવરો અંગેની માહિતી હતી. જોકે છ માસ અગાઉ તેણે નોકરી છોડી છુટક મજુરી શરૂ કરી હતી પરંતુ નાણાંની જરૂર ઉભી થતાં તેણે રેક્ટીફાયર કેસેટોની ચોરીની શરૂઆત કરી હતી. મોબાઈલ ટાવરની ૧૫ કિલોની રેક્ટીફાયર કેસેટોને વેંચી દેતા તેના એકથી બે હજાર મળશે તેવી ખબર હોઈ ચોરીઓ કરી હતી.

## વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર તરીકે વિવેક ગુપ્તાની નિયુક્તિ


વડોદરા, તા.૧૩

વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર તરીકે વિવેક ગુપ્તાની નિયુકતી કરવામાં આવી છે,ભારતીય રેલવે સેવા ઈજનેરના ૧૯૮૮ની બેચના વરિષ્ઠ અધિકારી વિવેક કુમાર ગુપ્તાએ શુક્રવાર ૧૧મી જુલાઈના રોજ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર તરીકે કાર્યભાર સંભાળી લીધો છે, પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર બન્યા તે પહેલા ગુપ્તા નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજીંગ ડીરેકટર તરીકે કાર્યરત હતા.જે સંસ્થાને ભારત સરકારે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેકટની જવાબદારી સોંપી હતી.ગુપ્તાએ રેલવે મંત્રાલયમાં રેલવે બોર્ડમાં મુખ્ય કાર્યકારી નિયામક ગતિ-શક્તિ તરીકે સેવા આપેલી છે.જયાં તેઓ સાત વિભાગોના સંકલીત કાર્યો માટે જવાબદાર હતા.તેમણે રેલવેના વિવિધ વિભાગોનો ખાસો અનુભવ છે જે તેમને કાર્યકાળમાં કામ લાગશે.

## સંક્ષિપ્ત સમાચાર

### નોટબુક તેમજ ચોપડા અને સ્ટેશનરીઓનું વિતરણ

નિત્યસિદ્ધિ એજ્યુકેશન ટ્રસ્ટ મદન જાપા રોડ છેલ્લા પાંચ વર્ષથી વડોદરા શહેરની આસપાસની પછાત વિસ્તારોમાં આવેલી કોયલી, ધનોરા, દલપત નગર, છાણી છાયા પૂરી, નારાયણ નગર, ફાજલપુર, સમયાલા, શેરખી, ફિરોદ નગર નિઝામપુરા પ્રાથમિક શાળા, સરસ્વતી અને દુધિયા પ્રાથમિક શાળા મહેમદાબાદ, નસવાડી પ્રાથમિક શાળા છોટા ઉદેપુર જેવા વિભિન્ન શાળાઓમાં ભણતા જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિશુલ્ક નોટબુક તેમજ ચોપડા અને સ્ટેશનરીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આશરે પાંચ હજારથી સાત હજાર ચોપડાઓનું અને સ્ટેશનરીનું વિતરણ દર વર્ષે ટ્રસ્ટ તરફથી કરવામાં આવે છે.



### જૈન પ્રગતિ સેન્ટર દ્વારા વિશ્વશાંતિ માટે સિદ્ધચક્ર મહાપૂજા

વડોદરાઃ જૈન પ્રગતિ સેન્ટર દ્વારા વિશ્વ શાંતિ માટે આચાર્ય ધર્મ ધુરંધરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સિધ્ધચક્ર મહાપૂજનનુ આત્મીય ધામ માંજલપુર ખાતે સામૂહિક આયોજન કરવામા આવ્યુ હતું. આજે વિશ્વ આખામાં અશાંતિ અને અજંપા ભરી પરિસ્થિતિ છે. ત્યારે જૈન પ્રગતિ સેન્ટર દ્વારા વિશ્વ કલ્યાણ અર્થે જૈનોના તિરમોર ગણાય તેવા સિદ્ધચક મહાપૂજનનું આયોજન આજે આત્મીય ધામ હોલ, માંજલપુર ખાતે કરવામાં આવ્યું હતું તેમ જૈન પ્રગતિ સેન્ટરના પ્રમુખ હાર્દિક ગાંધીએ જણાવ્યું હતું. આજે ૧૦૦ જેટલા ભાવિકો સિદ્ધચકનું યંત્ર લઈને શાસ્રોત વિધિપૂર્વકનું પૂજન કર્યું હતું.



### નકલી નોટના કેસમાં આરોપી ઝાલોદ સબજેલમાં બંધ હતો

# ઝાલોદ સબજેલમાં કેદીનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર

### મૃતકના પરિવારજનોએ ઊંડાણપૂર્વક તપાસ કરાવવા માટે તંત્ર સમક્ષ ઉગ્ર માગ કરી

ઝાલોદ, તા.૧૩

ઝાલોદ સબજેલમાં નકલી નોટના પ્રકરણમાં જેલમાં બંધ એક કેદીનો ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઝાલોદ તાલુકાના થેરકા ગામના રહેવાસી સુખલાલ સંગાડાનો મૃતદેહ જેલમાંથી મળી આવતા પોલીસ વિભાગ અને સ્થાનિક તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સુખલાલ સંગાડા નકલી નોટના કેસમાં ઝાલોદ સબજેલમાં બંધ હતો. આ અચાનક બનેલી ઘટનાને કારણે તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. પરિવારજનોએ આ ઘટના



પાછળનું કારણ જાણવા અને તેની ઊંડાણપૂર્વક તપાસ કરાવવા માટે તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, ઝાલોદ પોલીસ વિભાગ દ્વારા તાત્કાલિક કડક



પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. કેદીના મોતના ચોક્કસ કારણો જાણવા માટે સઘન તપાસ ચાલી રહી છે. આ બનાવ આત્મહત્યા છે કે અન્ય કોઈ પરિબળ જવાબદાર છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. અને તેઓ ન્યાયી તપાસની અપેક્ષા રાખી રહ્યા છે. ઝાલોદ સબ જેલ મા બંધ કાચા કામના કેદી સુખલાલ સંગાડાની રાજસ્થાનના આનંદ પુરી ના નકલી નોટના કેસમા મોતના આગલા દિવસે જામીન અરજી મુકવા માટે પત્ની અને પુત્ર મળવા ગયા ત્યારે વાત ચીત થઈ હતી. બીજા દિવસે આકસ્મિક મોતનો બનાવ સામે આવતા પરિવાર જનો મા આક્રોશ જોવા મળ્યો હતો.

### રળિયાતીમાં નવી વસાહત ખાતે જુગાર રમતાં ૯ ઝડપાયા

દાહોદ, તા.૧૩

દાહોદ શહેરના રળીયાતી વિસ્તારમાં નવી વસાહત ખાતે પાના પત્તા વડે પૈસાથી હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીમાં પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા ધર્મેશભાઈ સુરેશભાઈ ભોઈ, હરીશકુમાર બાબુલાલ ભોઈ, કીશોરભાઈ અમૃતલાલ ભોઈ, રાજુભાઈ ઝીવરાભાઈ મોરી અને આમીરખાન અબ્દુલરહેમત પઠાણનાઓને પોલીસે ઝડપી પાડી દાવ પરથી તેમજ ઝડપાયેલ ઉપરોક્ત જુગારીઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૨,૪૮૦ની રોકડ રકમ કબજે કરી આ સંબંધે દાહોદ એ ડિવીઝન પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હાટ બજારમાં ૫૦થી ૬૦% ગ્રાહકો ઓછા આવ્યા

# બોડેલીની આસપાસનાં બે બ્રિજ બંધ થતાં હાટ બજારમાં અસર : ગ્રાહકો-વેપારીઓને મુશ્કેલી

### ગ્રાહકોને તો શોધવા પડે એ રીતનું વાતાવરણ જોવા મળ્યું

બોડેલી, તા.૧૩

છોટાઉદેપુર જિલ્લામાં જર્જરીત બ્રિજોને લઈ હાલ બોડેલીના ઓરસંગ બ્રિજ તથા મેરીયા બ્રિજ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યું છે જેને લઈ બોડેલી ખાતે દર રવિવારે એ.પી.એમ.સી ના મેદાનમાં જે હાટ બજાર ભરવામાં આવે છે તેમાં સીધે સીધી અસર જોવા મળી રવિવારી હાટ બજારમા દર વખતે જાણે કીડિયારુ ઉભરાતું જોવા મળે છે આજરોજ એકલા વેપારીઓ જ નજરે ચડતા હતા અને ગ્રાહકોને તો શોધવા પડે એ રીતનું વાતાવરણ જોવા મળ્યું હતું જ્યારે હાટ બજારને લઈ વેપારીઓ શાકભાજી જેવું સામાન વધુ પડતું



લાવવાથી લાગે છે કે તેમને રડવાનો વારો આવશે કેમકે પરિસ્થિતિ જોતા એવું લાગતું હતું કે તેમની શાકભાજી વેચાય એમ ન હતું ત્યાં ગ્રાહકીમાં લગભગ ૫૦ થી ૬૦ ટકા જેટલી ગ્રાહકી ઓછી જોવા મળી હતી ફક્ત અને ફક્ત બોડેલી નગરજનો જ જોવા મળ્યા હતા . આસપાસના ગામડાના લોકો રવિવારી હાટ બજારમાં આવ્યા ન હતા જેથી કરીને વેપારીઓને રડવાનો વારો આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ ઉર્દૂ શાળાના આચાર્યની બદલી થતાં વિદાય સમારોહ યોજાયો



કાલોલ : આજરોજ કાલોલ મુસ્લિમ સમાજ દ્વારા બપોરના બે કલાકે કાલોલ રબ્બાની મસ્જીદના પટાંગણમા કાલોલ પ્રાથમિક ઉર્દૂ શાળાના આચાર્ય હારૂન ફિરોઝ સમોલ ની ગોધરા ખાતે બદલી થતાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો તેમ જ નવા આવેલા ચાર વિધાસહાયકો નો સ્વાગત સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં કાલોલ મુસ્લીમ ઘાંચી પંચના પ્રમુખ હાજી રજાકભાઈ જાડા, હાજી ફારૂકભાઈ ગોરા, કાલોલ નગરપાલિકાના સભ્ય સલામભાઈ કોશીયા અને અબ્દુલ સલામ કાનોડીયા સહિત મુસ્લિમ સમાજના આલીમો અને હાફિઝો સાથે કાલોલ ઉર્દૂ શાળાનો સ્ટાફ, રબ્બાની મસ્જીદના ટ્રસ્ટીઓ સાથે નગરના મુસ્લિમ બિરાદરો હાજર રહ્યા હતા. વિદાય લઈ રહેલા હારૂન ફિરોઝ સમોલ ની સેવાઓને બિરદાવી તેઓને પુષ્પગુચ્છ અને ફૂલોનો હાર પહેરાવી સન્માન કરી તેઓની કારકિર્દી ઉજવળ બને તેવી શુભેચ્છા પાઠવી વિદાય લઈ રહેલા આચાર્ય ની કામગીરી બિરદાવી હતી અને નવા આવેલા ચાર વિધાસહાયકોન ને શુભેચ્છા પાઠવી હતી જ્યાં વિદાય લઈ રહેલા ઉર્દૂ શાળાના આચાર્ય હારૂન સમોલ એ કેટલાક વર્ષોથી કાલોલ ઉર્દૂ શાળામાં શિક્ષક અને ત્યારબાદ આચાર્ય તરીકે ફરજ બજાવી પોતાના ફરજ દરમિયાન ના સંસ્મરણો વાગોળ્યા હતા.

### છોટાઉદેપુર જિલ્લામાં ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી



બોડેલી : છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદના કારણે માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના માર્ગો ક્ષતિગ્રસ્ત થયા હતા. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા યુદ્ધના ધોરણે ભારે વરસાદના કારણે માર્ગો પર પડેલા ખાડાના સમારકામની ઝડપી અને કાર્યક્ષમ કામગીરી હાથ ધરવામાં આવી છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વડદલા, ટીંબી અને ગેહરપુરા માર્ગ તથા સંખેડા માકણી રોડ પર વરસાદને લીધે પડેલા ખાડાઓ પૂરી માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા રોડ પુનઃ કાર્યરત કરવામાં આવ્યા હતા. અંદાજે ૧૫ મજૂરો, ૩ ટ્રેક્ટરો દ્વારા ક્ષતિગ્રસ્ત માર્ગો પરના ખાડાઓ સિમેન્ટ કોંક્રીટના પેચવર્ક કરી વાહનવ્યવહાર માટે સુગમ બનાવવા આવ્યા હતાં. જિલ્લામાં ભારે વરસાદના કારણે માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના માર્ગો ક્ષતિગ્રસ્ત થયા હતા. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ દ્વારા યુદ્ધના ધોરણે ભારે વરસાદના કારણે માર્ગો પર પડેલા ખાડાના સમારકામની ઝડપી અને કાર્યક્ષમ કામગીરી હાથ ધરવામાં આવી છે.

### ટૂ લેન રોડ બનાવ્યો પણ ઈલેક્ટ્રિક પોલ હટાવાનું ભૂલ્યા : અકસ્માતની દહેશત



લીમખેડા : લીમખેડા માર્કેટયાર્ડ થી ચોપાટપાલ્લી, મોટામાળ અને ગોરીયા તરફ જતો રોડ થોડા સમય પેલા સિંગલ પટ્ટી રોડ માંથી ટૂ લેન રોડ બનાવ્યો જેમાં રોડના કામ માં પણ ગોલમાલ તેમજ મોટા હાથીધરા ગામે રોડની વચ્ચે ઈલેક્ટ્રિક પોલ કાડવાનું ભૂલી ને લોકોને મોત માટે આમંત્રણ આપ્યું હોય અમે લાગે છે સિંગલ પટ્ટી માંથી ટુલેન રોડ કર્યો તે દરમિયાન સિંગલ પટ્ટી રોડ ઉપર જ માટી મેટલ અને ડામર પાથરીને ટૂ લેન રોડ બનાવી દીધો અને કોઈ પણ લેવલ કર્યા વગર ફક્ત મેટલ પાથરી દીધી અને રોડની વચ્ચોવચ ઉભેલ ઈલેક્ટ્રીક પોલ પણ લોકોના મોત માટે ઉભો રાખી મૂક્યોઆ ઈલેક્ટ્રીક લાઈન પણ ચાલુ છે તેમજ આજુબાજુ રહેણાંક વિસ્તાર પણ છે અને દૂરથી આવતા વાહનને આ ઈલેક્ટ્રિક પોલ જોઈ શકાય તેવી પરિસ્થિતિમાં પણ નથી ઈલેક્ટ્રિક પોલ ઉપર કોઈપણ પ્રકારના રિફ્લેક્શન લાઈટો જે રાત્રે દરમિયાન જોવાય તે લગાવવામાં આવેલ નથી કે કોઈપણ સાંકેતિક ચિન્હ પણ લગાવેલ નથી જો કોઈ અજાણ્યો વાહન ચાલક ડબલ લેન રોડ હોવાથી પૂરપાટ ઝડપે આવે તો આ પોલ સાથે અથડાઈને એક્સિડન્ટ થવાના સો ટકા ચાન્સીસ છે.

### લોકશાહીના પાયાના ગુણ વિકસે તે માટે

# બોડેલી ખાતે કન્યા શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજવામાં આવી

### ઉમેદવારોને એક દિવસ પ્રચાર માટે અપાયો

બોડેલી, તા.૧૩

શાળાની વિદ્યાર્થીનીઓમાં ભારતીય લોકશાહીના પાયાના ગુણ વિકસે અને ચૂંટણી પ્રક્રિયામાં કેવી રીતે ભાગ લેવાય છે અને ચૂંટણી પ્રક્રિયા કેવી હોય છે તેનાથી વિદ્યાર્થીનીઓ વાકેફ થાય તે હેતુસર બોડેલી કન્યાશાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ. ઉમેદવારોને એક દિવસ પ્રચાર પ્રસાર માટેનો સમય આપવામાં આવેલ હતો જેમાં તેઓએ પોતાની રીતે પોતાને મત આપવા માટે દરેક વર્ગમાં જઈને પ્રચાર પ્રસાર કર્યો હતો. બીજે દિવસે શનિવારે તારીખ ૧૨.૦૭.૨૦૨૫ ના રોજ જેમ પંચાયતોની ચૂંટણી ઈવીએમ મારફત થાય તેવી જ રીતે ઈલેક્શન બુથનું નિર્માણ શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. ખરેખર ઈલેક્શન બુથમાં ઈવીએમ મશીન જે રીતે કામ કરે એ મુજબ જ પ્રિસાઈડિંગ દ્વારા એક મોબાઈલ દ્વારા બેલેટ આપવાનું કામ અને મતદાન કુટીરમાં વોટીંગ મશીન તરીકે બીજા મોબાઈલનું સેટ અપ કરવામાં આવ્યું હતું. જે મુજબ પ્રિસાઈડિંગ ઓફિસર બેલેટ આપતા હતા અને શાળાની વિદ્યાર્થીનીઓ મતદાન કુટીરમાં જઈને વોટ આપતા હતા. મતદાન પૂરું થતાં ઉમેદવારોની હાજરીમાં બેલેટ યુનિટ દ્વારા મત ગણતરી કરવામાં આવી પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં ૧૦ ઉમેદવાર પૈકી ધોરણ આઠ ની ઉમેદવાર દિમી ગોપાલભાઈ બારીયાને વિજેતા જાહેર કરવામાં આવી.ત્યાર બાદ વિજેતા ઉમેદવારને હાર પહેરાવી શાળાની મહામંત્રી તરીકેની કયા કયા કામો કરવાના છે અને કઈ કઈ જવાબદારીઓ નિભાવવાની છે એ શાળાના આચાર્ય દ્વારા સમજાવવામાં આવી હતી.

### ચૈડીયા ગ્રામ પંચાયતની ઉદાસીનતાનો ભોગ એક ગરીબ પરિવાર બન્યો

# આવાસ યોજનાનો લાભ નહીં મળતાં બિલવાળ પરિવાર ૧૫ વર્ષથી ઝુંપડામાં રહેવા મજબૂર

### હાલ ચોમાસામાં વરસાદના પાણીથી જીવનજરૂરિયાતની વસ્તુઓ પલળી જાય છે

લીમખેડા, તા.૧૩

લીમખેડા તાલુકાના ચૈડીયા ગામના થાટા ફળિયામાં રહેતા બાબુભાઈ બિલવાળ અને તેમના પરિવારની કરુણ સ્થિતિ હૃદયને હચમચાવી મૂકે તેવી છે. ૮ થી ૧૦ સભ્યોના આ પરિવારમાં બાબુભાઈ, તેમની પત્ની, ત્રણ પુત્રીઓ,બે પુત્રો, પુત્રવધુઓ અને નાના બાળકોનો સમાવેશ થાય છે. તાજેતરમાં થોડા દિવસો પૂર્વે આવેલા એક વિનાશકારી વાવાઝોડાએ આ ઝુંપડાને સંપૂર્ણપણે ધ્વસ્ત કરી નાખ્યું હતું. બાબુભાઈના પરિવારે પોતાની મર્યાદિત બચતમાંથી જેસીબી બોલાવી જમીન સમતલ કરી અને ઉપલબ્ધ લાકડાઓનો ઉપયોગ કરીને ફરીથી એક નાનું અને નાજુક



ઝુંપડું ઊભું કર્યું. પરંતુ આ ઝુંપડું એટલું નબળું છે કે ચોમાસામાં વરસાદનું પાણી ઘૂસી જાય છે. વરસાદના પાણીથી જીવન જરૂરિયાતની વસ્તુઓ પલળી જાય છે અને ભારે નુકસાન થાય છે. દિવાલોનો અભાવ આ ગરીબ પરિવારને આખી રાત ઉજાગરા કરવા મજબૂર કરે છે. વધુ ખરાબ એ છે કે ઝેરી સાપ અને જંતુઓ ઝુંપડામાં ઘૂસી જાય છે જેના કારણે બાળકો સહિત આખા પરિવારનું જીવન સતત જોખમમાં રહે છે. બાબુભાઈ બિલવાળે છેલ્લા ૧૫ વર્ષથી ચૈડીયા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને સરપંચને વારંવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પાકુ મકાન મેળવવા રજૂઆતો કરી છે. પરંતુ દરેક વખતે તેમને જવાબદારોના ઉડાઉ જવાબો અને ઠાલા વચનો જ મળ્યા છે. સ્થાનિક લોકોના આક્ષેપ છે કે, ગ્રામ પંચાયતનજીકના લોકોને જ આવાસની ફાળવણી કરે છે. જ્યારે બાબુભાઈ જેવા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને અવગણવામાં આવે છે. એટલું જ નહીં, ગ્રામ પંચાયતમાં ફાળવવામાં આવતી લાખો રૂપિયાની સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ થઈ રહ્યો હોવાની હકીકતો પણ બહાર આવી છે. વરસાદના પાણીથી જીવન જરૂરિયાતની વસ્તુઓ પલળી જાય છે અને ભારે નુકસાન થાય છે.

### સંખેડા-ભાટપુર-વાસણા રોડ પર ભારે કોમર્શિયલ વાહનો પર પ્રતિબંધનું જાહેરનામું

# સંખેડા બહાદરપુર ઓરસંગ નદીનો બ્રિજ ભારે વાહનો માટે બંધ કરાયો

### કચેરીના સ્ટાફ દ્વારા ઓરસંગ બ્રિજની સંયુક્ત સ્થળમુલાકાત કરવામાં આવી

બોડેલી, તા.૧૩

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના પ્રતિનિધિ તથા કન્સલ્ટન્ટ મે.પંકજ એમ. પટેલ તેમજ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ, છોટાઉદેપુરની કચેરીના સ્ટાફ દ્વારા ઓરસંગ બ્રિજની સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. આ બ્રિજ અંદાજે ૫૧ વર્ષ જુનો અને બેલેન્સડ કેન્ટીલીવર આર્ચ ટાઈપનો છે. ઓરસંગ બ્રિજના ૧૩ ગાળા (એક ગાળાની લંબાઈ-૩૬.૫૮ મીટર છે) આમ કુલ-૪૭૫.૫૪ મીટર લંબાઈનો



બ્રિજ છે.આ બ્રિજનું ફાઉન્ડેશન વેલ ફાઉન્ડેશન પ્રકારનું છે. છેલ્લા ઘણા વર્ષોથી ઓરસંગ બ્રિજની આજુબાજુ થી રેતી ખનન થવાના કારણે આ બ્રિજના વેલ ફાઉન્ડેશન અંદાજે ૨૪ ફુટ ખુલ્લા થઈ ગયા છે . કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, છોટાઉદેપુરની કચેરી દ્વારા વેલ ફાઉન્ડેશન ધોવાણથી ગેબિયન વોલ પિચિંગની કામગીરી કરવામાં આવેલ છે. પરંતુ ઉપરવાસમાં વર્ષ-૨૦૨૪ અને જુન-૨૦૨૫ દરમિયાન થયેલ ભારે વરસાદના કારણે નદીના પાણીની આવકના કારણે ગેબિયન વોલ પિચિંગનું ધોવાણ થયેલ છે. વર્તુળના પ્રતિનિધિ તેમજ કન્સલ્ટન્ટના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં ભારે વરસાદના સમયે આ વેલ ફાઉન્ડેશન સેટલમેન્ટ થવાની સંભાવના રહેલ છે. તથા ચાલુ ટ્રાફિક હોવાના કારણે જાનહાની થવાની શક્યાતાઓ રહેલ છે. જેથી પુલ પર ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હિલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની તેઓએ ભલામણ કરેલ છે.

### છોટાઉદેપુર વન વિભાગ દ્વારા

# પીપલેજ ગામે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ડ્રોન દ્વારા બીજ વાવેતર

### મુશ્કેલ હોય એવા જંગલ વિસ્તારમાં વાવેતર

બોડેલી, તા.૧૩

આજરોજ વન વિભાગ છોટાઉદેપુર દ્વારા છોટાઉદેપુર રેન્જ ના પીપલેજ ગામે ૨૦ હેક્ટર માં આધુનિક ટેકોનોલોજી નો ઉપયોગ કરી ડ્રોન દ્વારા બીજ વાવેતર કરવાવા માં આવ્યા. જ્યાં વાવેતર કરવું મુશ્કેલ હોય એવા જંગલ વિસ્તાર માં સાંસદ જશુભાઈ રાઠવાતથા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન રાઠવા,ભાજપ મહામંત્રી મુકેશભાઈ પટેલ ના હસ્તે પીપલેજ ગામમાં બીજા નાખવા ની શરૂઆત કરવા માં આવી .જેમાં રસિક ભાઈ રાઠવા છોટાઉદેપુર તાલુકા ભાજપા પ્રમુખ. સરપંચ રમેશભાઈ રાઠવા . કિશોરભાઈ રાઠવા, કાળુભાઈ, સંગ્રામસિંહ રાઠવા અને કૃષ્ઠક આર.બી, સોલંકી



અને ઈર્ક નિરંજન રાઠવા . વિ.ડી રાઠવા અને વનપાલ . વનરક્ષક વગેરે હાજર રહ્યા અને એક પેડ માં કે નામ વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

વન વિભાગ છોટાઉદેપુર દ્વારા છોટાઉદેપુર રેન્જ ના પીપલેજ ગામે ૨૦ હેક્ટર માં આધુનિક ટેકોનોલોજી નો ઉપયોગ કરી ડ્રોન દ્વારા બીજ વાવેતર કરવાવા માં આવ્યા. જ્યાં વાવેતર કરવું મુશ્કેલ હોય એવા જંગલ વિસ્તાર માં વાવેતર કરવામાં આવ્યું હતું.

### પંચમહાલ જિલ્લાતંત્ર દ્વારા

# મેસરી નદી સહિત જિલ્લાના તમામ પુલની તાત્કાલિક સમીક્ષા કરાઈ

### નિરીક્ષણમાં કોઈ ક્ષતિ ન હોવાનું જણાયું

ગોધરા, તા.૧૩

ગોધરાની મેસરી નદીના પુલનુ અધિક કલેક્ટર સહિતના અધિકારીઓનીટીમ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રએ જિલ્લાના તમામ પુલોની સમીક્ષા શરૂ કરવામાં આવી છે. ગોધરામાં પસાર થતી મેસરી નદીના સિવિલ પાસેના પુલની અધિક કલેક્ટરના નિરીક્ષણમાં કોઈ ક્ષતિ નથી હોવાનું જણાયું હતું. બ્રિજ પરના માર્ગ પર પડેલા ખાડા પુરવા માટે પાલિકાને સૂચના આપી હતી.

વડોદરાના મુજપુર પાસે ગંભીરા પુલ તુટી જવાની ગંભીર ઘટનાને ધ્યાનમાં લેઈ પંચમહાલ વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ પુલોની તાત્કાલિક સમીક્ષા શરૂ કરાઈ છે. પંચમહાલ જિલ્લા અધિક નિવાસી કલેક્ટર જે જે પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિવિધ પુલોની સ્થળ તપાસ હાથ ધરી હતી.

કલેક્ટર દ્વારા જિલ્લા વ્યવસ્થાપનને દિશા આપતી રીતે જિલ્લાની તમામ નગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ અને નેશનલ હાઈવે ઓથોરિટીને પણ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ તાત્કાલિક હકીકત આધારિત અહેવાલો તૈયાર કરી રજૂ કરે.

સૂચના અનુસાર સમગ્ર જિલ્લામાં પુલોની તકેદારીભરી તપાસ શરૂ કરાઈ છે. આ તમામ પગલાઓનો મુખ્ય હેતુ છે ભવિષ્યમાં આવું કોઈ દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય અને પ્રજાની સુરક્ષા માટે પુલોની હાલત સતત ચકાસવામાં આવે તથા શક્ય તેટલી વહેલી તકે જર્જરિત પુલોનું પુનઃનિર્માણ અથવા મરામત કામગીરી હાથ ધરવામાં આવે.

### કેવી રીતે ભણશે ગુજરાતઃ નસવાડી તાલુકાના ૪ ગામોમાં પ્રાથમિક શાળાનાં મકાન જ નથી

# નસવાડી તાલુકામાં ૨૯૪ શિક્ષકોની જગ્યા ખાલી જ્યારે ૯ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો જ નથી

### લોકો શિક્ષકોની ભરતી માટે અનેકવાર આવેદનપત્રો અને રજૂઆત કરી ચૂક્યા છે

નસવાડી, તા.૧૩

નસવાડી તાલુકાની ૨૪૭ પ્રાથમિક શાળાઓમાં છેલ્લા એક વર્ષ ઉપરાંત સમય થી ૨૯૪ શિક્ષકોની જગ્યા ખાલી જયારે ૯ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો જ નથી સરકાર આદિવાસી વિસ્તાર માં આવેલી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો ની ભરતી ના કરતા આદિવાસી બાળકો શિક્ષણ થી વંચિત આદિવાસી બાળકો ને અભણ રાખવાનો સરકારનો પ્રયાસ

નસવાડી તાલુકો ૮૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે અને ગરીબી નું પ્રમાણ વધારે હોવાથી આદિવાસી સમાજ ના બાળકો વિનામૂલ્યે મળતું પ્રાથમિક શાળા નું શિક્ષણ ગામની શાળા માં મેળવે છે નસવાડી તાલુકામાં ૨૪૭ પ્રાથમિક શાળાઓ આવેલી છે જેમાં મંજુર મહેકમ ૭૩૦ શિક્ષકોનું છે પરંતુ છેલ્લા એક વર્ષ ઉપરાંત સમય થી ૨૯૪ શિક્ષકોની ઘટ છે ગતવર્ષે શિક્ષકો ની ઘટ માં આખું વર્ષ બાળકો પ્રાથમિક શાળા ના શિક્ષણ થી વંચિત રહ્યા હતા જયારે આદિવાસી વિસ્તાર ના વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળા માં ભણતા હોય અને ત્યાં શિક્ષકો ની ઘટ હોવાના કારણે બાળકો ને હાજર શિક્ષકો ભણાવી શકતા નથી નવું સત્ર નો પ્રારંભ થઈ ગયો છે ત્યારે સરકાર આદિવાસી વિસ્તાર માં શિક્ષકો ની નિમણુંક કરતી નથી જયારે આદિવાસી વિસ્તાર ના લોકો એ શિક્ષકો ની ભરતી માટે અનેક વાર આવેદન પત્રો અને રજુઆત કરી ચુક્યા છે પરંતુ સરકાર ના અધિકારીઓ આદિવાસી વિસ્તાર ના લોકો નો મૂળભૂત અધિકારી શિક્ષણ વીજળી અને પાણી આપવાની ફરજ છે ત્યારે શાળાઓના મકાન જર્જરિત શાળાઓમાં શિક્ષકો ની જગ્યા ખાલી બાળકો ને રમવા માટેના મેદાનો નથી જેના કારણે આદિવાસી બાળકો નો અભ્યાસ બગડતા શિક્ષણ માં કાચા રહી જાય છે અને તેઓ પાસે ખાનગી શાળા માં ભણાવવા માટે કોઈ સુવિધા નથી જેના કારણે શિક્ષણ નું સ્તર દિવસે દિવસે નીચું જઈ રહ્યું છે અગાઉ બે વર્ષ પહેલા ગાંધીનગર થી આવેલા પ્રવેશ મહોત્સવ માં એક સચિવે ગંભીર નોંધ લખી હતી અને આદિવાસી વિસ્તાર માં શિક્ષણ સડેલું છે તેના ઉપર થી પણ સરકાર બોધપાઠ ના લીધો અને આજે પણ શિક્ષકો ની જગ્યા ભરવામાં આવતી નથી જયારે નસવાડી તાલુકાના ચાર ગામોમાં પ્રાથમિક શાળાના મકાન જ નથી આદિવાસી વિસ્તાર માં શાળાઓ ચાલે છે પરંતુ લોકો ના ઘરો માં ચાલે છે આવી રીતના બાળકો કેવી રીતના શિક્ષણ મેળવશે તે તો જોવાનું રહ્યું સરકાર કરોડો રૂપિયા ટેક્સ વસુલે છે પરંતુ પ્રજાને સુવિધા આપતી નથી તેનો આ વરવો નમૂનો છે

### એશિયાની સૌથી મોટી હોસ્પિટલના સુપરિટેન્ડન્ટે અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપ્યું

# અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડન્ટ મંદિર હટાવવા ભૂવા પાસે દાણા જોવા બેઠાં?

### મંદિરને કેમ્પસમાંથી હટાવવું કે નહીં તે અંગે ચર્ચા કરવા ગયા અને ભૂવા પાસે દાણા જોવા બેસી ગયા



અમદાવાદ, તા. ૧૩

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ તરીકે ઓળખાતી અમદાવાદની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર અંધશ્રદ્ધાની ઘટનાને કારણે ચર્ચામાં આવી છે. હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી દ્વારા વર્ષો જૂના મંદિરને હટાવવા માટે ભુવાની મદદ લેવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે જેમાં ડૉ. જોશી મંદિર હટાવવા માટે માતાજીની રજા લેવા ભુવા પાસે ગયા હોવાનું જણાય છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ષો જૂના ખોડીયાર માતાના મંદિરને ખસેડવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. સિવિલના સુપ્રિટેડન્ટ રાકેશ જોષી સવારે ૯ વાગ્યે માતાજીની રજા લેવા માટે પહોંચ્યા હતા જેમાં માતાજી દ્વારા મંદિર હટાવવાની મંજૂરી આપવામાં આવી નહતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં નવા બિલ્ડિંગ બનાવવા માટેની કામગીરી ચાલી રહી છે. જેમાં જૂની બિલ્ડિંગ તોડીને નવી બિલ્ડિંગ તૈયાર કરાશે, પરંતુ હોસ્પિટલ કેમ્પસમાં આવેલું મંદિરને ખસેડવું પડી શકે તેમ છે. જેનો વિરોધ સ્થાનિક લોકો કરી રહ્યા છે. આ દરમિયાન એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં સિવિલ હોસ્પિટલના સુપ્રિટન્ડેન્ટ ડૉક્ટર રાકેશ જોશી આ મંદિરને ખસેડવા અંગે પૂજારી પાસે માતાજીની રજા લેવા માટે દાણા જોવડાવ્યા હતા. જોકે, મંદિરના પૂજારીએ ધૂણતા-ધૂણતા ના પાડી દીધી હતી.અધિકારીઓ પોતાની વાહવાહી કરાવવા માટે ક્યારેક ના કરવાના કામો પણ કરતા હોય છે. તેવી રીતે જ પોતાને મહાન બનાવવાની ઘેલછામાં સિવિલ સુપ્રિટેડન્ટ મંદિર ખસેડવાની યોજના બનાવી રહ્યા છે. અંગ્રેજો કે જૂના અધિકારીઓ પણ મંદિર ખસેડી શક્યા નથી તે મંદિર હાલના સુપ્રિટેડન્ટ ખસેડવા માંગે છે.સિવિલ હોસ્પિટલ બની તે પહેલા જ આ મંદિર બન્યું હતું અને તેને ખસેડીને પોતાના આકાઓને ખુશ કરવાની ઘેલછામાં ના કરવાની પ્રવૃતિ કરી રહ્યાં છે.મહત્ત્વપૂર્ણ છે કે થોડા સમય પહેલા પણ અમદાવાદની સિવિલ હોસ્પિટલનાં ૪ે વોર્ડમાં સારવાર લેતા દર્દી પાસે પહોંચી એક ભૂવાનો વિધિ કરતો વીડિયો વાયરલ થયો હતો. તે બાદ સિવિલ હોસ્પિટલની સુરક્ષા સામે પણ સવાલ ઉભા થયા હતા. હવે ખુદ સિવિલ સુપ્રિટેડન્ટ જ મંદિર ખસેડવા માટે ભૂવા પાસે પહોંચતા હોય તે કેટલું યોગ્ય છે.

### વિમાન ઉડાન ભરતાની સાથે જ સંતુલન ગુમાવી બેઠું હતુંઃ વિશ્વાસ રમેશ

# અમદાવાદ પ્લેન ક્રેશનો એકમાત્ર જીવિત વ્યક્તિ વિશ્વાસ કુમાર રમેશ મનોચિકિત્સકના શરણે

અમદાવાદ, તા. ૧૩

દુનિયાના ઘણા લોકો વિશ્વાસ કુમાર રમેશને સૌથી ભાગ્યશાળી વ્યક્તિ માને છે. તેઓ ૧૨ જૂનના રોજ એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા એકમાત્ર મુસાફર છે. પરંતુ વિશ્વાસ કુમાર રમેશ માટે આ પરિસ્થિતિને ભૂલીને બહાર નીકળવું ખૂબ જ મુશ્કેલ બની રહ્યું છે. આજતકમાં છપાયેલા અહેવાલ પ્રમાણે, વિશ્વાસ કુમાર રમેશના પિતરાઈ ભાઈએ જણાવ્યું કે, વિશ્વાસ હવે આ આઘાતમાંથી બહાર નીકળવા માટે મનોચિકિત્સકની મદદ લઈ રહ્યા છે.વિશ્વાસના પિતરાઈ ભાઈ સનીએ કહ્યું કે, 'દુર્ઘટના સ્થળનું દ્રશ્ય તેમના બચી જવાની યાદો અને ભાઈના મૃત્યુનો આઘાત હજુ પણ વિશ્વાસને ડરાવે છે. વિદેશમાં રહેતા અમારા ઘણા સંબંધીઓ પણ ઘણીવાર ફોન કરીને વિશ્વાસ વિશે પૂછે છે. પરંતુ તે કોઈની સાથે વાત કરતો નથી. તે હજુ પણ આ અકસ્માત અને ભાઈના મૃત્યુમાંથી માનસિક રીતે સ્વસ્થ થઈ શક્યો નથી. તેમણે વધુમાં કહ્યું કે, 'તે હજુ પણ મધરાત્રિએ જાગી જાય છે અને ફરીથી ઊંઘી શકતો નથી. બે દિવસ પહેલા અમે તેમને મનોચિકિત્સક પાસે લઈ ગયા હતા. તેમની સારવાર હમણાં જ શરૂ થઈ છે, તેથી તેમણે લંડન પાછા ફરવાનો કોઈ નિર્ણય લીધો નથી. પ્લેન ક્રેશમાં બચેલા એકમાત્ર વ્યક્તિ વિશ્વાસ કુમાર રમેશ બ્રિટિશ નાગરિક છે અને તેઓ પોતાના પરિવારને મળવા ભારત આવ્યા હતા. તે તેમના ભાઈ અજય કુમાર રમેશ (૪૫ વર્ષ) સાથે લંડન પરત ફરી રહ્યા હતા. આ દુર્ઘટનામાં તેમના ભાઈનું પણ મોત થયું છે. એર ઈન્ડિયાના પ્લેનમાં સવાર બધા લોકો બળીને કોલસો થઈ ગયા છે ત્યારે આ વ્યક્તિ જાતે ચાલીને કાટમાળમાંથી બહાર આવી એમ્બ્યુલન્સ સુધી પહોંચ્યા હતા. આ વ્યક્તિને પણ ઈજાઓ થઈ છે.

**માનસિક આઘાતને દૂર કરવા માટે નિર્ણય કર્યો, લંડન પરત ફરવાનું પણ ટાળ્યું**

### વિમાન દુર્ઘટનાના તપાસ બ્યૂરો બન્ને બ્લેક બોક્સને ૨૪ જૂને દિલ્હી લઇ ગયું હતું

# ક્રેશ થયેલા વિમાનના બ્લેક બોક્સમાંથી ૪૯ કલાકનો ફ્લાઈટ ડેટા ડાઉનલોડ કરાયો

અમદાવાદ, તા. ૧૩

અમેરિકાના એક ખાસ ઉપકરણ ગોલ્ડન ચેસિસની મદદથી એર ઈન્ડિયાના દુર્ઘટનાગ્રસ્ત બોઈંગ ૭૮૭-૮ વિમાનના બ્લેક બોક્સમાંથી ૪૯ કલાકનો ફ્લાઈટ ડેટા ડાઉનલોડ કરવામાં આવ્યો છે. વિમાન દુર્ઘટના ગત મહિને ૧૨ જૂને અમદાવાદમાં બની હતી જેમાં ૨૪૧ મુસાફર સહિત ૨૭૫ લોકોના મોત થયા હતા. તે બાદ વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો બન્ને બ્લેક બોક્સને ૨૪ જૂને દિલ્હી લઈ ગયું હતું.

તપાસ એજન્સીઓ સામાન્ય રીતે બ્લેક બોક્સમાંથી ડેટા કાઢવા માટે ગોલ્ડન ચેસિસ અને ડાઉનલોડ કેબલનો ઉપયોગ કરે છે. તાજેતરની તપાસમાં, છર્ઈંમ્એ જણાવ્યું હતું કે ડેટા ડાઉનલોડ કરવા માટે જરૂરી ગોલ્ડન ચેસિસ અને કેબલ યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (દ્ગ્જીમ્) પાસેથી મંગાવવામાં આવ્યા છે. છર્ઈંમ્ની દિલ્હી લેબે ૨૪ જૂનના રોજ ઈછહ્લઈમાંથી ડેટા ડાઉનલોડ કરવાનો પ્રયાસ કર્યો જેમાં ક્રેશ પ્રોટેક્શન મોડ્યુલ (ઝ્રઁસ્) દૂર કરવામાં આવ્યું હતું, જે સારી સ્થિતિમાં હોવાનું જાણવા મળ્યું હતું.છર્ઈંમ્ના પ્રાથમિક અહેવાલ મુજબ, ગોલ્ડન ચેસિસ પર ઝ્રઁસ્ લગાવીને ઈછહ્લઈમાંથી કાચો ડેટા કાઢવામાં આવ્યો હતો. તેમાં લગભગ ૪૯ કલાકનો ફ્લાઈટ ડેટા અને ૭ ફ્લાઈટ્સની માહિતી હતી, જેમાં ક્રેશ થયેલી ફ્લાઈટનો પણ સમાવેશ થાય છે. પુનઃપ્રાપ્ત થયેલ ઓડિયો લગભગ બે કલાક લાંબો હતો અને તેમાં ઘટનાનું રેકોર્ડિંગ પણ હતું. પ્રારંભિક વિશ્લેષણ પૂર્ણ થઈ ગયું છે. અહેવાલ મુજબ, પાછળનો ઈછહ્લઈ ખૂબ જ નુકસાનગ્રસ્ત હતો .

### સરકારી વીજ વિભાગના સ્માર્ટ મીટર લોકો માટે માથાનો દુઃખાવો બન્યાં

# અંબાજીમાં ચાવાળાને રૂ. ૮૦૦થી સીધું ૮૨,૦૦૦ વીજ બિલ આવતા ચકચાર

અંબાજી, તા. ૧૩

હાલમાં અંબાજી વિસ્તારમાં યુજીવીસીએલ દ્વારા સ્માર્ટ મીટર નાખવાની અને જૂના મીટર બદલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જોકે, આ સ્માર્ટ મીટરને લઈએ અંબાજી ખાતે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અંબાજીના માનસરોવર પાસે આવેલી એક ચાની કીટલીવાળો જેને દર મહિને ૮૦૦ થી હજાર રૂપિયાનો બિલ આવતું હતું. તેને જબરદસ્તી સ્માર્ટ મીટર નાખી દેવાયો અને તેને કહેવામાં આવ્યુ કે જૂના મીટરની અવધિ પૂરી થઈ ગઈ છે તેથી આ નવું મીટર લગાવવું પડશે તેમ કહી તેને સ્માર્ટ મીટર લગાડી દેવાયું. જ્યારે બે મહિનાના અંતે તેનું બિલ આવ્યું ૮૨ હજારનો કે જ્યાં તેને અત્યાર માત્ર ૮૦૦ કે ૧૦૦૦ સુધીનું બિલ આવતું હતું. તેની સામે તેને ૮૨ હજારનું બિલ આવ્યું. જોકે, આ ચાની હોટલમાં રોજના ૨૦૦થી ૩૦૦ રૂપિયાની વેપાર પણ થતો નથી. તેની હવે આ ૮૨,૦૦૦ નું બિલ ફટકારવામાં આવ્યું છે એટલું જ નહીં તેની બાજુમાં એક સામાન્ય ઓરડી છે જે મીટર બંધ છે તેના યુનિટ ૦૦ બતાવી રહ્યું છે અને છેલ્લા કેટલાક સમયથી તેનો બિલ ફિક્સ ૫૦ રૂપિયા આવતું હતું. તેની જગ્યાએ આ સ્માર્ટ મીટર લગાવ્યા બાદ તેનું બિલ ૮૦૦ રૂપિયા આવ્યું છે.

જે જોતા એવું લાગે છે કે વીજ વિભાગ બંધ મીટરના બિલ બનાવી રહ્યું છે તે શું મજાક કરી રહ્યા છે કે પછી આવી રીતે ગ્રાહકોને હેરાન કરવામાં આવી રહ્યા છે? સ્માર્ટ મીટર પણ લગાડવાની વેપારી ના કહેતા હોય છે તેમ છતાં જબરજસ્તી જૂના મીટર બદલવા જ પડશે .

**મુખ્યમંત્રીની ટકોર પછી મ્યુ. કમિશનરે પર્ફોર્મન્સ બતાવ્યું**

### સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ, મન હોય તો માળવે જવાય એ બંને કહેવતોને મહાનગર પાલિકાનાં તંત્રે ચરિતાર્થ કરી

# ખાડી ઉપરનાં દબાણો દૂર કરી ખાડી પહોળી કરવાં મનપા તંત્રની કવાયત

### લિંબાયત, ઉધના અને અઠવા ઝોનનાં અધિકારીઓએ મીઠીખાડી, ભેદવાડખાડી અને કાંકરાખાડીનાં સાત લોકેશન ઉપર ઓપરેશન હાથ ધરી દબાણો દુર કર્યા

## મીઠીખાડી ઉપર કુંભારિયા ગામ પાસે ખાડી ઉપરનો બ્રિજ તોડી પાડ્યો





સુરત શહેરમાંથી પસાર થતી મીઠીખાડીનાં પાણી ઉભરાતાં સારોલી, પુણા-કુંભારિયા રોડ સહિતનાં આસપાસનાં વિસ્તારોમાં ખાડીપૂર આવે છે. જિલ્લાનાં પલસાણા, કામરેજ વિસ્તારોમાં ભારે વરસાદ વરસતાં આ વરસાદી પાણી મીઠીખાડીમાં આવતું હોવાથી ખાડીમાં પાણીનું સ્તર વધી જતાં ખાડીપૂરનું સંકટ સર્જાય છે.

કુંભારિયા ગામ વેલેન્ટિના-ડીએમડી માર્કેટ પાસે મીઠીખાડી ઉપર ૨૫ વર્ષ જૂનો બ્રિજ આજે તોડી પાડવામાં આવ્યો હતો. ખાડીમાં પાણી વધી જતું હોય ત્યારે વર્ષો જૂના બ્રિજ અને તેનાં પીલરને કારણે પાણી અવરોધાતું હતું અને સારોલી રોડ, પુણા-કુંભારિયા રોડ પાણીમાં ડૂબી જતાં હતાં. મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે આજે દબાણો દુર કરવાનો આદેશ આપતાં લિંબાયત ઝોનનાં અધિકારીઓએ ખાડી ઉપરનો ૩૫ મીટર લાંબો અને સાત મીટર પહોળો બ્રિજ તેમજ તેનાં પીલર તોડી પાડ્યાં હતાં. બ્રિજ તોડી પાડવાથી ખાડીનું પાણી અવરોધાશે નહીં.

લિંબાયત ઝોનનાં વડાં નિલેશ પટેલ, ઝોનલ ઓફિસર વિપુલ ગણેશવાલા તેમજ અધિકારીઓએ બીજુ ઓપરેશન ગોડાદરા ગામમાં ભેદવાડ ખાડી ઉપર બાંધવામાં આવેલો લોખંડ-ફેબ્રિકેશનનો ૧૦ મીટર લાંબો બ્રિજ આજે તોડી પાડવામાં આવ્યો હતો. ટીપી સ્કીમ ૬૧ અને ૬૯ વચ્ચે ક્રિષ્ણાપાર્ક સોસાયટી બાજુમાં લોખંડનો ફેબ્રિકેશનનો બ્રિજ વર્ષો પહેલાં ઉભો કરવામાં આવ્યો હતો જે ખાડીનાં પાણીને અવરોધરૂપ હતો જેથી આજે આ બ્રિજ પણ તોડી પાડવામાં આવ્યો હતો.

## બમરોલી ગામમાં ખાડીને અવરોધરૂપ દબાણો દૂર કરી ખાડી પહોળી કરાઇ





મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે ત્રીજુ ઓપરેશન ઉધના ઝોનમાં બમરોલી ગામમાં હાથ ધર્યુ હતું. બમરોલી ગામમાંથી પસાર થતી ભેદવાડ ખાડી દબાણોને કારણે ઘણી જગ્યાએ સાંકડી બની ગઈ હતી. ખાડી સાંકડી બની જવાને કારણે ચોમાસામાં વરસાદી પાણી ખાડીમાંથી ઓવરફ્લો થઈને આસપાસનાં વિસ્તારમાં ફરી વળે છે. ભેદવાડ ખાડી ઉપર પાણીની પાઈપલાઈનનાં છ પાઈપોને કારણે ખાડીનું પાણી અવરોધાતું હતું આજે ઉધના ઝોનનાં વડાં સ્વાતિ દેસાઈ અને તેમની ટીમ દ્વારા નકામા પડી રહેલાં તમામ પાઈપો દુર કરવામાં આવ્યાં હતાં આ ઉપરાંત બમરોલીમાં જ જ્યાં ભેદવાડ ખાડી સાંકડી થઈ ગઈ હતી ત્યાં માટી, કાંપ સહિતનો કચરો દુર કરી ખાડીને પહોળી કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

## ભીમરાડમાં સાંકડી બની ગયેલી ખાડી સીધી કરાઇ ખાડી પૂરાણ કરી બનાવાયેલું ક્રિકેટ ગ્રાઉન્ડ દૂર કરાયું





મ્યુનિસિપલ કમિશનરે બીજુ ઓપરેશન અઠવા ઝોન વિસ્તારમાં આવતાં ભીમરાડ વિસ્તારમાં હાથ ધર્યુ હતું. આ વિસ્તારમાંથી પસાર થતી કાંકરાખાડીનાં પાણી મીંઢોળા નદીમાં ભળી જતાં હોય છે. જો કે, મીંઢોળા નદી પહેલાં કાંકરાખાડી ઘણી જગ્યાએ સાંકડી થઈ જતી હોવાથી વરસાદી પાણી ઓવરફ્લો થઈને આસપાસનાં વિસ્તારોમાં ફેલાઈ જતાં ખાડીપૂરનું સંકટ તોળાતું હોય છે. આજે ભીમરાડમાં ટીપી સ્કીમ ૪૩માં મનપાનાં સુમન આવાસો પાસે ખાડીની જગ્યાએ પુરાણ કરીને ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવી દેવામાં આવ્યું હતું. માટી પુરાણથી બનાવાયેલાં ક્રિકેટ ગ્રાઉન્ડને કારણે પણ ખાડી સાંકડી બની ગઈ હતી આ ક્રિકેટ ગ્રાઉન્ડનું પુરાણ-દબાણ દુર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભીમરાડમાં જ મીંઢોળા નદી પહેલાં કાંકરાખાડી વાંકીચૂંકી બની ગઈ હતી એટલે કે તેનો આકાર જ બદલાઈ ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી હતી ખાડીનાં આ વળાંકોને કારણે પણ વરસાદી પાણીનું કુદરતી વહેણ અવરોધાતું હતું જેથી આ સ્થળે ખાડીને રીએલાઈન કરી સીધી કરવાની કવાયત આજે રવિવારે અઠવાઝોનનાં વડાં ધર્મેશ મિસ્ત્રી તેમજ તેમનાં અધિકારીઓએ હાથ ધરી હતી.

## વરાછા કોયલી ખાડી ઉપરની ૫૦ મિલકતો દૂર કરવા નોટિસ ફટકારાઇ

વરાછા વિસ્તારમાં કોયલી ખાડી ઉપર બોક્સ કલવર્ટ બનાવવાની કામગીરી મહાનગર પાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે. કરંજ વિસ્તારમાં જવાહરનગર ખાતે કોયલી ખાડી કિનારે ૫૦ મિલકતો આવેલી છે. આ તમામ મિલકતો બોક્સ કલવર્ટ બનાવવાનાં કામમાં કપાતમાં આવતી હોવાથી તે દુર કરવા મહાનગર પાલિકાએ નોટિસ આપી હતી પરંતુ મિલકતધારકોએ મહાનગર પાલિકાની નોટિસ સામે વર્ષ ૨૦૨૩માં હાઈકોર્ટમાં રિટ કરતાં મામલો ઘોંચમાં પડ્યો હતો. તાજેતરમાં બે દિવસ પહેલાં જ હાઈકોર્ટે મિલકતધારકોની રિટ ફગાવી દેતાં મહાનગર પાલિકા માટે માર્ગ સરળ બન્યો છે. મનપાનાં અધિકારીઓએ એક દિવસ પહેલાં જ તમામ ૫૦ મિલકતધારકોને સ્વૈચ્છિક ડીમોલિશન માટે નોટિસ ફટકારી હતી જો મિલકતધારકો સ્વૈચ્છિક ડીમોલિશન નહી કરે તો મહાનગર પાલિકા તમામ મિલકતો તોડી પાડશે.

> મિત્ર એટલે એવી વ્યક્તિ કે જે તમારા વિશે બધું જાણવા છતાં પણ તમને પ્રેમ કરે છે
> - એલ્બર્ટ હબાર્ડ

# યુરોપ માટે શેંગેન વિસ્તારમાં પગ જમાવી રાખવું આટલું મહત્વનું કેમ છે?

પોલેન્ડે આ અઠવાડિયે જર્મની અને લિથુઆનિયા સાથેની તેની સરહદો પર ફરીથી તપાસ શરૂ કરી, પરંતુ શેંગેન કરારમાં આવું કરનાર તે પહેલો દેશ નથી. ગેરકાયદેસર સ્થળાંતરને રોકવા , માનવ તસ્કરી સામે લડવા અથવા રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને સંબોધવા માટે આ પગલાં ઘણીવાર જરૂરી માનવામાં આવે છે. જો કે, ઘણા વિશ્લેષકો માને છે કે તે યુરોપીયન યુનિયનના મુક્ત હિલચાલ ક્ષેત્ર પર વધતા દબાણનો સ્પષ્ટ સંકેત છે, જે એક સમયે યુરોપિયન એકીકરણ અને સહિયારી ઓળખનું મજબૂત પ્રતીક માનવામાં આવતું હતું. પોલેન્ડના વડા પ્રધાન ડોનાલ્ડ ટસ્કના મતે, આ તપાસ કેટલાક સમયથી કરવામાં આવી રહી છે. તેનો હેતુ માનવ તસ્કરી અને અનિયમિત સ્થળાંતરને રોકવાનો છે.

૧૯૯૦ના દાયકામાં સ્થાપિત શેંગેન વિસ્તાર, ૨૯ યુરોપિયન દેશોમાં પાસપોર્ટ-મુક્ત મુસાફરીની મંજૂરી આપે છે - જેમાંથી મોટાભાગના યુરોપીયન યુનિયન દેશો, તેમજ નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા કેટલાક બિન-યુરોપીયન યુનિયન દેશો છે - ૪૫ કરોડથી વધુ લોકોને બંને વચ્ચે મુક્તપણે ફરવાની મંજૂરી આપે છે. આ વિસ્તાર માલ, સેવાઓ અને કામદારો માટે આંતરિક સરહદ તપાસને દૂર કરીને યુરોપના એકલ બજારને મજબૂત બનાવે છે. વ્યવસાયો, પ્રવાસીઓ અને પ્રવાસીઓ માટે, શેંગેન યુરોપીયન યુનિયનની સૌથી મોટી અને વ્યવહારુ સફળતાઓમાંની એક છે.

દરમિયાન, સરહદ પરના સમુદાયો, ખાસ કરીને લક્ઝમબર્ગ, ઓસ્ટ્રિયા અને પોલેન્ડ જેવા વિસ્તારોમાં, પહેલાથી જ આ પગલાંના નકારાત્મક પરિણામો ભોગવી રહ્યા છે. તેઓ લાંબા સમય સુધી રાહ જોવાનો સમય, પુરવઠા શૃંખલાઓમાં વિક્ષેપો અને સ્થાનિક સરહદ પારના વ્યવસાયો પર વધતા આર્થિક દબાણનો સામનો કરી રહ્યા છે. યુરોપિયન સંસદ દ્વારા કરવામાં આવેલા વિગતવાર અભ્યાસમાં અંદાજ છે કે આંતરિક સરહદ તપાસ ફરી શરૂ કરવાથી સમયનો નોંધપાત્ર નુકસાન થશે. કાર ૧૦ થી ૨૦ મિનિટ અને ભારે વાહનો ૩૦ થી ૯૦ મિનિટ ગુમાવે છે. તે જ સમયે, પરિવહન ક્ષેત્રને લગભગ ૩૨૦ મિલિયન યુરોનું નુકસાન થાય છે. આ ફક્ત વિલંબને કારણે થયેલ નુકસાન છે, આમાં સંપૂર્ણ આર્થિક અસરનો સમાવેશ થતો નથી.

બલ્ગેરિયન લોજિસ્ટિક્સ એસોસિએશને તાજેતરમાં જ એક ચોંકાવનારો અંદાજ લગાવ્યો હતો કે સરહદ પર વિલંબને કારણે આ ક્ષેત્રને અગાઉ દર વર્ષે ૩૦૦ મિલિયન યુરોનું નુકસાન થયું હતું. ખુશીની વાત છે કે, આ વર્ષે રોમાનિયા અને બલ્ગેરિયા શેંગેન ક્ષેત્રમાં જોડાયા ત્યારથી, સરહદ પાર ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થયો છે અને હવે તે વધુ સરળતાથી કાર્યરત છે.

સરહદ પાર કરવા માટે સરેરાશ રાહ જોવાનો સમય ૧૦ કલાકથી ઘટીને ૨ કલાકથી ઓછો થઈ ગયો છે. આ ફેરફાર પ્રાદેશિક માલવાહક કંપનીઓ અને સરહદી શહેરો માટે વરદાન સાબિત થયો છે, કારણ કે તેમનો વ્યવસાય હવે સરળતાથી ચાલી રહ્યો છે, ડિલિવરી હવે ઝડપી છે અને તેમનું આર્થિક ભવિષ્ય વધુ સારું દેખાય છે. જોકે, નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો સરહદો પરના નિયંત્રણો ફરીથી કડક કરવામાં આવે તો આ બધી પ્રગતિ અટકી શકે છે. આ ફક્ત સપ્લાય ચેઇન પર જ નહીં પરંતુ હજારો લોકોની આજીવિકા પર પણ સીધી અસર કરશે જેઓ દરરોજ કોઈપણ અવરોધ વિના તેમના કામ પર જવા માટે સરહદ પાર કરે છે.

જો શેંગેન કરાર તૂટી જાય છે, તો આર્થિક નુકસાન ખૂબ મોટું થઈ શકે છે. જો સરહદ પર ફરીથી તપાસ શરૂ કરવામાં આવે છે, તો માલની અવરજવર ધીમી પડશે, પુરવઠા શૃંખલા ખોરવાઈ જશે અને શિપિંગ ખર્ચ વધશે, ખાસ કરીને કૃષિ, છૂટક દુકાનો અને કારખાનાઓ જેવા ક્ષેત્રોમાં. જ્યાં ઘણો માલ ફરતો હોય છે, ત્યાં સમસ્યાઓ વધશે. જે લોકો સરહદ પાર કરીને કામ કરવા જાય છે તેમને મુસાફરી કરવામાં વધુ સમય લાગશે અને સરહદની નજીકના નાના દુકાનદારો ગ્રાહકો ગુમાવી શકે છે. સામાન્ય લોકોને સરહદો પર વધુ સમય રાહ જોવી પડશે, દુકાનોમાં વસ્તુઓ વધુ મોંઘી મળશે અને અન્ય દેશોમાં સરહદ પાર સેવાઓ અને નોકરીઓ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે. તે જ સમયે, કોલોમ્બી માને છે કે પ્રતીકાત્મક નુકસાન એટલું જ મોટું હશે.

- તંત્રી

## મેનેજમેન્ટના પાયાનો પ્રથમ સ્થંભ

# કર્મચારીઓ સાથે આદરભર્યું વર્તન



**આદર એ કોઈને તેના ગુણો અથવા લક્ષણો માટે સારી રીતે સન્માન આપવાની લાગણી છે, પરંતુ આદર એ લોકો સાથે પ્રશંસા અને ગૌરવ સાથે વર્તવાની ક્રિયા પણ હોઈ શકે છે**

શ્રેષ્ઠ સંચાલનની શરૂઆત કરવી જ સૌથી મહત્વનું પાસું છે. મેનેજમેન્ટ કરવું અને શ્રેષ્ઠ મેનેજમેન્ટ કરવુંમાં ઘણો ફરક રહેલો છે. સામાન્ય મેનેજમેન્ટ કોઈ પણ વ્યક્તિ કેઈ શકે છે. તેની માટે તેને નિયમોની જરૂર હોતી નથી. પરંતુ તેનાથી સંસ્થા કે કંપનીનો વિકાસ થાય તે જરૂરી નથી. જો સંસ્થા કે કંપનીનો વિકાસ કરવો હોય તો મેનેજમેન્ટ શ્રેષ્ઠ હોવું જરૂરી હોય છે. જેની માટેના નિયમો વિષે આપણે પહેલા ભાગમાં ચર્ચા કરી. હવે, આગામી દરેક ચેપટરમાં આપણે જુદા જુદા સાત નિયમો વિષે વિસ્તૃત ચર્ચા કરીશું. આ ચેપટરમાં આપણે પહેલા નિયમ કર્મચારીઓ સાથે હંમેશા આદર સાથેનું વર્તન વિષે ચર્ચા કરીશું.

વર્કપ્લેસમાં આદર એ સૌથી મહત્વપૂર્ણ લક્ષણોમાંનું એક છે, કારણ કે તે તમારા અને ટીમ માટે એકસાથે લક્ષ્યો પૂર્ણ કરવા માટે સકારાત્મક કાર્ય સંસ્કૃતિનું સર્જન કરે છે. વ્યક્તિગત લાગણીઓને ધ્યાનમાં લીધા વિના, કોઈપણ વર્કપ્લેસમાં આદરપૂર્ણ વલણ પ્રમાણભૂત હોવું સૌથી વધારે જરૂરી છે. વર્કપ્લેસમાં આદરના ઉદાહરણોમાં સહકાર્યકરો તરફ ધ્યાન આપવું, તેમના મંતવ્યો સાંભળવા અને આદર સાથે વાતચીત કરવાનો સમાવેશ થાય છે. આ લેખમાં, વર્કપ્લેસમાં આદર સાથે મેનેજમેન્ટ કરવાની જુદી જુદી ૧૧ રીતો વિષે સમજાવવાનો પ્રયાસ કરીશું. જે વ્યક્તિને સાથીદારો, મેનેજમેન્ટ અને ગ્રાહકો સાથે આદરથી વર્તન કઈ રીતે કરવું અને તેનું શું મહત્વ છે તે સમજાવશે.

**● વર્કપ્લેસમાં આદર એટલે શું?**

આદર એ કોઈને તેના ગુણો અથવા લક્ષણો માટે સારી રીતે સન્માન આપવાની લાગણી છે, પરંતુ આદર એ લોકો સાથે પ્રશંસા અને ગૌરવ સાથે વર્તવાની ક્રિયા પણ હોઈ શકે છે. વ્યક્તિગત લાગણીઓને ધ્યાનમાં લીધા વિના વર્કપ્લેસમાં આદરપૂર્ણ વલણ પ્રમાણભૂત હોવું ખુબ જ જરૂરી છે. એમ્પ્લોયર અને કર્મચારીઓ બંનેએ એકબીજા અને તેમના સાથી કર્મચારીઓને આદર આપવાની જરૂર છે. એક કર્મચારી તરીકે, વ્યક્તિ પોતાના સહ કર્મચારીઓ અને મેનેજર્સ તેઓને જરૂરી ધ્યાન આપીને, તેમના મંતવ્યો સાંભળી આદર કરી શકે છે. વ્યક્તિ પોતાના સાથી કર્મચારીઓ હોય કે પછી ખેલાડીઓ તમામમાં અમુક વિશેષતાઓ અને ક્ષમતાઓ શોધી શકે છે. જેની પ્રશંસા કરી વ્યક્તિ અન્ય માટે પોતાનો આદર દર્શાવી શકે છે. સંસ્થા હોય કે પછી કોઈ કંપની મેનેજમેન્ટના સાથીઓ હોય કે પછી ટીમના સભ્યો ગમો અણગમો હોવો સ્વાભાવિક છે. ટીમના સભ્યો માટે જરૂરી નથી કે તેઓ તેમના સુપરવાઈઝર અથવા સહકર્મચારીના વ્યક્તિત્વને પસંદ કરે અથવા તેમની પ્રશંસા કરે, પરંતુ તેઓએ તેમના લક્ષ્યો હાંસલ કરવા અને વ્યાવસાયિક બનવા માટે નોકરી પર આદરપૂર્વક કાર્ય કરવાની જરૂર છે.



સિદ્ધાર્થ મણિયાર
પોઇન્ટ ઓફ વ્યૂહ

**● કામમાં માન-સન્માનનું મહત્ત્વ**

દરેક સંસ્થા કે કંપનીમાં ફરજ બજાવતા દરેક કર્મચારી હોય કે મેનેજમેન્ટના સભ્યો હોય તમામે આદરનું મહત્વ સમજવાની જરૂરિયાત છે. તેનો અર્થ કહો કે વ્યાખ્યા તે ઘણી જ લાંબી અને સમજવી અઘરી છે. પરંતુ સામાન્ય શબ્દોમાં કહીયે તો સાથે કામ કરતા વ્યક્તિઓ એક બીજાને સમજવાનો પ્રયાસ કરે અને સાથી કર્મચારીઓ અથવા તો મેનેજમેન્ટ કઈ પરિસ્થિતિમાં શું પ્રતિક્રિયા આપે છે તે સમજી શકાય છે. જેનાથી વ્યક્તિ ઓફિસમાં હકારાત્મક વાતાવરણ બનાવી શકે છે. જ્યારે એક વ્યક્તિ બીજાને આદર આપે છે ત્યારે સામેવાળી વ્યક્તિ પણ આદર આપે જ છે. એવું બની શકે કે તે આદર આપવામાં થોડો સમય લગાવે પરંતુ આદર મળશે તે નક્કી છે.

વર્કપ્લેસમાં આદરના કેટલાક ફાયદાઓ છે. જેમાં તણાવમાં ઘટાડો કરવો, ઉત્પાદકતા અને સહયોગમાં વધારો કરવો, કર્મચારીના સંતોષમાં વધારો થવો અને વર્કપ્લેસમાં ન્યાયી વાતાવરણ હોવાનો સમાવેશ થાય છે.

**તણાવનો ઘટાડો કરવો :** સંસ્થા હોય કે પછી કંપની વર્કપ્લેસ પર કર્મચારીઓના તણાવમાં ઘટાડો કરવો ખુબ જ મહત્વ પૂર્ણ છે. જો કર્મચારીઓ તણાવમાં હોય તો તેની સીધી અસર તેના સ્વાસ્થ્ય પર પડે છે. જેના કારણે તેને ઉત્પાદકતામાં ઘટાડો થાય છે. એટલું જ નહીં કામની ગુણવત્તામાં પણ ઘટાડો થાય છે. જો કર્મચારીમાં તણાવ ન હોય તો તે સારી રીતે વિચારી શકે છે, નવા વિચારો પણ આપી શકે છે, તેની ઉત્પાદકતામાં વધારો થાય છે અને ગુણવત્તા પણ જળવાયેલી રહે છે. જેના કારણે સંસ્થા કે કંપની દ્વારા નક્કી કરવામાં આવેલા લક્ષ્યો પૂર્ણ કરવા માટે સહકર્મચારીઓ સાથે કામ કરવામાં વધુ સરળતા અને આરામનો અનુભવ થાય છે. વધેલા માન અને ઘટતા તણાવથી કામદારોના સ્વાસ્થ્ય પર માનસિક તેમજ શારીરિક અસર પડે છે.

**ઉત્પાદકતા અને સહયોગમાં વધારો :** આદર કર્મચારીઓ માટે વધુ તકો પ્રદાન કરી શકે છે. જ્યારે તમે તમારા સહકર્મચારીઓનો આદર કરો છો, ત્યારે તમે મદદ માટે તેમની તરફ વળો છો અને વિવિધ સમસ્યાઓ અને મુદ્દાઓ પર તેમના વિચારો થકી તેઓ તમને મદદ પણ કરે છે. જેનાથી વધુ સર્જનાત્મક ઉકેલો અને સહયોગમાં વધારો થાય છે, તેથી કાર્ય ઝડપથી અને વધુ અસરકારક રીતે કરી શકાય છે. એક પ્રોજેક્ટ એ એકબીજા પાસેથી શીખવાની તક બની જાય છે. જ્યાં બંને પક્ષો તેમની કુશળતા વિકસાવે છે. ટૂંક સમયમાં, કંપનીના તમામ ક્ષેત્રોમાં ક્રોસ-ટ્રેનિંગ અને માહિતી પ્રશિક્ષણ કરવું પણ શક્ય બને છે કારણકે તેમાં કંપનીનો સ્ટાફ જ એકબીજાનો સહયોગ કરે છે.

**કર્મચારીના સંતોષમાં વધારો થવો :** સહયોગ અને ઉત્પાદકતા સંતુષ્ટ કર્મચારીઓ સાથે સકારાત્મક વર્કપ્લેસ બનાવે છે. કર્મચારીઓ તેઓ જે કામ કરે છે તેનાથી ખુશ થઈ શકે છે અને દિવસના અંતે તેઓએ જે કામ પૂર્ણ કરયુસી હે તેના પર તેઓ ગર્વ અનુભવી શકે છે. એટલું જ નહીં વ્યક્તિ તે સંતોષ સાથે ઘરે જાય ત્યારે તેના પરિવારજનો પણ તે સંતોષ અનુભવી શકે છે. જો વ્યક્તિ કામના સ્થળેથી સંતોષ વિના ઘરે જાય તો તેની અસર પરિવારજનો પર પણ આવતી હોય છે. કેટલીક વખતે કામના સ્થળનો ગુસ્સો વ્યક્તિ પરિવારજન પણ કાઢતા હોય છે. જેથી સંતોષ સાથે ઘરે જતા કર્મચારીના પરિવારજનો પણ તે સંતોષની લાગણી અનુભવી શકે છે. સંતોષની આ ભાવના લાંબા ગાળે એમ્પ્લોયર્સને લાભ અપાવશે તે નક્કી જ છે. સંતુષ્ટ કર્મચારીઓ સામાન્ય રીતે એવી કંપનીઓમાં રહેવા માંગે છે, જે તેમને સારું મૂલ્ય આપે છે. તે મૂલ્યનો અર્થ સારો પગાર નથી. તેનો અર્થ તેમના કામનું યોગ્ય વળતર, માન અને સન્માન છે. સંતોષી કર્મચારીઓ કંપનીમાં રહીને જ તેમની કારકિર્દીને આગળ વધારવાના માર્ગો શોધે છે. સંતુષ્ટ કર્મચારીઓ આંતરિક પ્રમોશન માટે અરજી કરે તેવી શક્યતા વધુ હોય છે અને તેમની ટીમને તે જ આદર અને કાળજી સાથે આગળ લઈ જાય છે. આ પરિસ્થિતિમાં તાલીમ અને ઓનબોર્ડિંગ પર ઓછા નાણાં અને સમયનો ખર્ચ થાય છે.

**વર્કપ્લેસમાં ન્યાયી વાતાવરણ :** એમ્પ્લોયર ઓફર કરી શકે તેવી સૌથી મહત્વની બાબતોમાંની એક કર્મચારીઓને તેમના બેકગ્રાઉન્ડને ધ્યાનમાં લીધા વિના તેમની કુશળતા અને જ્ઞાન બતાવવાની તક આપવી છે. આદર લોકોને મનપસંદ બનવાથી અથવા તો બનાવવાથી અટકાવે છે. જેથી દરેક વ્યક્તિને કંપનીમાં અથવા ટીમમાં પોતાનો ફાળો આપવાની તક મળે છે. વાજબી તક શક્તિશાળી છે, કારણ કે તે વિવિધ કર્મચારીઓને ભાગ લેવાની મંજૂરી આપે છે. દરેક કર્મચારી પાસે તેમના સમકક્ષો જેટલી જ પ્રતિભા હોય છે. દરેકના વિચારો તેઓ ક્યાંથી આવે છે અને તેમનું બેકગ્રાઉન્ડ શું છે તે ધ્યાનમાં લીધા વિના વિચારોના મૂલ્યને સમજવું જોઈએ. જ્યારે કર્મચારીઓને યોગ્ય રીતે યોગદાન આપવાની તક આપવામાં આવે ત્યારે તેઓ ખીલી શકે છે. જે સીધી અથવા તો આડકતરી રીતે સંસ્થા અને કંપની માટે ખુબ જ લાભદાયી નીવડે છે.

siddharth.maniyar@gmail.com

# તમારી જમીન બિલ્ડરને વેચવા વિશે તમને આ ખબર છે?




વડોદરામાં જ રહેતા એક વૃદ્ધ અને અનુભવી જમીન માલિક જેમનું નામ ધરમચંદભાઈ હતું, તેઓ પોતાની વિશાળ જમીનનું શું કરવું તે વિચારતા હતા. આ જમીન તેમના પૂર્વજોની હતી અને તેના પર કંઈક ભવ્ય નિર્માણ કરવાની તેમની ઈચ્છા હતી. બીજી તરફ, શહેરના ઉગતા બિલ્ડર, યુવાન અને ઉત્સાહી એવા નીરવભાઈ અને જાવેદભાઈ, હંમેશા નવા પ્રોજેક્ટ્સની શોધમાં રહેતા. તેમને ધરમચંદભાઈની જમીન નજરે પડી. બંને વચ્ચે મુલાકાતો થઈ અને વાતચીતનો દોર ચાલ્યો. આખરે, તેમણે એક અનોખા 'સંયુક્ત વિકાસ કરાર' (જોઈન્ટ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ - જે.ડી.એ) પર હસ્તાક્ષર કરવાનું નક્કી કર્યું.

આ કરાર એક લગ્ન જેવો હતો. ધરમચંદભાઈ પોતાની કિંમતી જમીન આપી રહ્યા હતા, અને નીરવભાઈ અને જાવેદભાઈ પોતાની કુશળતા, મહેનત અને નિર્માણનો અનુભવ લઈને આવી રહ્યા હતા. બંનેની આશા હતી કે આ સંબંધમાંથી એક સુંદર અને ભવ્ય ઈમારતનું સર્જન થશે. પરંતુ, જેમ કોઈ પણ સંબંધમાં સમાધાન જરૂરી હોય છે, ખાસ કરીને જ્યારે પૈસા અને ટેક્સની વાત આવે, તેમ અહીં પણ કેટલાક પાસાં સમજવા જરૂરી હતા.

આ સંબંધના મુખ્યત્વે ત્રણ તબક્કા હતા. પહેલો તબક્કો હતો ધરમચંદભાઈ દ્વારા નીરવભાઈ અને જાવેદભાઈને જમીન પર 'વિકાસ અધિકારો' (ડેવલપમેન્ટ રાઈટ) આપવાનો. શરૂઆતમાં ધરમચંદભાઈને લાગ્યું કે આ તો જમીન વેચી દેવા જેવું છે, અને તેના પર કોઈ ટેક્સ નહીં લાગે. પરંતુ, એક નિષ્ણાતે તેમને સમજાવ્યું કે આ ખરેખર જમીનનું સીધું વેચાણ નથી, પરંતુ બિલ્ડરને જમીન પર પ્રવેશ કરીને બાંધકામ શરૂ કરવાનો અધિકાર આપવા જેવું છે. જેમ કોઈ પણ શુભ કાર્ય આમંત્રણ વિના શરૂ ન થાય, તેમ બાંધકામ પણ જમીન પર પ્રવેશના અધિકારો વિના શક્ય નહોતું.

બીજો તબક્કો હતો બિલ્ડર દ્વારા ધરમચંદભાઈ માટે બાંધકામ સેવાઓ પૂરી પાડવી. ધરમચંદભાઈને બદલામાં ફ્લેટ મળવાના હતા. આ સેવાઓ જીએસટી હેઠળ કરપાત્ર હતી અને આ જ તેમને સૌથી વધુ મૂંઝવી રહ્યો હતો અને ત્રીજો અને સૌથી આનંદદાયક તબક્કો હતો - જ્યારે ફ્લેટ તૈયાર થઈ જાય ત્યારે બિલ્ડર અને ધરમચંદભાઈ બંને દ્વારા ખરીદદારોને ફ્લેટનું વેચાણ કરવું. અહીં પણ, વેચાણ ક્યારે થાય છે તેના આધારે જીએસટીની ગણતરી અલગ થતી હતી - કાં તો પૂર્ણતા પ્રમાણપત્ર (કંપ્લીશન સર્ટિફિકેટ) મળે તે પહેલાં, અથવા પ્રથમ ભોગવટા પ્રમાણપત્ર (ફર્સ્ટ ઓક્યુપેન્સી સર્ટિફિકેટ) મળે તે પહેલાં, બેમાંથી જે વહેલું હોય તે. ટેક્સની મૂંઝવણ દૂર કરવા ત્રણે જણાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિશાલભાઈ ઠક્કરની સલાહ લેવાનું નક્કી કર્યું.



સી.એ. મનિષ લુક્કા
મની મેટર

નમસ્કાર વિશાલભાઈ,' ધરમચંદભાઈએ કહ્યું, 'અમે આ જે.ડી. એ તો કરી રહ્યા છીએ, પણ જીએસટીના નિયમો સમજાતા નથી. ક્યાં અને કેવી રીતે લાગુ પડશે?'

વિશાલભાઈએ સ્મિત કર્યું અને સમજાવવાનું શરૂ કર્યું.- સૌથી મહત્વની વાત એ છે કે, આ જીએસટી ચૂકવવાની જવાબદારી તમારી નહીં, પરંતુ બિલ્ડરની છે, એટલે કે 'રિવર્સ ચાર્જ મિકેનિઝમ' હેઠળ. તેમને ૧૮% જીએસટી ચૂકવવાનો હોય છે.'

નીરવભાઈએ પૂછ્યું, 'પણ હું તો ધરમચંદભાઈને પૈસા નથી આપી રહ્યો, બદલામાં ફ્લેટ બનાવી આપીશ. તો પણ જીએસટી કેમ?'

વિશાલભાઈએ જવાબ આપ્યો, 'આ એક પ્રકારનો 'વસ્તુ વિનિમય' જ છે. તમે સેવાના બદલામાં સેવા આપી રહ્યા છો. નિયમો મુજબ, આવી સ્થિતિમાં પણ જીએસટી લાગુ પડે છે.'

એટલે જાવેદભાઈએ કહ્યું 'આપણે ધર્મચંદભાઈને જે ફ્લેટ આપવાના એ જંત્રી ભાવે અથવા એનાથી ઓછા ભાવે આપીયે તો ચાલે ને?

'આ એક સારો પ્રશ્ન છે,' વિશાલભાઈએ કહ્યું. 'જો પૈસાની લેવડદેવડ ન થઈ હોય, તો બહારના લોકોને જે ભાવે વેચ્યું હોય એ ગણવાનો, જો એ જંત્રી ભાવે હોય તો જંત્રી ભાવે, ખાસ કરીને તમે જે તારીખે ધરમચંદભાઈને ફ્લેટ આપશો એની આજુબાજુની તારીખ મહત્વની છે. આથી, બજાર ભાવના આધારે મૂલ્યાંકન થાય છે.'

પણ આ ૧૮% કંઈક વધારે નથી? - નીરવભાઈ અને જાવેદભાઈ બંને એક સાથે બોલ્યા, આમાં કોઈ રાહત બાહત નથી ?

'હા, ચોક્કસ,' વિશાલભાઈએ ઉમેર્યું. ' તમને એક મોટી રાહત મળશે. તમારે વિકાસ અધિકારો પર રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ ફક્ત તેટલા પ્રમાણમાં જ ટેક્સ ચૂકવવાનો હોય છે જેટલા રહેણાંક એકમો કંપ્લીશન સર્ટિફિકેટની તારીખે 'બુક' થયેલા ન હોય. એટલે કે, જેટલા ફ્લેટ વેચાયા ન હોય તેટલા પર જ જીએસટી લાગશે. વધુમાં, રહેણાંક પ્રોજેક્ટમાં આ જીએસટી બાકી રહેલા યુનિટ્સના મૂલ્યના ૧% અથવા ૫% સુધી જ મર્યાદિત છે.'

ટેક્સ ભરવાનો ક્યારે? જાવેદભાઈએ પૂછ્યું

જાવેદભાઈ તમે ધરમચંદભાઈને જે ફ્લેટ બાંધી આપવાના છો, તે બિંધકામ સેવા ગણાય છે. આ સેવા પર જીએસટીની જવાબદારી પણ ત્યારે ઉદભવે છે જ્યારે પ્રોજેક્ટને કંપ્લીશન સર્ટિફિકેટ અથવા ઓક્યુપેન્સી સર્ટિફિકેટ મળે. એટલે કે, તૈયાર ફ્લેટ મળે ત્યારે. અને ભાવ તો એજ - બહારનાને વેચ્યું હોય એજ, તેમાંથી જમીનના મૂલ્યનો ૧/૩ ભાગ બાદ કરી નાખવાનો.'

ખરીદદારને વેચાણ કરીયે એના પર જી.એસ.ટી ક્યારે ભરવાનો? - નીરવભાઈએ પૂછ્યું

'વિશાલભાઈએ સમજાવ્યું',જ્યારે તમે ખરીદદારોને ફ્લેટ વેચો છો, ત્યારે જીએસટીની જવાબદારી ઉદભવે છે, જ્યારે ખરીદનાર પાસેથી એડવાન્સ મળે અથવા બાંધકામનો કોઈ તબક્કો પૂરો થાય, બેમાંથી જે વહેલું હોય. અહીં વેચાણનું મૂલ્ય તે હોય છે જે તમે ખરીદનાર પાસેથી વસૂલો છો, અને તેમાં પણ જમીનના અવિભાજ્ય હિસ્સા માટે ૧/૩ની પ્રમાણભૂત કપાત મળે છે.'

ધરમચંદભાઈ નીરવભાઈ અને જાવેદભાઈએ વિશાલભાઈનો આભાર માન્યો. આ સમજાવટથી તેમની ઘણી મૂંઝવણો દૂર થઈ હતી. તેમને સમજાયું કે જે.ડી.એ એક જટિલ વ્યવસ્થા છે, પણ વિશાલભાઈ જેવા નિષ્ણાતની સલાહથી ટેક્સના દરેક પાસાંને સરળતાથી સમજી શકાય છે. હવે તેઓ પોતાના પ્રોજેક્ટને આત્મવિશ્વાસ સાથે આગળ વધારવા તૈયાર હતા, કારણ કે તેમને ખબર હતી કે આ લિંગ્નુમાં ટેક્સના મુદ્દાઓ ને સંભાળવા માટે વિશાલભાઈ જેવા હોશિયાર વ્યક્તિ તેમની સાથે હતા.

તમામ જમીન માલિકો અને ડેવલપરોએ આ વાતમાંથી શીખવું જોઈએ - 'આર્થિક લાભ તો આવશે, પણ નિયમિત રીતે રજીસ્ટ્રેશન, ઈન્વોઈસિંગ, અને ટેક્સ ભરવાની જવાબદારી પણ સાચવવી પડશે.'

ત્યાં સુધી કહેવાનું કે -

'કોઈ બિલ્ડિંગ પૂરું કરવા માટે સિમેન્ટ, ઈંટ અને મહેનત જરૂરી હોય છે, અને સંપૂર્ણ વ્યવહાર પારદર્શક રાખવા માટે ટેક્સની સમજ પણ એટલી જ જરૂરી છે.'

lukkamanish@gmail.com

# એકધારો સંઘર્ષ બન્યો સફળતાનો માર્ગ



એક વિચારને અંગ્રેજી ભાષામાં શબ્દ રૂપે સુંદર રીતે રજુ કરાયો છે, ગ્રો થ્રુ વ્હોટ યુ ગો થ્રુ. અર્થાત કપરા સમયમાં તમારા ઉપર જે વીતે છે તેમાંથી શીખી વિકાસ કરો. કર્ણાટકના ડૉ. વિજયાલક્ષ્મી દેશમાનેએ બાળપણમાં એટલી ગરીબી વેઠી કે તેમાંથી ગ્રો કરી આજે ભારતના સૌથી પ્રતિષ્ઠિત કેન્સર સર્જન ડોક્ટર્સ પૈકી એક બન્યા છે. બાળપણમાં માથા ઉપર શાકભાજીની ટોકરી મૂકી વેચવા ફરતા વિજયાલક્ષ્મીએ જોયું કે શાકભાજી ખરીદનારા મોટાભાગના ગ્રાહકો સાધનસંપન્ન છે, કેમકે તેઓ શિક્ષિત છે. વિજયાલક્ષ્મીને તે જોઈને શિક્ષણનું મહત્વ બાળપણમાં જ સમજાઈ ગયું. તેઓ શિક્ષણના સહારે પોતાના પરિવારને દારૂણ ગરીબીમાંથી બહાર લાવવા માંગતા હતા. જે તેમણે કરી બતાવ્યું, જે બિલકુલ આસાન નહતું. સફળતાને આડે દરેક ડગલે સંઘર્ષ કરવો પડ્યો હતો. પદ્મશ્રી વિજયાલક્ષ્મી દેશમાને સંઘર્ષમાંથી નીકળેલી સફળતાનું પ્રતીક છે.



કેયુર જાની
સક્સેસ સ્ટોરી

કર્ણાટકના દલિત સમુદાયના અત્યંત ગરીબ દેશમાને પરિવારમાં છ દીકરીઓ અને એક દીકરો હતા. પરિવારનાં આંઠમા બાળક તરીકે જન્મેલી દીકરીનું નામ વિજયાલક્ષ્મી રાખવામાં આવ્યું. સ્વતંત્રતા સેનાની વિજયાલક્ષ્મી પંડિતના નામ ઉપરથી પ્રેરણા લઈને દેશમાને પરિવારે તેમને ત્યાં જન્મેલી સાતમી દીકરીનું નામકરણ કર્યું. વિજયાલક્ષ્મી દેશમાનેના પિતા છૂટક મજૂરી કામ કરતા હતા અને માતા શાકભાજીની ફેરી કરતા હતા. પરિવારની આર્થિક સ્થિતિ એટલી ખરાબ હતી કે લોકોએ ફેંકી દીધેલા કપડાં અને જૂતા રીપેર કરીને પરિવારના સભ્યો પહેરતા હતા. સાત વર્ષની ઉંમરના થતાં વિજયાલક્ષ્મીને તેમની માતા સાથે શાકભાજીની ફેરી કરવા નીકળવું પડતું. શાકભાજીની ટોકરી માથા ઉપર મૂકી આખો દિવસ ફરીને શાકભાજીનું વેચાણ કરતી તેમની માતા સાથે વિજયાલક્ષ્મી પણ જતા. રોજેરોજ આટલી મહેનત કર્યા પછી પણ પરિવારના સભ્યો પેટભરીને જામી શકે તેટલું કમાઈ શકતા નહતા. બાળપણમાં જ વિજયાલક્ષ્મીના ધ્યાન ઉપર તે વાત આવી ગઈ કે તેમની માતા પાસે શાકભાજી ખરીદનારા લોકો આર્થિક રીતે સંપન્ન છે. કારણ કે તે તમામ શિક્ષિત છે. જેથી ભવિષ્યમાં જીવન ધોરણ સુધારવું હશે અને પરિવારને ઊંચો લાવવો હશે તો શિક્ષણ જ એકમાત્ર ઉકેલ છે. વિજયાલક્ષ્મીની મોટી બહેનો લોકોને ત્યાં ઘરકામ કરવા જતી. ભારે સંઘર્ષ બદ વિજયાલક્ષ્મીના પિતાની એક મિલમાં નોકરી લાગી. વિજયાલક્ષ્મીના પિતાએ પણ શિક્ષણનું મહત્વ સમજ્યું. તેમણે કોઈપણ ભોગે વિજયાલક્ષ્મીને ભણાવવા માટે નીર્ધાર કર્યો. ધોરણ ૧૨ સુધી વિજયાલક્ષ્મી તેજસ્વી વિદ્યાર્થી રહ્યા જેને કારણે તેમને એમબીબીએસમાં એડમિશન લેવું હતું. પણ મેડિકલ ફિલ્ડમાં અભ્યાસ કરવા મોટી રકમની ફી ભરવી પડતી હોય છે. દેશમાને પરિવાર તેમ છતાં વિજયાલક્ષ્મીને મેડિકલ ફિલ્ડમાં ભણાવવા મક્કમ હતો. એમબીબીએસની એન્ટરન્સ એક્ઝામ આપવા ભરવાની ફી પણ તેમની પાસે નહતી. શું કરવું તે માટે વિજયાલક્ષ્મીના પિતા મૂંઝાઈ રહ્યા હતા ત્યારે તેમની માતાએ ગળામાંથી મંગળસૂત્ર કાઢીને વેચવા આપી દીધું. મંગળસૂત્ર વેચીને આપેલી એમબીબીએસની એન્ટરન્સ એક્ઝામમાં વિજયાલક્ષ્મીએ ટોપ કર્યું.

> **કર્ણાટકનાં ડો. વિજયાલક્ષ્મી દેશમાનેએ બાળપણમાં એટલી ગરીબી વેઠી કે તેમાંથી ગ્રો કરી આજે ભારતનાં સૌથી પ્રતિષ્ઠિત કેન્સર સર્જન ડોક્ટર્સપૈકી એક બન્યાં છે**

એમબીબીએસનો અભ્યાસ કરવા વિજયાલક્ષ્મી પાસે એપ્રન ખરીદવાના પૈસા પણ નહતા. એક સિનિયર વિદ્યાર્થીએ જૂનું એપ્રન ફેંકી દેવા માટે કાઢ્યું હતું તે લઈને વિજયાલક્ષ્મી મેડિકલનો અભ્યાસ કરવા લાગ્યા. પણ તેમનો સંઘર્ષ અહીં સમાપ્ત ન થયો. વિજયાલક્ષ્મી મરાઠી માધ્યમમાં ભણ્યા હતા અને મેડિકલનો સમગ્ર અભ્યાસ અંગ્રેજી ભાષામાં હતો. વિજયાલક્ષ્મીને તેમાં મુશ્કેલી આવી. તેઓ એમબીબીએસના પહેલા વર્ષમાં નાપાસ થયા. તેમની પાસે બે વિકલ્પ બચ્યા હતા. આગળ અભ્યાસ કરવા અંગ્રેજી શીખવું અથવા મેડિકલ લાઈન છોડી દેવી. વિજયાલક્ષ્મીએ પ્રથમ વિકલ્પ પસંદ કર્યો. તેઓ અંગ્રેજી ભાષા શીખવા અને સમજવા રોજ કલાકો સુધી સમય આપતા. તે સાથે આગામી ટ્રાયલમાં પાસ થવા મેડિકલનો અભ્યાસ પણ કલાકો સુધી કરવા લાગ્યા. આ દરમ્યાન તેમને બીજા વિદ્યાર્થીઓની ભરપૂર મદદ મળી. આખરે અંગ્રેજી ઉપર પ્રભુત્વ મેળવીને શાકભાજીની ટોકરી માથે મૂકીને સડકો ઉપર ફરતા વિજયાલક્ષ્મી દેશમાને પોતે ડોક્ટર વિજયાલક્ષ્મી બન્યા.


ડોક્ટર વિજયાલક્ષ્મી દેશમાનેએ તે પછી ઓન્કોલોજીમાં સ્પેશ્યલાઈઝેશન કર્યું. મહિલાઓના બ્રેસ્ટ કેન્સરના નિદાન માટે અને રિસર્ચ માટે ડૉ વિજયાલક્ષ્મીએ જીવનના વર્ષો આપ્યા. મેડિકલ ફિલ્ડમાં તેમનું નામ એટલું આદરથી લેવાય છે કે માત્ર ભારત જ નહી વિદેશોમાંથી પણ તેમને અનેક સન્માન મળી ચુક્યા છે. ભારત સરકારે પણ તેમને પદ્મશ્રીથી સન્માનિત કર્યા છે. ડૉ. વિજયાલક્ષ્મી દેશમાનેના સંઘર્ષ અને તેમાંથી મેળવેલી સફળતા એટલી અનેરી છે કે તમના નામ ઉપરથી દેશ વિદેશમાં પુરસ્કારોના નામકરણ તેમના નામ ઉપરથી કરવામાં આવ્યા છે. આજે ડૉ. વિજયાલક્ષ્મી વયનિવૃત્ત થઈ ચુક્યા છે. તેમ છતાં સિત્તેર વર્ષની આયુમાં મેડિકલ ક્ષેત્રે તેઓ રોજ નિઃશુલ્ક સેવાઓ આપી કેન્સરના દર્દીઓને સારવારમાં મદદ કરી રહ્યા છે.

keyurjanitiger@gmail.com

# પ્રકાશાની અસર

## નિર્બળતા અને અસહાયતા પણ વ્યક્તિને નકારાત્મક વર્તન તરફ ધકેલી શકે છે

'હે પ્રભુ!
સંજોગો વિકટ હો ત્યારે સુંદર કેમ જીવવું તે મને શીખવ.
બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ.
પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ રાખવી તે મને શીખવ'
- કુન્દનિકા કાપડિયા




શ્રેષ્ઠ માનવીય સ્વભાવને પ્રગટાવતી પરિસ્થિતિઓ... એક મનોવૈજ્ઞાનિક નામ ફિલિપ ઝિમ્બાર્ડો. તેના મનમાં એક સવાલ ઘૂમરાતો હતો: "શું ખરેખર કેટલાક લોકો જન્મથી જ ખરાબ હોય છે, કે પછી તેમને સંજોગો ખરાબ બનાવે છે?" આ સવાલનો જવાબ શોધવા તેણે એક અનોખો પ્રયોગ કરવાનું વિચાર્યું.

વાર્તા શરૂ થાય છે ૧૯૭૧માં, સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના એક બેઝમેન્ટમાં. આ કોઈ સામાન્ય બેઝમેન્ટ નહોતું; તેને એક નકલી જેલમાં રૂપાંતરિત કરવામાં આવ્યું હતું. ઝિમ્બાર્ડોએ જાહેરાત કરી, અને ૨૪ સ્વસ્થ, સામાન્ય કોલેજના વિદ્યાર્થીઓને પ્રયોગ માટે પસંદ કર્યા. આ વિદ્યાર્થીઓ સારા ઘરમાંથી આવતા, ભણેલા-ગણેલા અને કોઈ ગુનાહિત પૃષ્ઠભૂમિ વગરના હતા. પછી તેણે એક રમત રમી. સિક્કો ઉછાળીને અડધા વિદ્યાર્થીઓને 'કેદી' બનાવ્યા, અને અડધાને 'ગાર્ડ' બનાવ્યા. વાર્તાનો વળાંક અહીંથી જ શરૂ થાય છે. પ્રયોગ શરૂ થયો. 'કેદીઓ' ને તેમના ઘરેથી પોલીસ વેનમાં ઉઠાવીને લાવવામાં આવ્યા, તેમની ધરપકડ કરાઈ, તેમને જેલના કપડાં પહેરાવ્યા, અને તેમના નામની જગ્યાએ નંબર આપ્યા. બીજી તરફ, 'ગાર્ડ્સ' ને યુનિફોર્મ, લાકડી અને ચશ્મા આપ્યા, અને તેમને જેલના નિયમો લાગુ કરવાનું કહ્યું. તેમને કોઈ તાલીમ નહોતી અપાઈ કે કેવી રીતે 'ગાર્ડ' બનવું, ફક્ત 'વ્યવસ્થા જાળવવાનું' કહેવામાં આવ્યું.



ખ્યાતિ થાનકી 'નિશબ્દા'
ફુલદાની

પહેલા દિવસે તો બધું સામાન્ય લાગ્યું, પણ ધીમે ધીમે વાર્તામાં ભયાનકતા આવતી ગઈ. 'ગાર્ડ્સ' ને જે સત્તા આપવામાં આવી હતી, તેનો તેઓ દુરુપયોગ કરવા લાગ્યા. શરૂઆતમાં સામાન્ય લાગતા આ યુવાનો ધીમે ધીમે ક્રૂર અને સત્તાવાદી બનવા લાગ્યા. તેઓ કેદીઓને અપમાનિત કરતા, તેમને ઊંઘમાંથી ઉઠાડી દેતા, સફાઈ કરાવતા, અને નાના-નાના બહાને સજા આપતા. તેમના ચહેરા પરથી કરુણા ગાયબ થવા લાગી હતી.

બીજી તરફ, કેદીઓ ધીમે ધીમે પોતાની ઓળખ ગુમાવવા લાગ્યા. તેઓ હતાશ, ડરપોક અને આજ્ઞાકારી બન્યા. કેટલાક તો એટલા ભાંગી પડ્યા કે તેમને પ્રયોગમાંથી વહેલા કાઢી નાખવા પડ્યા. તેઓએ બળવો કરવાનો પ્રયાસ કર્યો, પણ ગાર્ડ્સની સત્તા અને ક્રૂરતા સામે તેઓ લાચાર બની ગયા.

ઝિમ્બાર્ડો, જે પોતે 'જેલર'ની ભૂમિકામાં હતો, તે પણ આ ભયાનક પરિવર્તનનો સાક્ષી હતો, અને ક્યાંક ને ક્યાંક તેમાં સામેલ પણ હતો. તેણે જોયું કે કેવી રીતે આ 'સારા' યુવાનો, માત્ર થોડા દિવસોમાં જ, પોતાની ભૂમિકાઓમાં એટલા ઊંડા ઉતરી ગયા કે તેમની નૈતિકતા અને માનવતા જોખમમાં મુકાઈ ગઈ.

અંત આશ્ચર્યજનક હતો. છ દિવસમાં જ, આ પ્રયોગને અચાનક બંધ કરી દેવો પડ્યો. જો વધુ ચાલુ રહ્યો હોત, તો કદાચ કોઈ મોટો અનર્થ સર્જાઈ ગયો હોત.

ઝિમ્બાર્ડોએ આના પરથી પુસ્તક લખ્યું. તેને નામ આપ્યું "ધ લ્યુસિફર ઈફેક્ટ". "ધ લ્યુસિફર ઈફેક્ટ"ની વાર્તા એ સમજાવે છે કે માનવ સ્વભાવ જેટલો જટિલ છે, તેટલી જ જટિલ તે પરિસ્થિતિઓ છે જે તેને ઘડે છે. તે એક ચેતવણી છે, કે આપણે હંમેશા એવી વ્યવસ્થાઓ અને વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ જે માનવતા અને નૈતિકતાને પ્રોત્સાહન આપે, નહીં કે તેને દબાવી દે.

જો અમુક ભૂમિકાઓ લોકોને દમનકારી બનાવી શકતી હોય, તો અન્ય ભૂમિકાઓ તેમને કરુણાવાન અને જવાબદાર પણ બનાવી શકે છે. ઉદાહરણ તરીકે, સ્વયંસેવક બનવું, સામાજિક કાર્યકર બનવું કે શિક્ષક બનવું - આ બધી ભૂમિકાઓ વ્યક્તિને સેવાભાવી, ધીરજવાન અને સમજદાર બનાવે છે.

સકારાત્મક પરિવર્તન લાવવા માટે, દરેક સ્તરે પારદર્શિતા (હિહર્જેહ્રીહિહ્અ) અને જવાબદારી (હ્હહર્હેહહ્હીહૈઅ) અનિવાર્ય છે. જ્યારે લોકોને ખબર હોય કે તેમના કાર્યોનું નિરીક્ષણ થઈ રહ્યું છે અને તેઓ તેના માટે જવાબદાર છે, ત્યારે તેઓ વધુ નૈતિક અને કાર્યક્ષમ બને છે.

નિર્બળતા અને અસહાયતા પણ વ્યક્તિને નકારાત્મક વર્તન તરફ ધકેલી શકે છે. લોકોને સશક્ત (હ્રીં) કરવાથી, તેમને નિર્ણયો લેવાની સ્વતંત્રતા આપવાથી અને તેમના મંતવ્યોને મહત્વ આપવાથી, તેઓ વધુ રચનાત્મક અને જવાબદાર બને છે. સકારાત્મક નેતૃત્વ, ઉદાહરણ પૂરું પાડે છે અને અન્યોને પ્રેરણા આપે છે, તે સમગ્ર જૂથ કે સમાજને સકારાત્મક દિશામાં લઈ જઈ શકે છે.

**સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે શિક્ષણ એ સૌથી મોટું હથિયાર છે માટે બાળકોને નાનપણથી જ નૈતિક મૂલ્યો, સહાનુભૂતિ, સહિષ્ણુતા અને સામાજિક જવાબદારીના પાઠ શીખવવા જોઈએ**

સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે શિક્ષણ એ સૌથી મોટું હથિયાર છે. બાળકોને નાનપણથી જ નૈતિક મૂલ્યો, સહાનુભૂતિ, સહિષ્ણુતા અને સામાજિક જવાબદારીના પાઠ શીખવવા જોઈએ. "ધ લ્યુસિફર ઈફેક્ટ" જેવા સિદ્ધાંતો વિશે જાગૃતિ લાવવાથી લોકો સમજી શકે છે કે પરિસ્થિતિઓ તેમને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે અને તેઓ સભાનપણે નકારાત્મકતાથી બચી શકે છે.

માનવીય વર્તન એ સ્થિર ખ્યાલ નથી, પરંતુ તે પર્યાવરણ સાથે સતત બદલાતું રહે છે. આ સમજણ સાથે, આપણે ફક્ત "લ્યુસિફર ઈફેક્ટ" ને ટાળી શકતા નથી, પરંતુ સક્રિયપણે "એન્જલ ઈફેક્ટ" નું સર્જન કરી શકીએ છીએ, જ્યાં કરુણા, સહાનુભૂતિ અને સકારાત્મકતા માનવ અનુભવના કેન્દ્રમાં હોય. આ જ સાચી પ્રગતિ અને માનવતાનું ઉત્થાન છે.

khyatithanki82@gmail.com

---

## લાંબુ જીવવું જરૂરી છે

# આરોગ્યપ્રદ જીવનશૈલી



### આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા માટે યુવાનોએ ઝડપી ઉપાયોને બદલે લાંબાગાળાની સ્વસ્થ ટેવો પર ધ્યાન આપવું જોઈએ

આજના ઝડપથી બદલાતા જીવનમાં, આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવી એ લાંબા, સ્વસ્થ અને સંતુષ્ટ જીવનનો પાયો છે. યુવાનોમાં ફિટનેસ, આકર્ષક દેખાવ અને શારીરિક શક્તિની ઈચ્છા વધી રહી છે, પરંતુ ઝડપી પરિણામોની લાલચમાં ઘણા લોકો વધારે પડતા વિટામિન્સ, બોડી બનાવવાના રાસાયણિક દવાઓ (જેમ કે સ્ટેરોઈડ્સ) અને ન્યૂટ્રાસ્યુટિકલ્સનો ઉપયોગ કરે છે, જે ગંભીર આરોગ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. શેફાલી જરીવાલા અને માઈકલ જેક્સન જેવા કેસ આના જીવંત ઉદાહરણો છે, જે યુવાનોને ચેતવણી આપે છે કે શરીરની કાળજી માટે કુદરતી અને સંતુલિત જીવનશૈલી જ અસરકારક છે. નિષ્ણાતોના મંતવ્યો, મનોવૈજ્ઞાનિક સંશોધનો અને વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે અયોગ્ય રીતે દવાઓનો ઉપયોગ શારીરિક અને માનસિક નુકસાન પહોંચાડે છે, અને આવા કેસોની સંખ્યા ભારત અને વિશ્વમાં ઝડપથી વધી રહી છે.

શેફાલી જરીવાલાનું મૃત્યુ, જે X પરની પોસ્ટ્સ અનુસાર એન્ટી-એજિંગ ટ્રીટમેન્ટ્સ અને વિટામિન સી તથા ગ્લુટાથિયોન જેવા સપ્લિમેન્ટ્સના અતિશય ઉપયોગ સાથે સંકળાયેલું હતું, એક ચેતવણીરૂપ ઉદાહરણ છે. આવા સપ્લિમેન્ટ્સ ઘણીવાર ત્વચાને ચમકદાર બનાવવા અને યુવાન દેખાવા માટે લેવામાં આવે છે, પરંતુ નિષ્ણાતોનું કહેવું છે કે વિટામિન સી નું અતિશય સેવન કિડની પર દબાણ લાવી શકે છે, અને ગ્લુટાથિયોનના લાંબા ગાળાના ઉપયોગથી શરીરની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. એ જ રીતે, માઈકલ જેક્સનનું મૃત્યુ અનિદ્રા અને તણાવની સારવાર માટે લેવામાં આવતી શક્તિશાળી દવા પ્રોપોફોલના દુરુપયોગ સાથે જોડાયેલું હતું. આ બંને કેસ દર્શાવે છે કે ઝડપી પરિણામોની લાલચમાં દવાઓનો અયોગ્ય ઉપયોગ જીવલેણ બની શકે છે. ભારતમાં, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં, ૭૮% યુવાનો ડાયેટરી સપ્લિમેન્ટ્સ જેમ કે વિટામિન્સ, પ્રોટીન પાઉડર અને સ્ટેરોઈડ્સનો ઉપયોગ કરે છે, જેમાંથી ઘણા ડોક્ટરની સલાહ વગર આ ઉત્પાદનો લે છે.

વૈજ્ઞાનિક સંશોધનો અનુસાર, વધારે પડતા વિટામિન્સ અને રાસાયણિક દવાઓના ઉપયોગથી ગંભીર આડઅસરો થઈ શકે છે. તેમજ એન્ટી એજિંગ દવાઓથી શરીરની ઉંમર દેખાતી નથી પરંતુ શરીરના અંગોને ગંભીર નુકસાન પહોંચાડે છે.ઉદાહરણ તરીકે, એક અભ્યાસમાં જણાયું છે કે વિટામિન ડીનું અતિશય સેવન (૫,૦૦૦ IUથી વધુ) કેલ્શિયમનું સ્તર વધારી શકે છે, જેનાથી કિડનીમાં પથરી અથવા હૃદયની સમસ્યાઓ થઈ શકે છે. સ્ટેરોઈડ્સનો દુરુપયોગ લીવરની નિષ્ફળતા, હોર્મોનલ અસંતુલન અને હૃદયરોગનું જોખમ વધારે છે. ભારતમાં, ૨૦૨૨-૨૩માં ૪૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા, જેમાં અસુરક્ષિત પ્રોટીન પાઉડર અને ડાયેટરી સપ્લિમેન્ટ્સનું વેચાણ થયું હતું, જેમાં ઘણા ઉત્પાદનોમાં ખોટા દાવા અથવા વધારે પડતા ન્યૂટ્રિએન્ટ્સ હતા. વિશ્વભરમાં, ખાસ કરીને યુએસમાં, ૭૫% પુખ્ત વયના લોકો ડાયેટરી સપ્લિમેન્ટ્સનો ઉપયોગ કરે છે, જેમાંથી ૨૪.૯% લોકો ૬૦ વર્ષથી વધુ ઉંમરના ચાર કે તેથી વધુ સપ્લિમેન્ટ્સ લે છે, જે અતિશય સેવનનું જોખમ વધારે છે. ખાસ કરીને, વિટામિન બી૬ નું વધુ પડતું સેવન (૧૦૦ mgથી વધુ) નર્વ ડેમેજ અને શરીરની હિલચાલમાં સમસ્યાઓનું કારણ બની શકે છે.



દર્શક પરમાર
યુથફૂલનેસ

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી, યુવાનોમાં સુંદર દેખાવ અને ફિટનેસનું દબાણ સોશિયલ મીડિયા અને સેલિબ્રિટી સંસ્કૃતિને કારણે વધ્યું છે. એક સર્વેમાં જણાયું કે ભારતમાં ૭૧% ઘરો નિયમિત રૂપે ન્યૂટ્રાસ્યુટિકલ્સ લે છે, પરંતુ ૬૯% લોકો ડોક્ટરની સલાહ વગર આ ઉત્પાદનો ખરીદે છે. આ દબાણ યુવાનોને ઝડપી ઉપાયો તરફ દોરી જાય છે, જેનાથી શારીરિક નુકસાન ઉપરાંત માનસિક તણાવ અને આત્મવિશ્વાસનો અભાવ પણ વધે છે. મનોવૈજ્ઞાનિકોનું માનવું છે કે સ્વ-સ્વીકૃતિ અને માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન આપવાથી આવા જોખમી વલણો ઘટાડી શકાય છે. કેલિફોર્નિયા યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાયું કે સંતુલિત જીવનશૈલી અપનાવનારા લોકોમાં દવાઓની નિર્ભરતા ઓછી હોય છે, અને તેઓ લાંબું અને સ્વસ્થ જીવન જીવે છે.

ભારતમાં ન્યૂટ્રાસ્યુટિકલ્સનું બજાર ઝડપથી વધી રહ્યું છે, જે ૨૦૨૪માં ૨૩,૯૭૫.૨ મિલિયન ડોલરથી ૨૦૩૩ સુધીમાં ૫૭,૪૬૪.૨ મિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે, જે ૧૦.૨%ના સીએજીઆર દર્શાવે છે. આ વૃદ્ધિનું મુખ્ય કારણ રોગપ્રતિકારક શક્તિ વધારવા અને લાઈફસ્ટાઈલ ડિસીઝને રોકવા માટેની જાગૃતિ છે. જોકે, આ બજારની સાથે જોખમો પણ વધ્યા છે, કારણ કે ઘણા ઉત્પાદનોમાં ન્યૂટ્રિએન્ટ્સનું પ્રમાણ રેકોમેન્ડેડ ડેઈલી એલાઉન્સ કરતાં વધુ હોય છે, જે ઝેરી અસરોનું કારણ બની શકે છે. વિશ્વભરમાં, ખાસ કરીને વિકસિત દેશોમાં, ૮૧% ઓલિમ્પિક ખેલાડીઓ ૨૦૦૨માં અને ૭૩% ૨૦૦૯માં ડાયેટરી સપ્લિમેન્ટ્સનો ઉપયોગ કરતા હતા, જેમાંથી ઘણા કેસોમાં ન્યૂટ્રિએન્ટનું અતિશય સેવન જોવા મળ્યું હતું.

આયુર્વેદિક નિષ્ણાતો ભલામણ કરે છે કે શતાવરી, આમળા અને કુંવારપાઠું જેવી કુદરતી વનસ્પતિઓનો ઉપયોગ ડોક્ટરની સલાહથી કરવો જોઈએ, કારણ કે તે શરીરને પોષણ આપે છે અને આડઅસરોનું જોખમ ઘટાડે છે. ઉદાહરણ તરીકે, કુંવારપાઠું ડાયાબિટીસ અને ત્વચાના રોગોમાં ફાયદાકારક છે, પરંતુ તેનો અતિશય ઉપયોગ પેટની સમસ્યાઓનું કારણ બની શકે છે. એ જ રીતે, નિયમિત કસરત, સંતુલિત આહાર (જેમાં ફાઈબર, ફળો અને શાકભાજીનો સમાવેશ થાય) અને પૂરતી ઊંઘ શરીરની કુદરતી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. એક અભ્યાસમાં જણાયું કે જે લોકો ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં મેગ્નેશિયમ, ઝીંક અને વિટામિન એ અને કે મેળવે છે, તેમનામાં મૃત્યુનું જોખમ ઓછું હોય છે, જ્યારે સપ્લિમેન્ટ્સથી આ લાભ મળતો નથી.

આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા માટે યુવાનોએ ઝડપી ઉપાયોને બદલે લાંબા ગાળાની સ્વસ્થ ટેવો પર ધ્યાન આપવું જોઈએ. શેફાલી જરીવાલા અને માઈકલ જેક્સનના કેસ બતાવે છે કે દેખાવ કે પરફોર્મન્સની લાલચમાં દવાઓનો અયોગ્ય ઉપયોગ જીવન માટે જોખમી બની શકે છે. ભારતમાં ૪૦,૦૦૦થી વધુ કેસો અને વિશ્વભરમાં લાખો લોકોના આરોગ્ય પર થતી આડઅસરો દર્શાવે છે કે ડોક્ટરની સલાહ વગર સપ્લિમેન્ટ્સનો ઉપયોગ ટાળવો જોઈએ. સંતુલિત આહાર, નિયમિત કસરત, પૂરતી ઊંઘ અને માનસિક શાંતિ એ લાંબા અને સ્વસ્થ જીવનનો આધાર છે. યુવાનોએ આરોગ્ય પ્રત્યે સભાન રહી, કુદરતી રીતે જીવન જીવવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી તેઓ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહી શકે.

dkbbit@gmail.com

**શેફાલી જરીવાલા અને માઈકલ જેક્સન જેવા કેસ આના જીવંત ઉદાહરણો છે, જે યુવાનોને ચેતવણી આપે છે કે શરીરની કાળજી માટે કુદરતી અને સંતુલિત જીવનશૈલી જ અસરકારક છે**

---

### નવાં કપડાં, મોંઘેરા બૂટ, સ્પોર્ટ્સ બાઈક વગેરે ખોટા ખર્ચા છે, જેની જગ્યાએ ભણતરની સાથે જે પૈસા બચાવી તેનું યોગ્ય જગ્યાએ રોકાણ કરવું પણ સારો વિકલ્પ છે

# પ્રથમવાર કોલેજમાં જતાં હોય તો આટલું જાણી લેજો



થોડા દિવસોમાં કોલેજનું નવું સત્ર શરૂ થવાનું છે. આ વર્ષે ઘણા વિદ્યાર્થીઓ પહેલી વાર કોલેજના ઉંબરે પગ મૂકવાના છે, માટે તેમના હૃદયમાં એ બાબતનો ઉત્સાહ હોવો સ્વાભાવિક વાત છે. કોલેજને આપણે ત્યાં આમ તો મનફાવે એમ આઝાદી પૂર્વક જીવવાના કેટલાક વર્ષો તરીકે જોવામાં આવે છે. પણ જો કોલેજ જતા પહેલા અને કોલેજ શરૂ થયા બાદ કેટલીક ચોક્કસ બાબતોનું ધ્યાન ન રાખવામાં આવે તો કોલેજ લાઈફ બરબાદ થઈ શકે છે. ઘણીવાર તો અમુક ભૂલને લીધે વિદ્યાર્થીનું આખું વર્ષ પણ બગડે છે. માટે પહેલી વાર કોલેજમાં જતા હોય ત્યારે કઈ બાબતનું ધ્યાન રાખવું તેના વિશેની આ વાત છે.

સમીર ઉદેશી
માર્ગદર્શન

પ્રથમ વાર કોલેજ જતા વિદ્યાર્થીઓએ એ વાત અચૂક મગજમાં બેસાડી લેવી કે સ્કૂલ અને કોલેજ બંનેના વાતાવરણ અને ભણતર પ્રણાલીમાં ઘણો ફરક હોય છે. માટે કોલેજ અને સ્કૂલ બંને વચ્ચે કોઈ સામ્યતા હશે એવું વિચારતા હોવ તો એ તમારી ભૂલ છે.

સ્કૂલમાં ભણતા બાળકોને તેમના અભ્યાસક્રમ, ટાઈમ ટેબલ, ક્લાસના ટાઈમિંગ, વિષય વગેરેની તમામ જાણકારી શિક્ષકો દ્વારા પૂરી પાડવામાં આવે છે, જ્યારે કોલેજમાં એ તમામ વિગતો પોતે મેળવવી પડે છે. માટે કોલેજના પ્રથમ દિવસે યોગ્ય પ્લાન બનાવી તમામ જાણકારી મેળવી લેવી જોઈએ. ટાઈમ ટેબલ અનુસાર પોતાનો સમય ગોઠવવો અને જે વિષય તમારે ભણવાનો છે તેનું સ્ટડી મટીરીયલ ક્યાંથી મળશે એ વિગત પણ અચૂક મેળવી લેવી.

ઘણીવાર કેટલાક વિદ્યાર્થી પોતાનો ખર્ચ ઉઠાવવા પાર્ટ ટાઈમ નોકરી પણ કરતા હોય છે. માટે તેવા વિદ્યાર્થીઓએ કોલેજમાં તેમના લેક્ચરનો સમય અગાઉ જાણી તે મુજબ પોતાની નોકરીનો સમય ગોઠવી લેવો જોઈએ, જેથી તેમના ભણતર અને નોકરી વચ્ચેનું સંતુલન જળવાઈ રહે.

નાની કોલેજો તો હવે લગભગ દરેક તાલુકામાં જોવા મળે છે, પણ અમુક કોર્સ કરવા વિદ્યાર્થીઓને શહેરમાં આવેલી યુનિવર્સિટીમાં જ પ્રવેશ મેળવવો પડે છે. જેની સાથે શહેરમાં રહેવાની વ્યવસ્થા પણ એડમિશન સાથે જ અગાઉ કરી લેવી જોઈએ. જેના માટે શહેરમાં વસતા કોઈ સગા-સબંધી, મિત્રની સલાહ લઈ શકાય. મોટાભાગે બધી જ યુનિવર્સિટીમાં હોસ્ટેલની સુવિધા હોય છે, માટે જો એમાં જગ્યા મળી જાય એવો પ્રયાસ સૌપ્રથમ કરવો. કારણ કે ખાનગી હોસ્ટેલ મોંઘી અને કોલેજથી દુર હોય શકે છે, એટલે તમારો ઘણોખરો સમય કોલેજ આવવા જવામાં વેડફાય જશે.

તમે પ્રથમ વાર કોલેજ જતા હોવ તો તમારી વાર્ષિક ફી તો કદાચ અગાઉ ભરી દેવામાં આવી હશે, પરંતુ કોલેજમાં ભણતી વખતે તમારો ખર્ચ કઈ રીતે નીકળશે તેના વિશે પહેલેથી વિચારીને ચાલવું. જો કોલેજ તમારા ઘરથી દૂર હોય અથવા અન્ય શહેરમાં હોય તો તમારો ખર્ચ સ્વાભાવિક રીતે વધવાનો. જેના માટે તમે તમારે પરિવાર પર નિર્ભર ન રહેવું પડે એવો પ્રયાસ કરવો. તમારા ઘરેથી તમને માસિક ખર્ચ મળતો હોય તો પણ પૈસા કઈ રીતે બચે અને ખર્ચ કઈ રીતે કાબુમાં રખાય તે બાબતનું હમેશા ધ્યાન રાખવું. ઘણીવાર ઘરેથી પૈસા મળતા હોય એટલે વિદ્યાર્થી ખોટા રવાડે ચડી શકે છે. નવા કપડા, મોંઘેરા બુટ, સ્પોર્ટ્સ બાઈક વગેરે ખોટા ખર્ચા છે, જેની જગ્યાએ ભણતરની સાથે જે પૈસા બચાવી તેનું યોગ્ય જગ્યાએ રોકાણ કરવું પણ સારો વિકલ્પ છે.

કોલેજમાં હાજરીને લઈને ઘણા લોકો મજાક ઉડાવતા હોય છે. પણ અસલ જિંદગીમાં જો કોલેજમાં દરરોજ જાવ અને યોગ્ય રીતે ધ્યાન આપી બધા જ વિષયના લેક્ચરમાં બેસો તો તમારો ટ્યુશનનો ખર્ચ બચી શકે છે. કોલેજનું ભણતર સાવ ચોપડિયું જ્ઞાન નથી હોતું, માટે દરેક લેક્ચરમાં પ્રોફેસર શું શીખવે છે એનું ધ્યાન રાખવું જ એકમાત્ર યોગ્ય વિકલ્પ છે. આમ તો હવે બધી કોલેજના પરિસરમાં જ નોટ્સ મળતી હોય છે જે ખરીદી વિદ્યાર્થીઓ પાસ થવા પૂરતા માર્ક તો મેળવી જ શકે છે. પણ તેનાથી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ નહિ થાય. એ માટે તો પ્રોફેસરે ભણાવે ત્યારે જ ધ્યાન આપવું આવશ્યક છે.

ક્યારેક કોઈ લેક્ચર ભરી ન શકાય એવા સંજોગોમાં પુસ્તક વાંચન પણ સારો વિકલ્પ છે. દરેક યુનિવર્સિટીમાં લાઈબ્રેરી આવેલી હોય છે, જેમાં તમારા કોર્સના વિષય આધારિત ઘણી વાંચન સામગ્રી મળી રહેશે. જે વિદ્યાર્થીઓને પુસ્તક વાંચવામાં કંટાળો આવતો હોય એમના માટે તો હવે ઓડિયો લાઈબ્રેરીની સુવિધા પણ જોવા મળે છે.

કોલેજમાં ભણતા સેંકડો બાળકોને પોતાના ઘરથી દૂર રહેવુ પડે છે. તેવા સંજોગોમાં બાળકો બગડે તેની શક્યતા પણ ઘણી વધી જાય છે. વિદ્યાર્થીઓએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે તેમની સંગત સારી હોય. કોલેજ લાઈફ દરમિયાન એવા મિત્રો બનાવો કે જે તમને બગાડવાની જગ્યાએ ખોટા રસ્તેથી પાછા વળવામાં મદદરૂપ થાય. જેથી તમે કોઈ પણ પ્રકારના વ્યસનમાં ફસાય ન જાવ. જો તમને કોલેજમાં ભણતી વખતે તણા અનુભવતા હોવો તો ઘણી કોલેજમાં એ માટે ખાસ સાયકોલોજિસ્ટની સુવિધા હોય છે.

---


# અંક ૫ અને બુધનું વેપારી કૌશલ્ય!



અંક ૫ એટલે બુધનો અંક અને બુધ એટલે બુદ્ધિ કૌશલ્ય, વેપારી કૌશલ્ય અને વાણી કૌશલ્યનો ગ્રહ! અંક ૫ને આ ત્રણેય કૌશલ્યનો લાભ શરૂઆતથી જ મળે છે. તેમાંથી બુદ્ધિ કૌશલ્ય અને વેપારી કૌશલ્ય શેરબજારમાં સૌથી વધારે લાભ આપે છે. તેમના બળથી જાતક યોગ્ય સોદાઓ દ્વારા શેરબજારમાંથી સારો એવો નફો અંકે કરી શકે છે. તમારો જન્મ જો કોઈ પણ મહિનાની ૫, ૧૪ કે ૨૩મી તારીખે થયો હોય તો તમે અંક ૫ ધરાવો છો. એમાં પણ જો આ તારીખોએ બુધવાર આવતો હોય તો તમારા માટે તે સોનામાં સુગંધ છે. તમારા માટે તે જન્માંક હોવાની સાથે જ શુભાંક પણ છે અને ભાગ્યાંક પણ છે. આ અંક સાથે જો તમે કોઈ પણ મહિનાની ૫, ૧૪ કે ૨૩મી તારીખે શેરબજારમાં સોદા કરો તો તે તમારા માટે સૌથી વધારે લાભદાયક સાબિત થઈ શકે છે. એમાં પણ આ તારીખોએ જો બુધવાર હશે તો તમારા માટે તે અત્યંત સફળતા અને સમૃદ્ધિનો દિવસ બની રહેશે.

શેરબજારમાં સફળતા માટે સૂર્ય અને ગુરૂનું બળ હોવું હંમેશાં જરૂરી હોય છે. હવે જો તમારી પાસે સૂર્યનું બળ હોય તો બુધનું બળ તેમાં ઉમેરો કરી આપશે. સૂર્ય નાણાંકીય બાબતોનો ગ્રહ છે અને બુધ વેપારી કૌશલ્યની સાથે બુદ્ધિ કૌશલ્ય આપતો ગ્રહ છે. આ બંને ભેગા થઈને શેરબજારમાં ધારી તેમજ અણધારી સફળતાઓ આપે છે.

તમારો જન્માંક જો પાંચ હોય તો ૨૧ મેથી ૨૭ જુન સુધીનો સમય તેમજ ૨૧ ઓગષ્ટથી ૨૭ સપ્ટેમ્બર સુધીનો સમય તમારા માટે શુભ છે. આ સમય દરમ્યાન સમજદારી સાથે કરવામાં આવેલા સોદા બહુ લાભદાયક સાબિત થઈ શકે છે. ઉપરાંત બુધવાર અથવા શુક્રવારે કરેલા સોદા પણ નફાકારક બની શકે છે.



વિનોદ શાહ
ગ્રહયોગ અર્થયોગ

જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ મિથુન અને કન્યા રાશિ બુધની રાશિઓ છે. અંક ૫ ધરાવતા જાતકમાં આ બંને રાશિઓના ગુણ જોવા મળી શકે છે. બંને રાશિઓમાં ચંચળતાનો ગુણ સામાન્ય છે. તમારો જન્માંક જો ૫ હોય તો તમારામાં પણ આ ગુણ હોઈ શકે છે. શેરબજારમાં તે બહુ મોટો અવગુણ સાબિત થઈ શકે છે. આ કારણે બુધની સાથે સાથે તમારી પાસે સૂર્યનું અથવા ગુરૂનું બળ હોવું જરૂરી હોય છે. તેમાં પણ ગુરૂ કરતાં સૂર્યનું બળ વધારે કામ કરે છે કારણ કે બુધ અને સૂર્ય ખૂબ સારા મિત્રો છે.

અંક ૫ અને અંક ૬ની વચ્ચે એક વિશેષ સંબંધ છે. બુધના પ્રભાવ નીચે અંક ૫ વેપાર અને બુદ્ધિનો અંક છે તો શુક્રના પ્રભાવ નીચે અંક ૬ સમૃદ્ધિનો ગ્રહ છે. જો આ બંને અંકો તેમજ બંને ગ્રહોનું બળ એક સાથે કામ કરે તો જાતક શેરબજારમાં ધાર્યાં નિશાન સર કરી શકે છે. તેના માટે શેરબજાર એક ટંકશાળ સાબિત થઈ શકે છે. બુધનું વેપાર કૌશલ્ય અને શુક્રની સમૃદ્ધિ જાતકને સરળતાથી સફળતા અને સમૃદ્ધિ તરફ દોરી જાય છે.

જો કે બુધને બીજા કશા કરતાં ક્યારેક રાહુ બહુ ખરાબ રીતે નડી જાય છે. રાહુ એક તો છેતરામણો ગ્રહ છે અને શેરબજારમાં તે માનવને ગમે ત્યારે સટ્ટા તરફ દોરી જાય છે. બુધમાં અધીરતાનો અવગુણ રહેલો છે અને રાહુ તેનો જ ગેરલાભ લે છે. તે સફળતા માટેના શોર્ટ-કટની લાલચ દ્વારા જાતકને સટ્ટાના માર્ગે લઈ જાય છે. જ્યાં આમ બને છે ત્યાં જાતકનો બધો લાભ કોઈ એક મોટા નુકસાનમાં બદલાઈ જાય છે. ક્યારેક તો તે જીવનભરની કમાણી ગુમાવી દે છે. આવું જ શુક્રની સાથે પણ થવાની સંભાવના રહે છે. આથી અંક ૫ અને અંક ૬, આ બંનેએ રાહુના પ્રભાવથી સતત સાવધ રહેવાનું હોય છે.

**તમારો જન્માંક જો પાંચ હોય તો ૨૧ મેથી ૨૭ જૂન સુધીનો સમય તેમજ ૨૧ ઓગસ્ટથી ૨૭ સપ્ટેમ્બર સુધીનો સમય તમારા માટે શુભ છે**

અંક ૫ ધરાવતા જાતકો જો સલાહકાર બને તો પણ તે વેપારના ક્ષેત્રે તેમજ શેરબજારના ક્ષેત્રે સારી એવી સફળતા પામી શકે છે.

એક વિશેષ નોંધ: અંક ૫ના માનવો જો જન્મથી સારા હોય તો તે આજીવન સારા રહે છે અને જો જન્મથી ખરાબ હોય તો આજીવન ખરાબ રહે છે. આ જ બાબત તેમના શેરબજારના સોદાઓ ઉપર પણ એટલી જ અસર કરે છે. તે જો સફળ તો સફળ અને નિષ્ફળ તો નિષ્ફળ!

vhshahsays@gmail.com

**રાહુ એક તો છેતરામણો ગ્રહ છે અને શેરબજારમાં તે માનવને ગમે ત્યારે સટ્ટા તરફ દોરી જાય છે**

બાંગ્લાદેશી અમ્પાયરનો શરમજનક નિર્ણયઃ ભારતીય ટીમને ખરાબ અમ્પાયરિંગનો અનુભવ

# આકાશદીપને બે વાર ખોટો આઉટ આપ્યો, DRSએ પોલ ખોલી



લોર્ડ્સ, તા.૧૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્સમાં ત્રીજી ટેસ્ટ રમાઈ રહી છે. આ મેચમાં ભારતીય ટીમને ખરાબ અમ્પાયરિંગનો અનુભવ થયો. શનિવારે લોર્ડ્સ ટેસ્ટના ત્રીજા દિવસે બાંગ્લાદેશી અમ્પાયર શરફુદ્દૌલાએ ભારતીય ક્રિકેટર આકાશદીપને બે વાર LBW આઉટ જાહેર કર્યો હતો, પરંતુ બંને વખત તેમનો નિર્ણય ખોટો સાબિત થયો હતો. તમને જણાવી દઈએ કે ભૂતકાળમાં પણ એવી કેટલીક ઘટનાઓ બની છે જ્યારે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ શરફુદ્દૌલાના ખરાબ અમ્પાયરિંગ નિર્ણયોથી પરેશાન થયા છે. આ ઘટના ભારતના પ્રથમ દાવની ૧૧૪મી ઓવરની છે જ્યારે આકાશદીપને બાંગ્લાદેશી અમ્પાયર શરફુદ્દૌલાએ બે વાર ન્યુ આઉટ આપ્યો હતો, પરંતુ જ્યારે ભારતીય ક્રિકેટરે ફઈજી લીધો ત્યારે સત્ય બહાર આવ્યું. પહેલી ઘટના ૧૧૪મી ઓવરના બીજા બોલ પર બની હતી જ્યારે ક્રિસ વોક્સનો ઈનસ્વિંગ બોલ આકાશદીપના આગળના પેડ પર વાગ્યો હતો. શરફુદ્દૌલાએ આકાશદીપને ન્યુ આઉટ આપ્યો હતો, પરંતુ આ ભારતીય ક્રિકેટરે તરત જ ફઈજી લીધો હતો. રિપ્લેમાં દેખાતું હતું કે બોલ સ્ટમ્પ ચૂકી રહ્યો હતો, તેથી શરફુદ્દૌલાએ પોતાનો નિર્ણય બદલવો પડ્યો.ફરી એક વાર તે જ ઓવરમાં ક્રિસ વોક્સનો પાંચમો બોલ આકાશદીપના પેડ પર વાગ્યો. શરફુદ્દૌલાએ ફરી એકવાર આંગળી ઉંચી કરીને આકાશદીપને ન્યુ આઉટ આપ્યો. આકાશદીપે ફરી એકવાર ફઈજી લીધો. ફઈજી એ ફરીથી શરફુદ્દૌલાની પોલ ખોલી. રિપ્લેમાં દેખાઈ આવ્યું કે બોલ સ્ટમ્પ ચૂકી રહ્યો હતો, તેથી શરફુદ્દૌલાને બીજી વાર પોતાનો નિર્ણય બદલવો પડ્યો. શરફુદ્દૌલાને દુનિયા સામે શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું. ભારત પાસે ફઈજી હતો, તેથી આકાશદીપ બે વાર બચી ગયો અને અમ્પાયરની વાસ્તવિકતા દુનિયા સામે ખુલ્લી પડી ગઈ. શરફુદ્દૌલાને સોશિયલ મીડિયા પર પણ ભારે ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની પહેલી ઈનિંગમાં ૩૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતનો આ સ્કોર ઈંગ્લેન્ડના પ્રથમ દાવના સ્કોર જેટલો જ હતો. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ફક્ત નવમી વાર આવું બન્યું. લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૩૮૭ રન બનાવ્યા હતા. ભારતીય ટીમનો પ્રથમ દાવ પણ ૩૮૭ રન પર સમાપ્ત થયો હતો. ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ભારતને આ સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેણે ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ત્રીજા દિવસના અંતે ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૨ રન બનાવ્યા હતા.

શેફાલી વર્માની તોફાની ઈનિંગ્સ વ્યર્થ ગઈ : ભારતીય ટીમે શ્રેણી ૩-૨થી જીતી

# ટીમ ઈન્ડિયા સામે પાંચમી T20માં ઈંગ્લેન્ડે છેલ્લા બોલે મેચ જીતી લીધી

બર્મિંગહામ, તા.૧૩

શનિવારે બર્મિંગહામના એજબેસ્ટન સ્ટેડિયમ ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમે ભારતને ૫ વિકેટથી હરાવ્યું. જોકે, ભારતીય ટીમે શ્રેણી ૩-૨થી જીતી લીધી. પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ, ભારતે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૭ રન બનાવ્યા. જેમાં ઓપનર શેફાલી વર્માએ ૪૧ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૭૫ રનની તોફાની ઈનિંગ રમી હતી. તેના સિવાય રિચા ઘોષે ૨૪ રનનું યોગદાન આપ્યું. ઈંગ્લેન્ડ તરફથી ચાર્લી ડીને ૩ વિકેટ, સોફી એક્લેસ્ટોને ૨ વિકેટ, લિન્સે સ્મિથ અને એમ આર્લોટે



૧-૧ વિકેટ લીધી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની મહિલા ટીમે ૫ વિકેટ ગુમાવી દીધી અને છેલ્લા બોલ પર રોમાંચક વિજય મેળવ્યો. ડેનિયલ વ્યાટ-હોજ-સોફિયા ડંકલીની ઓપનિંગ જોડીએ પ્રથમ વિકેટ માટે ૧૦૧ રનની ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને શાનદાર શરૂઆત અપાવી. વ્યાટ-હોજે ૩૭ બોલમાં ૫૬ અને ડંકલીએ ૩૦ બોલમાં ૪૬ રન બનાવ્યા. આ ઉપરાંત કેપ્ટન ટેમી બ્યુમોન્ટે ૨૦ બોલમાં ૩૦ રનની ઈનિંગ રમી હતી. ભારત તરફથી દીપ્તિ શર્મા અને અરુંધતી રેડ્ડીએ ૨-૨ વિકેટ અને રાધા યાદવે ૧ વિકેટ લીધી. શ્રેણીમાં મહત્તમ ૧૦ વિકેટ લેવા બદલ શ્રી ચારાણીને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. હવે ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી રમાશે, જે ૧૬ જુલાઈથી સાઉથમ્પ્ટનથી શરૂ થશે. બીજી વનડે ૧૯ જુલાઈએ લોર્ડ્સ ખાતે અને ત્રીજી અને અંતિમ વનડે ૨૨ જુલાઈએ ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે રમાશે.

વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ

# જમૈકા ટેસ્ટના પહેલા દિવસે ૧૧ વિકેટ પડી : ઑસ્ટ્રેલિયા 225 રનમાં આઉટ

જમૈકા, તા.૧૩

વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેસ્ટ શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ જમૈકાના સબીના પાર્ક ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે જ્યાં મેચના પહેલા દિવસે બોલરોનું વર્ચસ્વ રહ્યું અને કુલ ૧૧ વિકેટ પડી ગઈ. નોંધનીય છે કે આ દરમિયાન ઓસ્ટ્રેલિયન ટીમ પોતાની પહેલી ઈનિંગમાં ફક્ત ૭૦.૩ ઓવર જ રમી શકી હતી અને ૨૨૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. રવિવાર, ૧૩ જુલાઈના રોજ જમૈકા ટેસ્ટના પહેલા દિવસે, ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, ત્યારબાદ કેરેબિયન બોલરોએ એવો તબાહી મચાવી કે મુલાકાતી ટીમનો



એક પણ બેટ્સમેન ફિફ્ટી ફટકારી શક્યો નહીં. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટીવ સ્મિથે પહેલી ઈનિંગમાં સૌથી મોટી ઈનિંગ રમી હતી અને ૬૬ બોલમાં ૮ ચોગ્ગાની મદદથી ૪૮ રન બનાવ્યા હતા. તેમના સિવાય કેમેરોન ગ્રીને ૧૦૮ બોલનો સામનો કર્યો અને ૪૬ રન ઉમેર્યા. એલેક્સ કેરી (૨૧), ટ્રેવિસ હેડ (૨૦) અને પેટ કમિન્સ (૨૪) એ પણ કેટલાક રન ઉમેર્યા પરંતુ તેમને મોટા સ્કોરમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ રહ્યા. ઉસ્માન ખ્વાજા (૨૩) અને સેમ કોન્સ્ટાજા (૧૭) લાંબા સમય સુધી પીચ પર ટકી શક્યા નહીં અને સસ્તામાં આઉટ થઈ ગયા. આ રીતે, ઓસ્ટ્રેલિયા તેની પહેલી ઈનિંગમાં ૭૦.૩ ઓવરમાં ફક્ત ૨૨૫ રનમાં ઓલઆઉટ થઈ ગયું. ઉલ્લેખનીય છે કે રમતના પહેલા દિવસે કેરેબિયન બોલરોએ ફરી એકવાર પ્રભાવિત કર્યા. ટીમ તરફથી શામર જોસેફ સૌથી સફળ બોલર રહ્યો, તેણે ૧૭.૩ ઓવરમાં ૩૩ રન આપીને ૪ વિકેટ લીધી. તેમના સિવાય, જેડેન સીલ્સે પણ શાનદાર બોલિંગ કરી અને ૧૬ ઓવરમાં ૫૯ રન આપીને ૩ વિકેટ લીધી. જસ્ટિન ગ્રીવ્સે પણ લીડ લીધી અને ૧૪ ઓવરમાં ૫૬ રન આપીને ૩ વિકેટ લીધી. ઓસ્ટ્રેલિયાની પહેલી ઈનિંગ સમાપ્ત થયા પછી, વેસ્ટ ઈન્ડીઝને પણ ૯ ઓવર રમવાની તક મળી જ્યાં તેઓ એક વિકેટ ગુમાવ્યા બાદ ફક્ત ૧૬ રન બનાવી શક્યા.

જડ્ડુએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઇતિહાસમાં એક દુર્લભ સિદ્ધિ હાંસલ

# જાડેજાના WTCમાં ૨૦૦૦થી વધુ રન, ૧૫ અડધી સદી અને ૧૩૦ વિકેટ લેનાર એકમાત્ર ખેલાડી

લોર્ડ્સ, તા.૧૩

લોર્ડ્સ ટેસ્ટના પ્રથમ દાવમાં ટીમ ઈન્ડિયા ૩૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. પરંતુ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા (૭૨) એ પોતાની અડધી સદીથી બધાને પ્રભાવિત કર્યા. તેણે ત્રીજા દિવસે કેએલ રાહુલ (૧૦૦) અને ઋષભ પંત (૭૦) સાથે ટીમ ઈન્ડિયાની બેટિંગમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પરંતુ જાડેજાએ પોતાની અડધી સદીથી બધાને પ્રભાવિત કર્યા. આ સાથે તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો. ત્રીજા દિવસે, જ્યારે ટીમ ઈન્ડિયાએ એક પછી એક બે વિકેટ ગુમાવી દીધી, ત્યારે જડ્ડુ બેટિંગ કરવા આવ્યો. પછી તેણે પંત, નીતિશ કુમાર રેડ્ડી અને વૉશિંગ્ટન સુંદર સાથે



સારી ભાગીદારી કરી. જોકે, પોતાની અડધી સદી પૂરી કર્યા પછી, સદી તરફ આગળ વધી રહેલા જાડેજા ૭૨ રન બનાવીને ક્રિસ વોક્સના બોલ પર આઉટ થયા બાદ પેવેલિયન પરત ફર્યા. પરંતુ તેણે એક દુર્લભ રેકોર્ડ પોતાના નામે કર્યો. જડ્ડુએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં એક દુર્લભ સિદ્ધિ હાંસલ કરી છે. લોર્ડ્સમાં અડધી સદી ફટકારવાની સાથે, જાડેજાએ ડબ્લ્યુટીસીમાં ૨૦૦૦ રન પૂરા કર્યા છે. આ જાડેજાની ડબ્લ્યુટીસીમાં ૧૫મી અડધી સદી છે. તેણે બોલિંગમાં પણ ૧૩૦ વિકેટ લઈને પોતાની તાકાત બતાવી. આ રીતે, જાડેજાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ૨૦૦૦થી વધુ રન, ૧૫ અડધી સદી અને ૧૩૦ વિકેટ લેનાર એકમાત્ર ખેલાડી બનવાનો રેકોર્ડ બનાવ્યો. આ ડબ્લ્યુટીસીમાં આવા આંકડા નોંધાવનાર તે એકમાત્ર ખેલાડી છે. ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી શ્રેણીમાં બોલિંગમાં ખરાબ પ્રદર્શન કરનાર જડ્ડુએ બેટિંગમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. પહેલી ટેસ્ટમાં તે નિષ્ફળ ગયો હોવા છતાં, બીજી મેચમાં તેણે પ્રભાવિત કર્યો. એજબેસ્ટન ખાતે રમાયેલી બીજી મેચમાં, જડ્ડુએ બંને ઈનિંગ્સમાં ૫૦ થી વધુ સ્કોર કરીને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

વૉશિંગ્ટન સુંદરે લોર્ડ્સ ટેસ્ટમાં ૪ વિકેટ લઈને તબાહી મચાવી

# ઈંગ્લેન્ડે ભારતને જીતવા માટે ફક્ત ૧૯૩ રનનો લક્ષ્યાંક આપ્યો

લોર્ડ્સ, તા.૧૩

ઈંગ્લેન્ડે લોર્ડ્સ ટેસ્ટ મેચ જીતવા માટે ભારતને ૧૯૩ રનનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતીય બોલરોએ મેચના ચોથા દિવસે ઈંગ્લેન્ડનો બીજો દાવ ૧૯૨ રન પર સમેટી દીધો છે. ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે સૌથી વધુ ૪૦ રન બનાવ્યા. ટીમ ઈન્ડિયા તરફથી વૉશિંગ્ટન સુંદરે સૌથી વધુ ૪ વિકેટ લીધી. જ્યારે મોહમ્મદ સિરાજ અને જસપ્રીત બુમરાહએ ૨-૨ વિકેટ લીધી. આકાશ દીપ અને નીતિશ કુમાર રેડ્ડીએ ૧-૧ વિકેટ મેળવી. લોર્ડ્સ ટેસ્ટના ચોથા દિવસે , મોહમ્મદ સિરાજે બેન ડકેટ ( ૧૨ ) અને ઓલી પોલ (૪) ને વહેલા આઉટ કરીને ટીમ ઈન્ડિયાને સારી શરૂઆત અપાવી . આ પછી , નીતિશ કુમાર રેડ્ડીએ જેક ક્રાઉલીને ૨૨ રનના વ્યક્તિગત સ્કોર પર



પેવેલિયન મોકલ્યો. આ પછી, નંબર-૫ પર બેટિંગ કરવા આવેલા હેરી બ્રુક ઝડપથી રન બનાવી રહ્યા હતા, પરંતુ પછી આકાશ દીપે બ્રુકને ક્લીન બોલ્ડ કર્યો . હેરી બ્રુક આકાશ દીપનો બોલ સમજી શક્યો નહીં અને બોલ્ડ આઉટ થયો . હેરી બ્રુકે ૧૯ બોલમાં ૨૨ રન બનાવ્યા . આ પછી, વૉશિંગ્ટન સુંદરે જો રૂટ અને બેન સ્ટોક્સના રૂપમાં ઈંગ્લેન્ડને બે મોટા આંચકા આપ્યા. આ સાથે ટીમ ઈન્ડિયાએ આ મેચ પર કબજો જમાવ્યો. જો રૂટ ૪૦ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. જ્યારે બેન સ્ટોક્સે ૩૩ રન બનાવ્યા. આ પછી, આખી ઈંગ્લેન્ડ ટીમ રનમાં સમેટાઈ ગઈ. લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરીને ૩૮૭ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે સદી ફટકારી હતી . જવાબમાં ભારતનો પહેલો દાવ પણ ૩૮૭ રન પર સમાપ્ત થયો હતો. ટીમ ઈન્ડિયા તરફથી કેએલ રાહુલે સદી ફટકારી હતી. જ્યારે ઋષભ પંતે ૭૪ રન અને રવિન્દ્ર જાડેજાએ ૭૨ રનનું યોગદાન આપ્યું હતું . હવે ભારત પાસે લોર્ડ્સ ટેસ્ટ જીતવા માટે ૧૯૩ રનનો લક્ષ્યાંક છે. હવે એ જોવું રસપ્રદ રહેશે કે ટીમ ઈન્ડિયા આ લક્ષ્ય કેટલી ઝડપથી પ્રાપ્ત કરે છે.

શુભમન ગિલની ટીમ ઈન્ડિયાએ માત્ર ત્રણ ટેસ્ટમાં એક મોટો રેકોર્ડ તોડી નાખ્યો

# ભારતે એક ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ છગ્ગા ફટકાર્યા

## ન્યુઝીલેન્ડે પાકિસ્તાન સામે અને વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે ૩૨ છગ્ગા ફટકાર્યા હતા

લોર્ડ્સ, તા.૧૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રીજી ટેસ્ટ હાલમાં લોર્ડ્સ ખાતે રમાઈ રહી છે. જોકે, શુભમન ગિલની ટીમ ઈન્ડિયાએ માત્ર ત્રણ ટેસ્ટમાં એક મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે. ટીમ ઈન્ડિયાએ ત્રીજી ટેસ્ટની બીજી ઈનિંગમાં હજુ સુધી બેટિંગ કરી નથી. અડધી સફરમાં જ ભારતે ન્યુઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમોનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે. ભારતીય ટીમ વિદેશી ધરતી પર ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર ટીમ બની ગઈ છે. ભારતે શ્રેણીમાં અત્યાર સુધીમાં પાંચ વખત બેટિંગ કરી છે અને કુલ ૩૬ છગ્ગા ફટકાર્યા છે. આ પહેલા વિદેશી ધરતી પર ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ



ન્યુઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝના નામે હતો. કિવીઓએ ૨૦૧૪/૧૫માં યુએઈમાં પાકિસ્તાન સામે ૩૨ છગ્ગા ફટકાર્યા હતા. ત્યારે યુએઈને પાકિસ્તાનનું હોમ ગ્રાઉન્ડ માનવામાં આવતું હતું. ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં ન્યુઝીલેન્ડે ૩૨ છગ્ગા ફટકાર્યા હતા. જ્યારે, વેસ્ટ ઈન્ડિઝે ૧૯૭૪/૭૫માં ભારતના પ્રવાસ દરમિયાન ૩૨ છગ્ગા ફટકાર્યા હતા. બંને ટીમો વચ્ચે પાંચ મેચની શ્રેણી રમાઈ હતી. તે જ સમયે, ભારતે ઈંગ્લેન્ડ સામેની વર્તમાન શ્રેણીના અડધા ભાગમાં જ ૩૬ છગ્ગા ફટકાર્યા છે. લીડ્સમાં રમાયેલી પહેલી ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડે પાંચ વિકેટે જીતી હતી. જ્યારે, ભારતે બીજી ટેસ્ટ ૩૩૬ રનથી જીતી હતી. બીજી મેચ એજબેસ્ટન, બર્મિંગહામ ખાતે રમાઈ હતી. આ મેદાન પર ટીમ ઈન્ડિયાનો આ પહેલો ટેસ્ટ વિજય હતો. આ મેદાન પર કોઈપણ એશિયન ટીમનો આ પહેલો વિજય હતો. હવે ભારતીય ટીમ લોર્ડ્સમાં જીતીને શ્રેણીમાં લીડ મેળવવા માંગશે. જ્યારે ટીમ ઈન્ડિયા શુભમન ગિલના નેતૃત્વમાં આ પ્રવાસ પર આવી હતી, ત્યારે લગભગ બધા ક્રિકેટ પંડિતોએ ટીમને ઓછો અંદાજ આપ્યો હતો. જોકે, ભારતીય ટીમે કેટલો યોગ્ય જવાબ આપ્યો છે. ગિલ પણ શાનદાર ફોર્મમાં છે અને હાલમાં શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેણે અત્યાર સુધીમાં ત્રણ ટેસ્ટની પાંચ ઈનિંગ્સમાં ૬૦૧ રન બનાવ્યા છે. તે જ સમયે, ભારતીય ટીમના ઉપ-કપ્તાન ઋષભ પંત ૪૧૬ રન સાથે બીજા સ્થાને છે.

અજબ ગજબ

દૂરથી સૂચના આપીને વિનાશ કરી શકાય છે! વિશ્વનું સૌથી હલકું મન નિયંત્રણ ઉપકરણ બનાવવામાં આવ્યું

# હવે મધમાખીઓને ઝોમ્બિઓની જેમ કાબૂમાં રાખી શકાય છે



વૈજ્ઞાનિકોએ એક એવું ઉપકરણ બનાવ્યું છે જે ઝોમ્બિઓ જેવા મધમાખીઓને નિયંત્રિત કરી શકે છે અને તેમને ઈચ્છિત સૂચનાઓ આપી શકે છે. તેમના માટે વિશ્વનું સૌથી હલકું મન નિયંત્રણ ઉપકરણ બનાવવામાં આવ્યું છે. આ ઉપકરણનું વજન ફક્ત ૭૪ મિલિગ્રામ છે... દુનિયા પર યુદ્ધના વાદળો છવાયેલા છે. તાજેતરમાં જ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ જાહેર કરવામાં આવ્યો હતો. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ હજુ પણ ચાલુ છે. તાજેતરની ઘટનાઓ અને તેના પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે ટેકનોલોજી યુદ્ધમાં મોટી ભૂમિકા ભજવશે. તેથી, વિશ્વના દેશો હવે નવા અને અસરકારક શસ્ત્રો બનાવવામાં વ્યસ્ત છે. આ દરમિયાન, ચીન દ્વારા કરવામાં આવેલા એક અનોખા પ્રયોગની સફળતાની વ્યાપક



ચર્ચા થઈ રહી છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે મધમાખીઓના મનને નિયંત્રિત કરવા માટે એક ઉપકરણ બનાવવામાં આવ્યું છે. તેઓ તેના દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું ૯૦ ટકા ચોકસાઈ સાથે પાલન કરે છે. એવું માનવામાં આવે છે કે તેનો ઉપયોગ ઝોમ્બિઓની જેમ સેનામાં ખૂબ જ ચોક્કસ અને ખતરનાક રીતે થઈ શકે છે.તાજેતરમાં ચીનની એક ટીમે દાવો કર્યો છે કે તેમણે મધમાખીઓ માટે વિશ્વનું સૌથી હલકું મન નિયંત્રણ ઉપકરણ બનાવ્યું છે. તેનું વજન ફક્ત ૭૪ મિલિગ્રામ છે. સંશોધકો કહે છે કે તે મધમાખીની કોથળી કરતાં પણ હલકું છે. મધમાખી સામાન્ય રીતે આટલા વજનના પરાગ વહન કરે છે.આ ઉપકરણ બેઈજિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીની એક ટીમ દ્વારા બનાવવામાં આવ્યું છે. પ્રોફેસર ઝાઓ જિલિયાંગ આ ટીમના નેતા છે. આ સિસ્ટમ સીધી મધમાખીના મગજ સાથે જોડાયેલી છે . આ ઉપકરણ મધમાખીની પાછળ બાંધેલું છે. મધમાખીના મગજમાં ત્રણ સોય નાખવામાં આવે છે. ઓપરેટર ઈલેક્ટ્રોનિક પલ્સ મોકલીને મધમાખીને ઉડવા માટે સૂચના આપી શકે છે. પરીક્ષણમાં, મધમાખીઓ ૯૦ ટકા ચોકસાઈ સાથે આદેશોનું પાલન કરે છે.આ પરીક્ષણ ચાઈનીઝ જર્નલ ઓફ મિકેનિકલ એન્જિનિયરિંગમાં પ્રકાશિત થયું છે. આ સિસ્ટમ ઝોમ્બી ફૂગ, કોર્ડીસેપ્સની જેમ કામ કરે છે. કોર્ડીસેપ્સ જંતુઓને ચેપ લગાવી શકે છે અને તેમના શરીરને નિયંત્રિત કરી શકે છે. 'ધ લાસ્ટ ઓફ અસ' ફ્રેન્ચાઈઝમાં ઝોમ્બી વાયરસ માટે આ ફૂગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સિસ્ટમ વિજ્ઞાન સાહિત્ય જેવી લાગે છે.સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, સર્કિટ પોલિમર ફિલ્મ પર છાપવામાં આવી છે. પોલિમર ફિલ્મ ખૂબ જ પાતળી અને લવચીક છે. તેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં થાય છે. નવી ટેકનોલોજી પાછળની ટીમ માને છે કે મધમાખીઓના ટોળા આપત્તિ રાહતમાં મદદ કરી શકે છે.ખાસ વાત એ છે કે મધમાખીઓના ટોળા વિસ્તારોની તપાસ કરી શકે છે. જો કે, આ એક નવા પ્રકારની દેખરેખ સ્થિતિ પણ લાવી શકે છે. દરેક જંતુ સંભવિત જાસૂસ બની શકે છે. શહેરી યુદ્ધ, આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓ, ડ્રગ નિવારણ અને આપત્તિ રાહતમાં આ મહત્વપૂર્ણ બની શકે છે. અગાઉ, સિંગાપોરમાં વિકસાવવામાં આવેલા જંતુ સાયબોર્ગ કંટ્રોલરનું વજન ત્રણ ગણું વધારે હતું.

### ભારતને એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાપિત કરવા માટે બેવડો અભિગમ ખાસ જરૂરી

# સેમિકન્ડક્ટર ચિપની આયાતમાં ૨૦ અબજ ડૉલરનો ઘટાડો થઈ શકે

## સબ-ટેન-નેનોમીટર ટેકનોલોજી તરફ જવા માટે દેશને હજુ વધુ સમય લાગશે તેવી શક્યતા



નવી દિલ્હી, તા.૧૩

ભારતીય સેમિકન્ડક્ટર ઉદ્યોગને વિકસાવવાના કેન્દ્ર સરકારના પ્રયાસોથી આયાતી ચિપ્સ પર દેશની નિર્ભરતા અંદાજે ૧૦ અબજ ડોલરથી ઘટાડીને ૨૦ અબજ ડોલર કરવામાં મદદ મળશે. કંપનીના મતે, ભારતે તેના સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસને વેગ આપવા માટે વૈશ્વિક ટેકનોલોજી દિગ્ગજોને સંડોવતા વ્યૂહાત્મક સહયોગ સાથે લક્ષિત સરકારી પ્રોત્સાહનોને જોડવા જોઈએ.

આ કન્સલ્ટન્સી એ વાત પર ભાર મૂકે છે કે વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં ભારતને એક મુખ્ય ખેલાડી તરીકે સ્થાપિત કરવા માટે આવો બેવડો અભિગમ જરૂરી છે. આ સંભવિત મૂલ્યને સાકાર કરવા અને આયાત નિર્ભરતા ઘટાડવા માટે, ભારતને લક્ષિત સરકારી પ્રોત્સાહનો અને વૈશ્વિક ટેકનોલોજી નેતાઓ સાથે ભાગીદારીના મિશ્રણની જરૂર પડશે, અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે.

સેમિકન્ડક્ટર ચિપ્સ લગભગ તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં આવશ્યક ઘટકો છે, જે મૂળભૂત ગણતરીથી લઈને અદ્યતન તકનીકો સુધીની કાર્યક્ષમતાઓની વિશાળ શ્રેણીને સક્ષમ કરે છે. અંદાજ મુજબ, સેમિકન્ડક્ટર્સ માટે ભારતીય બજાર ૨૦૨૩ માં ૩૪.૩ અબજ ડોલરથી ૨૦૩૨ સુધીમાં ૧૦૦.૨ અબજ ડોલરને વટાવી જવાની ધારણા છે. આજે, ભારતનો સેમિકન્ડક્ટર ઉદ્યોગ મુખ્યત્વે ડિઝાઈન પર કેન્દ્રિત છે. આ દેશ વૈશ્વિક સેમિકન્ડક્ટર ડિઝાઈન કાર્યબળના લગભગ ૨૦ ટકા હિસ્સો ધરાવે છે અને મુખ્ય ખેલાડીઓ માટે સંશોધન અને વિકાસ (R&D) હબનું ઘર છે. છેલ્લા એક વર્ષમાં, જીજ્ઞ ૩ બિલિયનથી જીજ્ઞ ૧૧ બિલિયન સુધીના ઘણા મોટા પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી છે, જે આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટિંગ (OSAT) અને લેગસી-નોડ ફેબ્રિકેશન તરફના વ્યૂહાત્મક પગલાનો સંકેત આપે છે. અહેવાલમાં જણાવાયું છે કે આ પ્રયાસોને સરકારી પ્રોત્સાહનોમાં આશરે USD 10 બિલિયનનું સમર્થન છે, જે આયાતી ચિપ્સ પર દેશની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે. ચિપ ડિઝાઈનમાં ભારતની તાકાતને વિશાળ પ્રતિભા પૂલ અને વધતી જતી સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ દ્વારા ટેકો મળે છે, જે દેશને ટોચના ત્રણ વૈશ્વિક ડિઝાઈન હબમાં સ્થાન આપે છે. જોકે, મોટા પાયે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન તરફ સંક્રમણ એક ક્રમિક પ્રક્રિયા હોવાની અપેક્ષા છે, એમ કંપનીએ જણાવ્યું હતું. ભારતનો સેમિકન્ડક્ટર ઉદ્યોગ ૨૦૩૦ સુધીમાં ૧૪ નેનોમીટરથી ઉપરના નોડ્સ પર ફેબ્રિકેશન પ્રાપ્ત કરવા માટે દબાણ કરી રહ્યો છે; સબ-ટેન-નેનોમીટર ટેકનોલોજી તરફ જવા માટે વધુ સમય લાગશે તેવી શક્યતા છે.

મુખ્ય પડકારો ઉચ્ચ મૂડી જરૂરિયાતો, અદ્યતન ઉત્પાદન તકનીકોની મર્યાદિત પહોંચ અને સ્થાનિક પુરવઠા શૃંખલામાં ગાબડા છે, ખાસ કરીને ઉચ્ચ-શુદ્ધતા વાયુઓ, વિશેષ રસાયણો અને અતિ શુદ્ધ પાણી માટે. પ્રખ્યાત વૈશ્વિક સેમિકન્ડક્ટર કંપનીઓ સાથે ભાગીદારી આ ઉદ્યોગના વિકાસને ઉત્પ્રેરિત અને વેગ આપી શકે છે, કંપનીએ વધુમાં ઉમેર્યું હતું.

### ભારત તેની જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે

# જૂનમાં ભારતની રશિયન તેલ ખરીદી ૧૧ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી




નવી દિલ્હી, તા.૧૩

ઈઝરાયલ-ઈરાન યુદ્ધ દરમિયાન રિફાઈનરોએ ટાંકીઓ ભર્યા હોવાથી જૂન મહિનામાં રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત ૧૧ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી ગઈ. યુરોપિયન થિંક ટેંક સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એરએ જણાવ્યું હતું કે, જૂનમાં ભારતની ક્રૂડ ઓઈલની વૈશ્વિક આયાતમાં ૬ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ રશિયન વોલ્યુમમાં ૮ ટકાનો વધારો જુલાઈ ૨૦૨૪ પછીના તેમના ઉચ્ચતમ સ્તરે જોવા મળ્યો હતો.

રશિયામાંથી થતી આયાતમાંથી અડધાથી વધુ ભારતની ત્રણ રિફાઈનરીઓ દ્વારા કરવામાં આવી હતી, જે G7+ દેશોમાં રિફાઈન્ડ ઉત્પાદનોની નિકાસ પણ કરે છે. ભારત તેની જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે, જે રિફાઈનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણમાં ફેરવાય છે.

પરંપરાગત રીતે, મધ્ય પૂર્વ મુખ્ય સ્રોત હતો, પરંતુ રશિયા લગભગ ત્રણ વર્ષથી મુખ્ય સપ્લાયર રહ્યું છે. વૈશ્વિક કોમોડિટી માર્કેટ એનાલિટિક્સ ફર્મ કેપ્લરના જહાજ ટ્રેકિંગ ડેટા અનુસાર, જૂનમાં ભારતે ૨.૦૮ મિલિયન બેરલ પ્રતિ દિવસ (bpd) રશિયન ક્રૂડની આયાત કરી હતી, જે જુલાઈ ૨૦૨૪ પછી સૌથી વધુ છે. ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન પર મોસ્કોના આક્રમણ બાદ પશ્ચિમના મોટાભાગના દેશોએ રશિયન ક્રૂડ ઓઈલનો ઉપયોગ ટાળ્યો હતો, ત્યારબાદ રશિયાએ વૈકલ્પિક ખરીદદારોને આકર્ષવા માટે ભારે ડિસ્કાઉન્ટ આપવાનું શરૂ કર્યું. ભારતીય રિફાઈનરોએ આ તક ઝડપી લીધી હતી.

### ચીન પર નિર્ભરતાનો અંત આવશે

# હૈદરાબાદમાં રેર અર્થ મેગ્નેટ પ્લાન્ટ સ્થાપવામાં આવશે : જી કિશન રેડ્ડી



હૈદરાબાદ, તા.૧૩

કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે હૈદરાબાદમાં રેર અર્થ મેગ્નેટનું ઉત્પાદન કરવાની યોજના બનાવી છે. તેમણે કહ્યું કે અમે રેર અર્થ રિમેનન્ટ મેગ્નેટ માટે ૧૦૦ ટકા ચીન પર નિર્ભર હતા. પરંતુ તાજેતરમાં ચીને સપ્લાય બંધ કરી દીધો છે.

કોલસા અને ખાણ મંત્રી જી કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા માટેના વ્યાપક પ્રયાસના ભાગ રૂપે હૈદરાબાદમાં દુર્લભ પૃથ્વી ચુંબકનું ઉત્પાદન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. મંત્રીએ જણાવ્યું હતું કે અમારા ખાણ મંત્રાલયની સંસ્થા વિવિધ ઉદ્યોગો સાથે સહયોગમાં જરૂરી મશીનરીના ઉત્પાદન પર ગંભીરતાથી કામ કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આગામી ત્રણથી ચાર મહિનામાં ભારત કાયમી ચુંબકનું ઉત્પાદન કરવાની પોતાની ક્ષમતાઓ દર્શાવશે. આ પ્રોજેક્ટ ઉદ્યોગ, ખાણકામ અને અન્ય મંત્રાલયો સાથે સહયોગમાં આગળ વધી રહ્યો છે અને તેના પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ ચર્ચા કરવામાં આવી છે. ભારતની સોર્સિંગ વ્યૂહરચનામાં ફેરફાર સમજાવતા રેડ્ડીએ કહ્યું, અમે રેર અર્થ રિમેનન્ટ મેગ્નેટ માટે ૧૦૦ ટકા ચીન પર નિર્ભર હતા. પરંતુ તાજેતરમાં ચીને સપ્લાય બંધ કરી દીધો છે. ચીને એપ્રિલ ૨૦૨૪ માં જાહેરાત કરી હતી કે તે કેટલીક રેર અર્થ સંબંધિત વસ્તુઓ પર નિકાસ નિયંત્રણો લાદશે, જેના કારણે ભારત સહિત વૈશ્વિક પુરવઠામાં ઘટાડો થશે.

**નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી**

આ સંદર્ભમાં, શુક્રવારે, ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન ICEAના પ્રમુખ પંકજ મોહિન્દ્રુએ કેન્દ્ર સરકારની આ પહેલનું સ્વાગત કર્યું. તેમણે ખાસ કરીને સરકાર દ્વારા પ્રસ્તાવિત પ્રોત્સાહનોની પ્રશંસા કરી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે ૨૩ જુલાઈ, ૨૦૨૪ ના રોજ રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટમાં 'ક્રિટિકલ મિનરલ મિશન' શરૂ કરવાની જાહેરાત કરી હતી.

આ પછી, જાન્યુઆરી ૨૦૨૫માં કેન્દ્રીય મંત્રીમંડળે તેને ૧૬,૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે મંજૂરી આપી. આ અંતર્ગત, જાહેર ક્ષેત્રની કંપનીઓ તરફથી ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન NCMM શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

# સાત મોટા શહેરોમાં ૪ કરોડથી વધુ કિંમતના ઘરોના વેચાણમાં વધારો

નવી દિલ્હી, તા.૧૩

શહેરી વિસ્તારોના લોકો આધુનિક સુવિધાઓવાળા ઘરોમાં રહેવાને પ્રાથમિકતા આપી રહ્યા છે. આ જ કારણ છે કે વૈભવી સેગમેન્ટમાં ઘરોનું વેચાણ ખૂબ વધી રહ્યું છે. ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં દેશના સાત મોટા શહેરોમાં ૪ કરોડથી વધુ કિંમતના ઘરોના વેચાણમાં એક વર્ષ પહેલાની સરખામણીમાં ૮૫%નો વધારો થયો છે. આ શહેરોમાં, લોકોએ આ સેગમેન્ટમાં ૭,૦૦૦થી વધુ ઘરો ખરીદ્યા છે. ¼BRE અને એસોચેમના સંયુક્ત અહેવાલ દર્શાવે છે કે વૈભવી ઘરોના ખરીદદારોની સૌથી વધુ સંખ્યા, ૫૭%, દિલ્હી-એનસીઆરથી આવી છે. જાન્યુઆરીથી જૂન દરમિયાન વૈભવી ઘરોના વેચાણમાં વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં સંપત્તિ સ્થિરતા શોધતા શ્રીમંત વ્યક્તિઓ અને એનઆરઆઈની માંગને કારણે પણ વધારો થયો છે. શહેરોની દ્રષ્ટિએ, દિલ્હી-એનસીઆરએ લક્ઝરી માર્કેટમાં પ્રભુત્વ મેળવ્યું છે અને કુલ ૭,૦૦૦ લક્ઝરી ઘરોમાંથી, અહીંના લોકોએ લગભગ ૪,૦૦૦ ઘરો ખરીદ્યા છે. તે પછી, મુંબઈ ૧૨૪૦ યુનિટ સાથે બીજા ક્રમે રહ્યું. પરંપરાગત રીતે મધ્યમ આવક જૂથ બજારો તરીકે ઓળખાતા ચેન્નાઈ અને પુણેએ આ વર્ષના પ્રથમ છ મહિનામાં ઘર વેચાણમાં ૫ ટકા હિસ્સો આપ્યો હતો.

### IRDAIએ વીમા કંપનીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે

# અમદાવાદ એર ઈન્ડિયા અકસ્માત પછી વીમા કંપનીઓ દાવાઓથી ઊભરાઈ ગઈ

## ન્યૂ ઇન્ડિયા ઈશ્યુરન્સે સાત વ્યક્તિગત અને પાંચ જૂથ વીમા દાવાઓના સમાધાનની પુષ્ટિ કરી




અમદાવાદ, તા.૧૩

અમદાવાદ એર ઈન્ડિયા અકસ્માત પછી, વીમા કંપનીઓને મુસાફરો અને જમીન પર મૃત્યુ પામેલા લોકોના પરિવારો તરફથી ઘણા પ્રકારના વીમા દાવાઓ પ્રાપ્ત થયા છે. આમાં મુસાફરી રદ કરવી, સામાન ગુમાવવો, આકસ્મિક મૃત્યુ અને કિસાન ક્રેડિટ કાર્ડ સંબંધિત દાવાઓનો સમાવેશ થાય છે. IRDAIએ વીમા કંપનીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે અને કેટલીક કંપનીઓએ એક કલાકમાં દાવાઓનું સમાધાન કર્યું છે.

અમદાવાદથી લંડન જતી વખતે એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં માત્ર સેંકડો લોકોના જીવ ગયા જ નહીં, પરંતુ પાછળ રહી ગયેલા પરિવારો માટે આર્થિક સંકટ પણ સર્જાયું. હવે વીમા કંપનીઓને આ અકસ્માત સંબંધિત અનેક પ્રકારના દાવા મળી રહ્યા છે. જેમાં હોટેલ બુકિંગ રદ, ખોવાયેલી બેગ, મુસાફરી રદ, આકસ્મિક મૃત્યુ અને કિસાન ક્રેડિટ કાર્ડ સંબંધિત વીમા દાવાઓનો સમાવેશ થાય છે. ICICI લોમ્બાર્ડના વરિષ્ઠ અધિકારી પ્રિયા દેશમુખે જણાવ્યું હતું કે કંપનીએ પ્રાથમિકતાના ધોરણે દાવાઓનું સમાધાન કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. તેમણે કહ્યું કે તેઓ પીડિતોના પરિવારોને શક્ય તેટલી બધી મદદ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. ૧૨ જૂનના રોજ થયેલા આ અકસ્માતમાં, ઉડાન ભરતાની સાથે જ ટેકનિકલ ખામીને કારણે વિમાન અમદાવાદના મેઘાનગર વિસ્તારમાં મેડિકલ કોલેજ હોસ્ટેલ સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં ૨૪૨ મુસાફરોમાંથી ફક્ત એક જ બચી શક્યો હતો, જ્યારે ૧૯ લોકો જમીન પર જ મૃત્યુ પામ્યા હતા.

બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સને વ્યક્તિગત અકસ્માત અને મરીન કાર્ગો વીમા સંબંધિત ચાર દાવા મળ્યા છે. મરીન કાર્ગો વીમો સામાન્ય રીતે રોડ, રેલ, હવા અથવા દરિયાઈ માર્ગે પરિવહન કરાયેલા માલને આવરી લે છે. ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સે સાત વ્યક્તિગત અને પાંચ જૂથ વીમા દાવાઓના સમાધાનની પુષ્ટિ કરી છે.

### નોન-કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં પણ ૦.૦૪ ટકાનો નજીવો ઘટાડો થયો

# નવા વ્યક્તિગત આઈટી સ્લેબ માળખાએ મોટી સંખ્યામાં કરદાતાઓને રાહત આપી

## કુલ ડાયરેક્ટ ટેક્સ વસૂલાતમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ ટેક્સ રિફંડમાં વધારો

નવી દિલ્હી, તા.૧૩

નાણાકીય વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં, કેન્દ્ર સરકારને ડાયરેક્ટ ટેક્સ કલેક્શન મોરચે મોટો ઝટકો લાગ્યો છે. ૧૦ જુલાઈ સુધીમાં, દેશનું નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧.૩ ટકા ઘટીને રૂ.૫.૬૩ લાખ કરોડની આસપાસ થઈ ગયું છે. તેમાં કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં સૌથી મોટો ૩.૭ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે નોન-કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં પણ ૦.૦૪ ટકાનો નજીવો ઘટાડો થયો છે.

જોકે, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ એકમાત્ર એવો કર હતો જેમાં આ સમયગાળા દરમિયાન વધારો જોવા મળ્યો હતો. તે ૭.૪૬ ટકા વધીને રૂ.૧૭,૮૭૪ કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ.૧૬,૬૩૨ કરોડ હતું.

આ સમયગાળા દરમિયાન રિફંડના આંકડામાં પણ મોટો વધારો જોવા મળ્યો છે. ૧૦ જુલાઈ સુધીમાં, કર વિભાગે લગભગ રૂ.૧.૦૨ લાખ કરોડની રિફંડ રકમ જારી કરી છે, જે ગયા વર્ષ કરતા ૩૮ ટકા વધુ છે. રિફંડ પહેલાં જોઈએ, તો કુલ કર વસૂલાત ૩.૧૭ ટકા વધીને લગભગ રૂ.૬.૬૫ લાખ કરોડ થઈ ગઈ છે. લગભગ એક મહિના પહેલા, ૧૦ જૂન સુધીમાં, કુલ વસૂલાતમાં ૪.૮૬ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે આ આંકડો રૂ.૫.૪૫ લાખ કરોડ હતો. અગાઉ, ૧૯ જૂન સુધીમાં, ચોખ્ખી કર વસૂલાત વાર્ષિક ધોરણે ૧.૪ ટકા ઘટી હતી. ૧૦ જુલાઈ સુધીમાં, કોર્પોરેટ કર વસૂલાતમાં ૯.૪૨ ટકાનો વધારો થયો છે. જોકે, આ સમયગાળા દરમિયાન, સરકારે અત્યાર સુધીમાં કુલ રૂ.૮૯,૮૯૩ કરોડ ટેક્સ રિફંડના રૂપમાં પરત કર્યા છે, જે ગયા વર્ષ કરતા ૫૯.૮૫ ટકા વધુ છે. એટલે કે, ટેક્સ આવકમાં વધારો થયો હોવા છતાં, મોટો ભાગ રિફંડના રૂપમાં ગયો હતો. તે જ સમયે, બિન-કોર્પોરેટ કરદાતાઓ - જેમ કે વ્યક્તિગત કરદાતાઓ, હિન્દુ અવિભાજિત પરિવારો, પેઢીઓ, વ્યક્તિઓના જૂથો, વ્યક્તિઓના સંગઠનો, સ્થાનિક સંસ્થાઓ પાસેથી ચોખ્ખી કર વસૂલાત નજીવી ઘટીને લગભગ રૂ.૩.૪૫ લાખ કરોડ થઈ હતી. જોકે, આ શ્રેણીમાં રિફંડની રકમ ઘટીને રૂ.૧૨,૧૧૪ કરોડ થઈ હતી, જે વાર્ષિક ધોરણે લગભગ ૨૭ ટકાનો ઘટાડો દર્શાવે છે. કર નિષ્ણાતો માને છે કે કુલ ડાયરેક્ટ ટેક્સ વસૂલાતમાં ઘટાડો થવાનું એક મુખ્ય કારણ ટેક્સ રિફંડમાં વધારો છે, પરંતુ કેટલાક અન્ય કારણો પણ જવાબદાર છે.

### ક્ષતિગ્રસ્ત રસ્તાઓ ઝડપથી પૂર્વવત્

# રાજ્યમાં 'ગુજમાર્ગ' એપ્લિકેશન થકી ૯૯.૬૬ ટકા ફરિયાદોનું નિરાકરણ

## રાજ્યભરમાં યુદ્ધના ધોરણે કરાતી કામગીરી

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં પ્રવર્તમાન ચોમાસાની મોસમને પરિણામે જે માર્ગોને નુકસાન થયું છે, તેને પુનઃમોટરેબલ કરવા માટે રાજ્ય સરકારે પ્રો-એક્ટીવ અભિગમ દાખવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ તમામ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ ઝડપથી પૂર્વવત થાય એ માટે માર્ગ અને મકાન વિભાગને ચોકકસ દિશા નિર્દેશો આપીને સત્વરે કામો પૂર્ણ કરવા કડક સૂચના આપી છે. જે અનુસંધાને હાલમાં આ કામો રાજ્યભરમાં યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત કાર્યરત 'ગુજમાર્ગ' એપ્લિકેશન પર અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી કુલ ૧૦ હજાર કરતાં વધુ નાગરિકોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ એપ્લિકેશન થકી નાગરિકો દ્વારા કુલ ૩,૬૩૨ જેટલી ફરિયાદો કરવામાં આવી છે, જેમાંથી ૯૯.૬૬ ટકા સાથે ૩,૬૨૦ ફરિયાદોનું સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે. જ્યારે બાકીની ૭ જેટલી ફરિયાદો પર કામગીરી પ્રગતિમાં છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા મળેલ માહિતી અનુસાર રાજ્યમાં રસ્તાઓ પરના ખાડા, ક્ષતિગ્રસ્ત પુલ અને અન્ય માળખાગત સુવિધાઓ અંગેની સમસ્યાઓના ઝડપી અને અસરકારક નિરાકરણ માટે વિભાગ દ્વારા 'ગુજમાર્ગ' એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે, જેના પર નાગરિકોને પોતાના વિસ્તારમાં પડતી સમસ્યાઓની જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજમાર્ગ' એપ્લિકેશન મુખ્યત્વે ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓની સ્થિતિ, પુલ અને અન્ય માળખાકીય સુવિધાઓ સંબંધિત ફરિયાદો નોંધાવવા માટે વિકસાવવામાં આવેલી એક એપ્લિકેશન છે. આ એપ્લિકેશન દ્વારા નાગરિકો રસ્તાઓ પરના ખાડા, ક્ષતિગ્રસ્ત પુલ વગેરે જેવી સમસ્યાઓની જાણ સંબંધિત અધિકારીઓને કરી શકે છે, જેથી આ સમસ્યાઓનો ઉકેલ સત્વરે લાવી શકાય. ગુજ માર્ગ એપ્લિકેશન નો મુખ્ય ઉદેશ ગુજરાતના નાગરિકોને રસ્તાઓ, પુલો અને અન્ય માળખાકીય સુવિધાઓ સંબંધિત ફરિયાદો સીધા માર્ગ અને મકાન વિભાગ સુધી પહોંચાડવા માટે એક સરળ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

### ૧૫ જુલાઈ શેરબજાર માટે મહત્ત્વપૂર્ણ: વિદેશી રોકાણકારો દ્વારા ખરીદી અને વેચાણ અને તકનીકી પરિબળો બજારની ગતિવિધિ નક્કી કરશે

# શેરબજાર માટે વેપારીઓએ હાઈ એલર્ટ પર રહેવું

## ખરીદીમાં વધારાને કારણે ભાવ સરળતાથી નીચે જતા નથી આ સ્તરો પર ખરીદી કરવાની તક મળી શકે છે



મુંબઈ, તા.૧૩

આવતીકાલથી શરૂ થતા સપ્તાહમાં ૧૫ જુલાઈની તારીખ શેરબજાર માટે મહત્ત્વપૂર્ણ રહેવાની છે. આ દિવસે વેપારીઓએ હાઈ એલર્ટ પર રહેવું જોઈએ. તેમણે તેમના સાપ્તાહિક બજાર અહેવાલમાં કેટલાક ખાસ સમય અને સ્તરોનો ઉલ્લેખ કર્યો છે.

આ ઉપરાંત, છૂટક અને જથ્થાબંધ ફુગાવાના ડેટા, પ્રથમ ત્રિમાસિક ગાળાના કંપની પરિણામો, વિદેશી રોકાણકારો દ્વારા ખરીદી અને વેચાણ અને તકનીકી પરિબળો બજારની ગતિવિધિ નક્કી કરશે. સપોર્ટ એટલે તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સ નીચે પડવાથી સપોર્ટ મેળવે છે. અહીં ખરીદીમાં વધારાને કારણે, ભાવ સરળતાથી નીચે જતા નથી. આ સ્તરો પર ખરીદી કરવાની તક મળી શકે છે. રેજિસ્ટેન્સ એટલે તે સ્તર જ્યાં સ્ટોક અથવા ઈન્ડેક્સ ઉપર જવાથી પ્રતિકારનો સામનો કરે છે. આ વધેલી વેચાણને કારણે થાય છે. જો નિફ્ટી પ્રતિકાર ઝોનને પાર કરે છે, તો એક નવો અપટ્રેન્ડ આવી શકે છે.

વેલ્થવ્યૂએ ૧૫ જુલાઈને હાઈ એલર્ટ ડે જાહેર કર્યો છે. આમાં ·૧ ટ્રેડિંગ ડેનો માર્જિન પણ શામેલ છે. આનો અર્થ એ થયો કે ૧૪ કે ૧૬ જુલાઈના રોજ પણ બજારમાં તીવ્ર ચાલ જોવા મળી શકે છે. આ સમય દરમિયાન, ઈન્ટ્રાડે ટ્રેડર્સને મોટી ચાલનો લાભ લેવાની તક મળી શકે છે. વેલ્થવ્યૂ ભલામણ કરે છે કે તમે આ દિવસો દરમિયાન બજારની ગતિવિધિઓ પર નજીકથી નજર રાખો અને આ સ્તરો અને સમયના આધારે તમારો ટ્રેડિંગ પ્લાન તૈયાર કરો. વેલ્થવ્યૂ એનાલિટિક્સે તેના અગાઉના અહેવાલમાં ૧૦ જુલાઈને સંભવિત ટ્રેડ રિવર્સલ ડે ગણાવ્યો હતો. તે દિવસના ઉચ્ચ અને નીચલા સ્તરો પર નજીકથી નજર રાખવાની સલાહ આપવામાં આવી હતી. આ દિવસના ઉચ્ચ અને નીચલા સ્તરો તોડ્યા પછી, શુક્રવારે બજાર તીવ્ર ઘટાડો થયો. રોકાણકારો ૧૪ જુલાઈના રોજ જાહેર થનારા જૂન મહિનાના જથ્થાબંધ ફુગાવા અને છૂટક ફુગાવાના ડેટા પર નજર રાખશે. આ આંકડા અર્થતંત્રના સ્વાસ્થ્ય વિશે મહત્વપૂર્ણ સંકેતો આપશે. મે મહિનામાં જથ્થાબંધ ફુગાવો ૦.૩૯% હતો. છૂટક ફુગાવો ૨.૮૨% હતો. ટ્રમ્પ વહીવટીતંત્રની સંભવિત ટેરિફ નીતિઓ અંગે સમગ્ર વિશ્વમાં અનિશ્ચિતતા છે, જે બજારના મૂડને અસર કરી રહી છે. જોકે, ભારત અને અમેરિકા વચ્ચે વહેલા વેપાર કરારની આશા પણ કેટલાક સકારાત્મક વાતાવરણનું સર્જન કરી રહી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો ની ખરીદી અને વેચાણ પર પણ દરેકની નજર રહેશે. શુક્રવારે ક્રૈં એ ૫,૧૫૫.૬૮ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો ૩,૪૮૨.૯૫ કરોડ રૂપિયાની ખરીદી સાથે બજારને ટેકો આપતા જોવા મળ્યા હતા. ૫. ટેકનિકલ પરિબળો: રેલિગેર બ્રોકિંગ લિમિટેડના જીક્રૅ અજિત મિશ્રાના મતે, વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને ત્રિમાસિક પરિણામો વચ્ચે બજાર અસ્થિર રહેવાની ધારણા છે.

મિશ્રાએ કહ્યું- નિફ્ટી તેના ટૂંકા ગાળાના મૂવિંગ એવરેજ-૨૦-દિવસના ઈક્ઝ્ર થી નીચે ગયો છે અને ૨૪,૫૦૦-૨૫,૨૦૦ ની અગાઉની કોન્સોલિડેશન રેન્જમાં છે. આ ભંગાણથી બજારની સકારાત્મક દિશામાં અવરોધ આવ્યો છે. નકારાત્મક બાજુએ, ૨૪,૫૦૦-૨૪,૭૦૦ ઝોન મુખ્ય સપોર્ટ ઝોન તરીકે કાર્ય કરશે, જ્યારે ઉપર તરફના રિબાઉન્ડ પર, ૨૫,૫૫૦ એક મહત્વપૂર્ણ અવરોધ હશે. મુખ્ય પ્રતિકાર ૨૫,૭૫૦ પર છે. આગામી સપ્તાહે પ્રાથમિક બજારમાં ત્રણ નવા જાહેર ઈશ્યૂ ખુલવાના છે. આમાં મેઈનબોર્ડ સેગમેન્ટમાં એન્થેમ બાયોસાયન્સિસનો IPO અને જીક્રઈ સેગમેન્ટમાં બે અન્ય ઈશ્યૂનો સમાવેશ થાય છે.

**જાહેર નોટીસ**

મે. નર્મદા જીલ્લાના મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ (મુખ્ય) સમક્ષ નર્મદા મું. રાજપીપળા

પિ. વ.શ્રી એ.એન. ક્ક્ર
MACP No. ૧૦૪-૧૦૫/૨૦૨૩
મુદત તા. ૧૫-૭-૨૦૨૫
આંક-૩૦

અરજદાર:
મે. મીનાક્ષીબેન સુરેન્દ્રસિંહ ગોહીલના વારસો,
સુરેન્દ્રસિંહ હિંમતસિંહ ગોહીલ તથા બીજાઓ
રહે. મસ્જીદવાળું ફળિયુ, મુ.પો. વોરા
તા. તિલકવાડા, જી. નર્મદા
સામાવાળા:-
(૨) સુમનદેવી સુનીલ પાતર
રહે. ડી- ૧૦૭ તક્ષ આંગન, પાયોનિયર સ્કુલ નજીક,
આજવા રોડ, વડોદરા.

આથી તમો સામાવાળા નંબર ૦૨ સુમનદેવી સુનીલ પાતર રહે. ડી- ૧૦૭ તક્ષ આંગન, પાયોનિયર સ્કુલ નજીક આજવા રોડ, વડોદરાના ચોક્કસ સરનામાનો પત્તો નહી મળવાથી આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે આ કામના અરજદારે એમ.એ.સી.પી.નં. ૧૦૪/૨૦૨૩ માં મોટર વ્હીકલ એક્ટ કલમ ૧૬૬ અનુસાર રૂ. ૩૫,૦૦,૦૦૦/- તથા એમ.એ.સી.પી.નં. ૧૦૫/૨૦૨૩ માં મોટર વ્હીકલ એક્ટ કલમ ૧૬૬અનુસાર રૂ.૨,૫૦,૦૦૦/-ની રકમ મેળવવા માટે આ ટ્રીબ્યુનલમાં તમારી સામે અરજી કરેલ છે. જે અરજીની નકલ સહિત તમોને નોટીસ યેનકેન પ્રકારે તમોને બજતી નથી અને બજવ્યા વગર પરત આવે છે. માટે તમોને આ જાહેર નોટીસ થી ફરમાવવામાં આવે છે કે તમોએ તારીખ ૧૫-૭-૨૦૨૫ ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે તમારી જાતે અગર તમારા માહીતગાર વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તમે કરવામાં કસુર કરશો તો આ કોર્ટ યોગ્ય તે આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેવી.


આજ તારીખ ૨૩ જુન સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો

તૈયાર મુકાબલ કરનાર
(ડી એમ. મોઢ)
હેડ કલાર્ક
એમ.એ.સી. ટી બ્રાંચ

કોર્ટનો સિક્કો

હુકમથી
(ડી એમ. મોઢ)
એમ.એ.સી. ટી બ્રાંચ
ડીસ્ટ્રીક્ટ કોર્ટ, નર્મદા,મુ. રાજપીપળા









બોલિવૂડ ડાયરી

સિદ્ધાર્થ મલ્હોત્રા અને તૃપ્તિ નવરાશની પળોમાં કેમેરા સમક્ષ પોઝ આપતાં જણાઇ રહ્યાં હતાં. કિર્તી સેનન કેજ્યુઅલ ડ્રેસમાં એરપોર્ટ પર મોહક અદામાં કેમેરામાં કલીક થઇ હતી. ઉર્વશી રોતેલા વિમ્બલ્ડનમાં મેચ નિહાળતી વેળા પોઝ આપી રહી હતી. સંગીતા બિજલાણી એરપોર્ટ પર લાક્ષણિક અદામાં જોવા મળી હતી. રવિના ટંડના એનજીઓના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી. દિવ્યા ખોસલા અને દીપિકા મુબઇ એરપોર્ટ જોવા મળી હતી.

**‘અમે એકબીજાને ડેટ કરી રહ્યાં હતાં અને...’**


# નેહા ધૂપિયાએ કહ્યું- અંગદ બેદી સાથે લગ્ન પહેલાં જ પ્રેગ્નેન્ટ થઈ ગઈ હતી

બોલિવૂડ એક્ટ્રેસ નેહા ધૂપિયા ઈન્ડસ્ટ્રીની ટોચની એક્ટ્રેસમાંની એક છે. નેહા હાલમાં ફિલ્મોમાં જોવા મળતી નથી, પરંતુ તે સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. નેહા તેના વ્યાવસાયિક જીવનની સાથે સાથે તેના અંગત જીવનને લઈને પણ ઘણી ચર્ચામાં રહે છે. ૨૦૧૮માં, નેહાએ અંગદ બેદી સાથે ગુપ્ત રીતે લગ્ન કરીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

તે જ સમયે, તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં,એક્ટ્રેસ સોહા અલી ખાને પણ ખુલાસો કર્યો કે આ તેના માટે પણ આઘાતજનક હતું, જોકે તે વર્ષોથી નેહાની નજીકની મિત્ર હતી. આ ઈન્ટરવ્યૂમાં નેહા પણ સોહા સાથે હાજર હતી. નેહાએ કહ્યું કે તે લગ્ન પહેલા પ્રેગ્નેન્ટ હોવાને કારણે તેણે વહેલા લગ્ન કરી લીધા હતા.

નેહા તેના વ્યાવસાયિક જીવનની સાથે સાથે તેના અંગત જીવનને લઈને પણ ચર્ચામાં રહે છે

નેહાએ સમજાવ્યું કે તે તેની શ્રેષ્ઠ મિત્ર સોહા અલી ખાનને તેના લગ્નમાં કેમ આમંત્રણ આપી શકી નહીં. નેહાએ કહ્યું, ‘તે સમયે બધું અસ્તવ્યસ્ત હતું, હું ગર્ભવતી હતી હું સોહાને લગ્નમાં આમંત્રણ આપી શકી ન હતી, તે મારી પ્રેગ્નેન્સી વિશે જાણનારા પ્રથમ લોકોમાંની એક હતી.’નેહાએ આગળ કહ્યું, ‘સોહાને સૌથી પહેલા ખબર પડી કે હું પ્રેગ્નેન્ટ છું. અને એ પણ કારણ કે હું, સોહા અને કુણાલ ખેમુ એક રેસ્ટોરન્ટમાં જમતા હતા ત્યારે બેહોશ થઈ ગઈ હતી. બીજા દિવસે સવારે,અમે ફરીથી મળ્યા અને ત્યારે જ મેં તેને કહ્યું કે હું પ્રેગ્નેન્ટ છું.’ઈન્ટરવ્યૂમાં, નેહાએ કહ્યું,’જ્યારે હું પ્રેગ્નેન્ટ થઈ,ત્યારે અંગદ અને હું ડેટિંગ કરી રહ્યા હતા, પરંતુ તેમનો સંબંધ નવો હતો. તેથી તે સમયે, અમારા માતાપિતા કરતાં અમારા એવાં મિત્ર સાથે આ વાત શેર કરવી અમારા માટે સરળ હતું, જેને તાજેતરમાં બાળકો થયા હતા.આ એક મુશ્કેલ કામ હતું.’નેહાએ કહ્યું, ‘અમને હંમેશા પૂછવામાં આવે છે, ‘શું તમે સાથે છો કારણ કે આવું બન્યું હતું કે શું તમે ખરેખર સાથે રહેવા માંગો છો?’ અમે પ્રેમ કરીએ છીએ અને સારી રીતે જીવી રહ્યા છીએ.’ નોંધનીય છે કે, નેહા અને અંગદે મે ૨૦૧૮ માં લગ્ન કર્યા હતા અને નવેમ્બરમાં તેમની પુત્રી મેહરનું સ્વાગત કર્યું હતું. નેહા અને અંગદ ૭ વર્ષની પુત્રી મેહર અને ૩ વર્ષના પુત્ર ગુરિકના પેરેન્ટ છે.




**કશિશે તેના કબાટના ડ્રોઅરમાં ૭ લાખ રોકડા રાખ્યા હતા**

# ‘બિગ બોસ’ ફેમ કશિશ કપૂરના ઘરે ચોરી: નોકર ૪ લાખ લઈને ફરાર

‘બિગ બોસ’ ફેમ સ્પર્ધક અને અભિનેત્રી કશિશ કપૂરનો નોકર મુંબઈ સ્થિત તેના અંધેરી સ્થિત ઘરેથી લાખો રૂપિયા લઈને ફરાર થઈ ગયો છે. આ મામલે અંબોલી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે કશિશ કપૂરના ઘરે કામ કરતો નોકર સચિન કુમાર ચૌધરી ૪ લાખ રોકડા ચોરીને ભાગી ગયો હતો. કેસ નોંધાયા બાદ, અંબોલી પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની એક ખાસ ટીમે પણ આરોપીની શોધ શરૂ કરી દીધી છે.કશિશ મૂળ બિહારના પૂર્ણિયા જિલ્લાની રહેવાસી છે અને હાલમાં તે અંધેરીના આઝાદ નગરમાં વીરા દેસાઈ રોડ પર સ્થિત ન્યૂ અંબીવલી સોસાયટીમાં રહે છે. તેણી ઘણા ટેલિવિઝન શોમાં જોવા મળી છે અને લોકપ્રિય રિયાલિટી શો બિગ બોસમાં પણ સ્પર્ધક રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપી સચિન કુમાર છેલ્લા પાંચ મહિનાથી કપૂરના ઘરે ઘરકામ કરતો હતો. તે સવારે ૧૧:૩૦ વાગ્યે



ફરજ પર આવતો હતો અને પોતાનું કામ પૂર્ણ કર્યા પછી બપોરે ૧ વાગ્યે જતો હતો. અંબોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, કશિશે તેના કબાટના ડ્રોઅરમાં ૭ લાખ રોકડા રાખ્યા હતા.

જોકે, ૯ જુલાઈના રોજ, જ્યારે તેણે બિહારમાં તેની માતાને મોકલવા માટે કેટલાક પૈસા કાઢવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેને ખબર પડી કે ડ્રોઅરમાં ફક્ત ૨.૫ લાખ બાકી હતા. બાકીના ૪.૫ લાખ ગાયબ હતા. ત્યારબાદ તેણે કબાટની સારી રીતે શોધખોળ કરી, પરંતુ પૈસાનો કોઈ પત્તો લાગ્યો નહીં.

**‘દિવસમાં એક ટંક જમીને ચલાવવું પડતું’**

# રોનિત રોયે કહ્યું, ‘મારી પાસે ખાવાના પણ પૈસા નહોતા, મને મફતમાં જમાડનાર ઢાબાવાળાનો ચહેરો આજેય યાદ છે’

અભિનેતા રોનિત રોયે તાજેતરમાં જ પોતાના કરિયરના શરૂઆતના દિવસોના સંઘર્ષો વિશે વાત કરી હતી. રોનિતે જણાવ્યું હતું કે તેની પહેલી ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ હતી. તેની પાસે દિવસમાં એક વખત ખાવાના પૈસા પણ નહોતા. ઘણી વખત તેને ભોજન કર્યા વિના જ દિવસો કાઢવા પડતા હતા.

રોનિતે કહ્યું, ‘બાંદ્રા સ્ટેશન પાસે એક ખૂબ જ પ્રખ્યાત ઢાબા હતો. હું દરરોજ ત્યાં જમતો હતો. મારી પાસે ફક્ત એક જ ટંક ભોજન કરવાના પૈસા હતા. પૈસા હોય તે પ્રમાણે ક્યારેક હું કાળી-અડદની દાળ અને



૨ રોટલી ખાતો હતો, ક્યારેક હું પાલક પનીર અને ૨ રોટલી ખાતો હતો.’રોનિતે આગળ કહ્યું, ‘એક દિવસ મેં તેની પાસે ફક્ત રોટલી અને ડુંગળી માગી કારણ કે મારી પાસે પૈસા નહોતા, પણ તેણે મને ૨ રોટલી અને થોડી દાળ આપી. મેં કહ્યું કે મેં દાળ નથી માગી. તેણે કહ્યું, ‘આ મારા તરફથી છે. પૈસા ન હોય તો કોઈ વાંધો નથી, આજે તમારી દાળનો દિવસ છે.’ રોનિતે કહ્યું કે આજે પણ તેને તે વ્યક્તિનો ચહેરો યાદ છે. તે ઘટના યાદ કરીને તેની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.

રોનિતે ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું હતું કે ડેબ્યૂ પછી પણ તેની આર્થિક સ્થિતિ બહુ સારી નહોતી. રોનિતે કહ્યું, ‘મને મારી પહેલી ફિલ્મ માટે પચાસ હજાર રૂપિયા મળ્યા હતા. તે પણ દર મહિને ચાર હજાર રૂપિયાના હપ્તામાં આપવામાં આવતું હતું. તે સમયે મારા માટે આ રકમ ઘણી હતી, પરંતુ ડેબ્યૂ પછી પણ, મેં જે પણ ફિલ્મો કરી, તે ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી હતી. છૂટથી રહી શકું એટલા પૈસા મને ક્યારેય મળ્યા નહીં.’

**‘સરકાર’ સહિત ૭૫૦ ફિલ્મોમાં અભિનય કરનારા દક્ષિણના લોકપ્રિય વિલન કોટા શ્રીનિવાસ રાવનું નિધન**

# આંધ્રપ્રદેશ, તેલંગણાના CM સહિત અનેક સેલેબ્સે શ્રદ્ધાંજલિ આપી



‘સરકાર’, ‘સન ઓફ સત્યમૂર્તિ’, ‘ટેમ્પર’, ‘યેવાડુ’, ‘બોમ્મારિલ્લુ’ જેવી પ્રખ્યાત ફિલ્મોમાં ખલનાયકની ભૂમિકા ભજવનાર દક્ષિણના લોકપ્રિય અભિનેતા કોટા શ્રીનિવાસ રાવનું ૧૩ જુલાઈના રોજ અવસાન થયું છે. આ અભિનેતા ૮૩ વર્ષના હતા. તેમણે ૧૦ જુલાઈના રોજ તેમનો ૮૩મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ અભિનેતા લાંબા સમયથી બીમાર હતા.કોટા શ્રીનિવાસ રાવનું રવિવારે વહેલી સવારે હૈદરાબાદના જ્યુબિલી હિલ સ્થિત તેમના બંગલામાં નિધન થયું. કોટા શ્રીનિવાસએ તેલુગુ, તમિલ, કન્નડ અને હિન્દી ભાષાઓમાં ૭૫૦ થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો હતો. તેમને ૨૦૧૫માં પદ્મશ્રીથી પણ નવાજવામાં આવ્યા હતા.સફળ ફિલ્મ કારકિર્દી ઉપરાંત, કોટા શ્રીનિવાસ રાજકારણમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ૧૯૯૯ થી ૨૦૦૪ સુધી, તેઓ આંધ્રપ્રદેશના વિજયવાડા પૂર્વના ધારાસભ્ય હતા. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ ભાવનાત્મક રીતે લખ્યું, ‘પ્રખ્યાત અભિનેતા કોટા શ્રીનિવાસ રાવ ગારુનું નિધન ખૂબ જ દુ:ખદ છે. તેમની ગેરહાજરી ફિલ્મ ઉદ્યોગ માટે એક ન ભરી શકાય તેવું નુકસાન છે. ભલે કોટા ગારુ હવે શારીરિક રીતે આપણી વચ્ચે નથી, પરંતુ તેમણે ભજવેલી ભૂમિકાઓ દ્વારા તેઓ હંમેશાં તેલુગુ લોકોનાં હૃદયમાં જીવંત રહેશે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેમના આત્માને શાંતિ મળે, હું તેમના પરિવારના સભ્યો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.’કોટા શ્રીનિવાસ રાવને શ્રદ્ધાંજલિ આપતા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ લખ્યું, ‘પોતાની ભૂમિકાઓથી સિનેમા દર્શકોના દિલ જીતનારા પ્રખ્યાત અભિનેતા કોટા શ્રીનિવાસ રાવનું નિધન અત્યંત દુ:ખદ છે. લગભગ ચાર દાયકા સુધી સિનેમા અને રંગભૂમિના ક્ષેત્રમાં તેમનું કલાત્મક યોગદાન અને તેમણે ભજવેલી ભૂમિકાઓ અવિસ્મરણીય રહેશે. ખલનાયક અને પાત્ર કલાકાર તરીકે તેમણે ભજવેલી અસંખ્ય યાદગાર ભૂમિકાઓ તેલુગુ દર્શકોના હૃદયમાં હંમેશ માટે અંકિત રહેશે. ૧૯૯૯માં તેમણે વિજયવાડાથી ધારાસભ્ય તરીકે ચૂંટણી જીતી અને જનતાની સેવા કરી. હું તેમના પરિવાર પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.’

# અમદાવાદ પ્લેન ક્રેશ: ભારતમાં વિમાન પ્રવાસ કરવો કેટલો સુરક્ષિત?

જૂનમાં એર ઈન્ડિયાના પ્લેનની વિનાશક દુર્ઘટના પછી ઘણા લોકો આ સવાલ પૂછી રહ્યા છે. તે દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨૬૦ લોકો માર્યા ગયા હતા. ૧૨ જૂને લંડન જઈ રહેલું બોઈંગ ૭૮૭-બી ડ્રીમલાઈનર અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની એક મિનિટથી પણ ઓછા સમયમાં તૂટી પડ્યું હતું.

ભારતના ઉડ્ડયન સલામતી નિયમનકાર ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન(ડીજીસીએ)ના વડા ફૈઝ અહેમદ કિદવાઈએ બીબીસી સાથેની એક મુલાકાતમાં કહ્યું હતું, ભારતનું આકાશ હંમેશા સલામત રહ્યું છે. ભૂતકાળમાં પણ અને આજે પણ.તેમણે કહ્યું હતું, પ્રતિ દસ લાખ ફ્લાઈટ્સ અકસ્માતોની સંખ્યા પર નજર રાખતા ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન (આઈસીએઓ) જેવાં સંગઠનો દ્વારા પ્રકાશિત વૈશ્વિક સલામતી માપદંડોના સંદર્ભમાં ભારતની કામગીરી વૈશ્વિક સરેરાશ કરતાં ઘણી સારી રહી છે.૨૦૧૦થી ૨૦૨૪ના સમયગાળામાં ફક્ત બે વર્ષ એવાં હતાં, જ્યારે આપણે વૈશ્વિક સરેરાશથી આગળ નીકળી ગયા હતાં. એ બે વર્ષોમાં મોટા અકસ્માતો થયા હતા.ઓગસ્ટ ૨૦૨૦માં એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ ૧૩૪૪ કોઝીકોડમાં વરસાદથી ભીંજાયેલા રન-વે પર લપસીને દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. તેમાં ૨૧ લોકો માર્યા ગયા હતા. એક દાયકા પહેલાં મે ૨૦૧૦માં દુબઈથી આવી રહેલી ફ્લાઈટ ૮૧૨ મેંગલોર રન-વે પરથી લપસીને ખાઈમાં પટકાઈ હતી. તેમાં ૧૫૮ લોકો માર્યા ગયા હતા. જૂનમાં એર ઈન્ડિયાની દુર્ઘટના છેલ્લાં ૧૫ વર્ષમાં આ પ્રકારની ત્રીજી દુર્ઘટના હતી. ગંભીર ટર્બ્યુલન્સમાં ફસાયેલી દિલ્હી-શ્રીનગરની એક ફ્લાઈટથી માંડીને મેન્ટેનન્સમાં બેદરકારી અને પ્રશિક્ષણમાં ખામી સુધીના વધતા અહેવાલો વચ્ચે ઉડ્ડયન સલામતી સંબંધી સવાલો પર ફરીથી ધ્યાન કેન્દ્રીત થયું છે. આ શ્રેણીમાં હવે ભારતની ચોથી સૌથી મોટી અને લાંબા સમયથી કાર્યરત લો-કોસ્ટ એરલાઈન સ્પાઈસજેટ પણ જોડાઈ છે. ઉડ્ડયન નિયમનકારે અનેક ચોંકાવનારા નિષ્કર્ષો પછી એરલાઈનના વડાઓ પાસેથી જવાબ માંગ્યો હતો. એ તારણો નિયમિત ઓડિટમાંથી નહીં, પરંતુ એક બ્રિટિશ એરલાઈન દ્વારા કાઢવામાં આવ્યાં હતાં. સ્પાઈસજેટના બે ડી હેવિલેન્ડ ક્યુ૪૦૦ ટર્બોપ્રોપ પ્લેનમાં પહેલાંથી પ્રોપલર ખરાબ હોવાની વાત બહાર આવી ત્યારે આ વર્ષની શરૂઆતમાં તેની શરૂઆત થઈ હતી. એરલાઈને SE એરોસ્પેસના નેતૃત્વ હેઠળની બ્રિટિશ ઉત્પાદક કંપની ડોર્ટી પ્રોપેલર્સને જાણ કરી હતી અને પ્રોપેલર્સના આંતરિક બેરિંગ્સ ક્ષતિગ્રસ્ત હોવાનું તેને જાણવા મળ્યું હતું.પ્રત્યેક પ્રોપેલરમાં બે રેસ અથવા રિંગ કે ટ્રેકવાળા બેરિંગ હોય છે. પ્રસ્તુત કિસ્સામાં આંતરિક રેસ ક્ષતિગ્રસ્ત હતી. મૂળ કારણ શોધવાને બદલે સ્પાઈસજેટ કથિત રીતે સમગ્ર યુનિટ પર વધુને વધુ ગ્રીસ લગાવતી રહી હતી. સુધારાત્મક કાર્યવાહી ન થવાને લીધે નિરાશ ડોર્ટીએ આ મુદ્દો સીધો ભારતના ઉડ્ડયન નિયમનકાર સમક્ષ ઉઠાવ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે એપ્રિલમાં ડીજીસીએના પોતાના ઓડિટમાં વધુ ખામીઓ બહાર આવી હતી, જેમાં ખરાબીની ઘટના પણ સમાવિષ્ટ હતી. ફૈઝ અહેમદ કિદવાઈએ કહ્યું હતું, ટર્બોપ્રોપ પ્રોપેલરનો મામલો સ્પાઈસજેટના એક મેન્ટેનન્સ સંગઠન મારફત અમારા ધ્યાનમાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું, અમે સ્પાઈસજેટ સાથે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને તે સુધારાત્મક કામગીરી કરે તે સુનિશ્ચિત કર્યું હતું. સિનિયર મેનેજમેન્ટને પરિસ્થિતિની સંપૂર્ણ જાણકારી ન હોવાનું પણ અમને જાણવા મળ્યું હતું. અમે વિવિધ પદાધિકારીઓ સામે કાર્યવાહી કરી હતી. એ પદાધિકારીઓની જવાબદારી મૂળ ઉપકરણ ઉત્પાદક અને અન્ય નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાની હતી. કેટલાક પદાધિકારીઓને હઠાવવાનો અને કેટલાકને સસ્પેન્ડ કરવાનો આદેશ અમે સ્પાઈસજેટને આપ્યો હતો, જેનું પાલન તેમણે કર્યું હતું.

રોયટર્સ સમાચાર સંસ્થાએ તાજેતરમાં જ અહેવાલ આપ્યો હતો કે એરબસ એ૩૨૦માં ફરજિયાત એન્જિન પાર્ટ રિપ્લેસમેન્ટમાં વિલંબ બદલ અને નિયમનું પાલન કરાયાનો ખોટો રેકોર્ડ દર્શાવવા બદલ ઉડ્ડયન નિરીક્ષકે એર ઈન્ડિયાની બજેટ કેરિયરને માર્ચમાં જ ઠપકો આપ્યો હતો. તેણે ડીજીસીએ સમક્ષ ભૂલ સ્વીકારી છે અને ઉપચારાત્મક કાર્યવાહી કરી છે અને નિવારક પગલાં લીધાં છે. આ કિસ્સામાં માહિતી એરલાઈન દ્વારા જાતે આપવામાં આવી છે.હું (તેમની ભૂલને) માફ નહીં કરું, પરંતુ અમને (કમસે કમ) અહેવાલો મળવાનું શરૂ થઈ ગયું છે. આ એરલાઈન દ્વારા કરવામાં આવ્યું છે. આ કિસ્સામાં કાર્યવાહી કરવામાં આવી છે. ઓડિટમાં વધારે સતર્ક રહેવા અને કોઈ ભૂલ છે કે કેમ તે ચકાસવા તેમજ એ અમારા ધ્યાન પર લાવવાનો આદેશ અમે અમારા અધિકારીઓને આપ્યો છે. મે મહિનામાં દિલ્હીથી શ્રીનગર જતી ઈન્ડિગોની એક ફ્લાઈટે ટેક ઓફ કર્યાની લગભગ ૪૫ મિનિટ પછી ભારે તોફાન અને કરાનો સામનો કરવો પડ્યો હતો. ૨૨૨ પ્રવાસીઓ સાથેના એરબસ એ-૩૨૧ વિમાને એક્સ્ટ્રીમ વર્ટિક્યુલર એર કરન્ટ્સનો સામનો કરવો પડ્યો હતો. તેને કારણે ઓવરહેડ બિન્સ ખસી ગયાં હતાં અને વિમાનના આગળના ભાગને નુકસાન થયું હતું. વિમાનની ચાલક ટુકડીએ ઈમર્જન્સી જાહેર કરી હતી અને શ્રીનગર ખાતે કોઈ ઈજા વિના પ્લેનનું સુરક્ષિત ઉતરાણ કરવામાં આવ્યું હતું. નિયમનકારે તપાસ શરૂ કરી હતી અને બે પાઈલોટોને ફરજ પરથી ઉતારી મૂકવામાં આવ્યા હતા.

તોફાની પરિસ્થિતિમાં ઉડાન ભરતા પાઈલોટો માટેની ગાઈડલાઈન્સમાં નિયમનકારે હવે સુધારા કર્યા છે. દાખલા તરીકે, હવામાન વાદળછાયું હોય અથવા જોખમી લાગતી હવામાન પેટર્ન હોય તો પાઈલટ્સે ત્યાં સુધીમાં ચોક્કસ નોટિકલ માઈલ્સમાં ચોક્કસ પગલાં લેવાં જરૂરી બનશે. તેમણે કહ્યું, આવું જોખમ કોને કહેવાય તે અમે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કર્યું છે.તેમાં પ્લેનને ડાયવર્ટ કરવાનો, પાછું લાવવાનો અને અન્ય યોગ્ય પગલાં લેવાનો સમાવેશ થાય છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયના ડેટા અનુસાર, ભારતીય વિમાન કંપનીઓએ ૨૦૨૦થી ૨,૪૬૧ ટેકનિકલ ખામીઓ રિપોર્ટ કરી છે. તેમાં જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં અડધાથી વધુ (૧,૨૮૮) ટેકનિકલ ખામીઓ સાથે ઈન્ડિગો પહેલા ક્રમે છે. એ પછી ૬૩૩ ખામીઓ સાથે સ્પાઈસજેટ બીજા ક્રમે છે, જ્યારે એર ઈન્ડિયા અને તેની પેટા કંપની ઈન્ડિયા એક્સપ્રેસમાં ૩૮૯ ખામીઓ નોંધાઈ છે.એરલાઈન્સ દ્વારા ખામીઓના રિપોર્ટિંગમાં વધારો થયો છે. તે સારી વાત છે.હું એમ નહીં કહું કે હું તેનાથી ખુશ છું, પરંતુ રિપોર્ટિંગના વધતા જતા પ્રમાણમાં મને મૂલ્ય જણાય છે. ચૂપ રહીને વિમાન ચલાવ્યા કરતાં દરેક ખામી અધિકારીઓના ધ્યાન પર લાવવામાં આવે તે વધુ સારી વાત છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ફ્લાઈટ્સની સંખ્યા વધવાની સાથે ફ્લાઈટ્સ માટેના ટર્નઅરાઉન્ડ સમયની સાથે મેન્ટેનન્સ તપાસ માટે પૂરતો સમય છે કે નહીં તેનું ધ્યાન રાખવું મહત્ત્વપૂર્ણ છે. ઉડ્ડયન નિયમનકાર પરની જવાબદારી વધી છે. ભારત વિશ્વના ત્રીજા ક્રમના સૌથી મોટા એવિએશન માર્કેટ તરીકે ઉભર્યું છે. તેમ છતાં છેલ્લાં બે વર્ષમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે બજેટ કટ્સનો સામનો કરવો પડ્યો છે, જે આ ક્ષેત્ર માટેની નાણાકીય અગ્રતામાં ઘટાડો દર્શાવે છે. આજે દેશનાં શિડ્યુલ્ડ કેરિયર્સ લગભગ ૮૫૦ વિમાનોનું સંચાલન કરે છે, જે એક દાયકા પહેલાંની લગભગ ૪૦૦ વિમાનોની સંખ્યા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે.

૨૦૧૪-૧૫ પછી વિમાન પ્રવાસીઓની સંખ્યા ૧૧૬ મિલિયનથી વધીને ૨૩૯ મિલિયન થઈ ગઈ છે, એટલે કે બમણી થઈ છે. કોમર્શિયલ એરોડ્રોમ્સની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. એક દાયકા પહેલાં આવાં લગભગ ૬૦-૭૦ એરોડ્રોમ્સ હતાં. આજે લગભગ ૧૩૦-૧૪૦ છે. ફૈઝ અહેમદ કિદવાઈએ કહ્યું હતું, શિડ્યુલ્ડ અને નોન-શિડ્યુલ્ડ ઓપરેટર્સ બંને સહિત કુલ હવે ૧,૨૮૮ વિમાનો કાર્યરત છે. દાયકાના અંત સુધીમાં આપણે ૨,૦૦૦થી વધુ વિમાનોનું સંચાલન કરતા હોવાનો અંદાજ છે. (નોન-શિડ્યુલ્ડ ઓપરેટર્સમાં ચાર્ટર એરલાઈન્સ, ખાનગી જેટ ઓપરેટર્સ, એર ટેક્સી અને હેલિકોપ્ટર સેવાઓનો સમાવેશ થાય છે)

### આ કોઈ કુદરતી કે આકસ્મિક પરિવર્તન નથી : ભારતીય જનતા પાર્ટી

# બંગાળની ૪૬ વિધાનસભા બેઠકો પર મતદારોમાં ૪૦ ટકાથી વધુનો વધારો

### સરકારના આશ્રય હેઠળ સુઆયોજિત ડેમોગ્રાફિક એન્જિ. કરવામાં આવ્યું

કોલકતા, તા.૧૩

ભારતીય જનતા પાર્ટી એ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં વ્યાપક ફેરફારોનો આરોપ લગાવ્યો, દાવો કર્યો કે "રાજકીય આશ્રય" હેઠળ રાજ્યમાં "ખતરનાક વસ્તી વિષયક પરિવર્તન" થઈ રહ્યું છે. પાર્ટીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૧ દરમિયાન, રાજ્યની ૪૬ વિધાનસભા બેઠકો પર મતદારોની સંખ્યામાં ૪૦ ટકાથી વધુનો વધારો થયો છે. આમાંથી ૭ બેઠકો પર, આ વધારો ૫૦ ટકાથી વધુ છે. અને અમે ૨૦૨૧ પછી કે ૨૦૧૧ પહેલા થયેલા ફેરફારો પર વિચાર પણ કર્યો નથી.ભાજપે સોશિયલ મીડિયા પર એક વિગતવાર પોસ્ટમાં કહ્યું કે આ કોઈ કુદરતી કે આકસ્મિક પરિવર્તન નથી, પરંતુ મમતા બેનર્જી સરકારના આશ્રય હેઠળ



કરવામાં આવી રહેલ "સુઆયોજિત ડેમોગ્રાફિક એન્જિનિયરિંગ" છે. પક્ષે આરોપ લગાવ્યો હતો કે આમાંથી સાત બેઠકો પર મતદારોનો વિકાસ દર ૫૦ ટકાથી વધુ છે, જ્યારે ૧૧૮ બેઠકો પર આ આંકડો ૩૦ થી ૪૦ ટકાની વચ્ચે છે. પક્ષે કહ્યું કે આ સિવાય, ૧૧૮ વિધાનસભા મતવિસ્તાર એવા છે જ્યાં મતદારોનો વિકાસ ૩૦% થી ૪૦% ની વચ્ચે છે.આ ૪૬ બેઠકોમાંથી ૧૦ માલદાની છે. ૧૦ દક્ષિણ ૨૪ પરગણાની છે. ૯ મુર્શિદાબાદની છે. ૭ ઉત્તર દિનાજપુરની છે. ૪ દક્ષિણ દિનાજપુરની છે. ૨ ઉત્તર ૨૪ પરગણાની છે. ૨ જલપાઈગુડીની છે અને ૨ દાર્જિલિંગની છે.

### ચંદીગઢ-મનાલી નેશનલ હાઈવે બંધ

# ઉત્તર પ્રદેશમાં વરસાદ અને વીજળી પડવાથી ૧૪ લોકોનાં મોત નીપજ્યાં

### બિહાર-ઝારખંડમાં ૩નાં મોત, એમપીમાં નદીઓમાં પૂર

નવી દિલ્હી/ભોપાલ/લખનૌ, તા.૧૩

યુપીમાં ભારે વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો, વરસાદ અને વીજળી પડવાથી ૧૪ લોકોના મોત થયા છે. તેમજ, રાજ્યના ડેમ ઓવરફ્લો થવા લાગ્યા છે. લલિતપુરમાં માતાટીલા ડેમના ૯ દરવાજા ખોલવામાં આવ્યા છે, જ્યારે ઝાંસીમાં, પથરાઈ ડેમના ૪ અને લહચુરા ડેમના ૧૦ દરવાજા ખોલવામાં આવ્યા છે.

ઝારખંડના સરાયકેલા-ખરસાવાં અને લોહરદગા જિલ્લામાં વીજળી પડવાથી ૨ લોકોના મોત થયા હતા. તેમજ, એક વ્યક્તિ દાઝી ગઈ. બધા ખેતરમાં કામ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. બિહારમાં, ફક્ત રોહતાસમાં વરસાદ પડ્યો હતો, જ્યાં વીજળી પડવાથી ૧ મહિલાનું મોત થયું હતું.મધ્યપ્રદેશમાં ભારે વરસાદને કારણે રેવા, સતના અને છતરપુર સહિત ૫ જિલ્લામાં પૂરની સ્થિતિ છે. ખજુરાહોમાં ૯ કલાકમાં ૬.૩ ઈંચ વરસાદ પડ્યો છે. છતરપુરના નૌગાંવમાં ૩.૪ ઈંચ વરસાદ પડ્યો છે. ચિત્રકૂટમાં બોટ દ્વારા લોકોને બચાવવામાં આવ્યા હતા. અહીં બાણસાગર ડેમના ૭ દરવાજા ખોલવામાં આવ્યા હતા. બરગી ડેમના ૫ દરવાજા ખોલવામાં આવ્યા છે.રાજસ્થાનના ઝાલાવાડ, ધોલપુર, કરીલી અને અલવરમાં ભારે વરસાદ પડ્યો હતો. ઝાલાવાડમાં ૪ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. આ દરમિયાન ત્રણ બાળકો ડૂબી ગયા હતા, બેના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એકની શોધખોળ ચાલુ છે.

પાંડોહ ડેમ નજીક કૈંચી મોર પર ભૂસ્ખલન થયું હતું. ચંદીગઢ-મનાલી નેશનલ હાઈવે બંધ થઈ ગયો હતો. અહીં સેંકડો વાહનો ફસાઈ ગયા હતા. રાજ્યભરમાં ૨૫૦ રસ્તા બંધ છે.

### ટ્રમ્પને મોટો ઝટકોઃ ઇમિગ્રન્ટ એડવોકસી જૂથો દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી

# અમેરિકમાં ગેરકાયદે ઈમિગ્રન્ટસની ધરપકડ કરવા સામે ફેડરલ જજનો સ્ટે

### લોસ એન્જલસ સહિત સાત કાઉન્ટીમાં આડેધડ ધરપકડ બંધ

વોશિંગ્ટન ડીસી, તા.૧૩

યુએસ ડિસ્ટ્રિક્ટ ફેડરલ જજે શુક્રવારે લોસ એન્જેલસ સહિત કેલિફોર્નિયાની સાત કાઉન્ટીઓમાં ઈમિગ્રન્ટસને અટકાવી તેમની આડેધડ ધરપકડ ન કરવાનો ટ્રમ્પ વહીવટીતંત્રને આદેશ આપ્યો હતો. ઈમિગ્રેશન રેડ પાડવા માટે અપનાવેલી ગેરકાયદે યુક્તિઓને અટકાવવા માટે અટક કરવામાં આવેલાં ત્રણ ઈમિગ્રન્ટ્સ, બે અમેરિકન નાગરિકો અને ઈમિગ્રન્ટ એડવોકસી જૂથો દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટ જજ મામે ઇ. ફ્રિમપોન્ગે એક અલગ આદેશમાં ફેડરલ સરકારના એટર્નીને લોસ એન્જેલસ ઈમિગ્રેશન ડિટેન્શન ફેસિલિટીની મુલાકાત લેવા પર બંધી ફરમાવી હતી. એડવોકસી જૂથોએ દલીલ કરી કે સરકાર બંધારણના



ચોથા અને પાંચમા સુધારાનો ભંગ કરી કાર્યવાહી કરે છે તેને પગલે ફ્રિમપોન્ગે આ આદેશ આપ્યો હતો. દરમ્યાન યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના નાયબ મંત્રી ટ્રિસિયા મેકલાફલિને જણાવ્યું હતું કે કાયદાનો અમલ કરનારી એજન્સીઓ દ્વારા વ્યક્તિઓને તેમની ચામડીના રંગને આધારે લક્ષ્ય બનાવવામાંઆવે છે તેવા કોઈપણ દાવા ઘૃણાસ્પદ અને સદંતર ખોટાં છે. અધિકારીઓ ધરપકડ કરતાં પહેલાં યોગ્ય કાયદેસર તપાસ કરે છે. અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયનના જણાવ્યા અનુસાર તાજેતરમાં કરવામાં આવેલી ધરપકડો આડેધડ ધરપકડના ક્વોટાને પુરો કરવાના ઉદેશથી કરાઇ હતી અને તે વર્ણ કે વંશીયતાના આધારે કરાઇ હતી. યુનિયનના એટર્ની મોહમ્મદ તાજસારે જણાવ્યું હતું કે એક અમેરિકન બ્રિઆન ગેવિડિયાન પર હુમલો કરવાનું કારણ તે લેટિનો હતો અને લેટિન અમેરિકન વિસ્તારમાં રહેતો હતો તે હતું. કાર વોશ સેન્ટરમાં માત્ર બે શ્વેત કર્મચારીઓ સિવાય દરેક જણની ઈમિગ્રેશન અધિકારીઓએ અટક કરી હતી.

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### ઇઝરાયલના હુમલામાં ઈરાનના રાષ્ટ્રપતિ ઘાયલ થયા હતા

તેહરાન : ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ગયા મહિને ૧૨ દિવસનું યુદ્ધ થયું હતું. આ દરમિયાન, ૧૬ જૂને ઈઝરાયલના હુમલામાં ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝાશ્કિયાન ઘાયલ થયા હતા. ઈરાની સમાચાર એજન્સી ફાર્સે આ માહિતી આપી છે. રિપોર્ટ અનુસાર, ઇઝરાયલે ૧૬ જૂનના રોજ તેહરાનના પશ્ચિમ ભાગમાં એક ઈમારત પર ૬ મિસાઈલોથી હુમલો કર્યો હતો. તે સમયે ઈમારતમાં દેશના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કેબિનેટની બેઠક ચાલી રહી હતી. આ બેઠકમાં તેમની સાથે ઈરાનના સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફ, ન્યાયતંત્રના વડા ગુલામ-હુસેન મોહસેની એજેઈ અને અન્ય ઘણા સીનિયર અધિકારીઓ હતા.

### લાલ સાગરમાં હુથી બળવાખોરોએ એક સપ્તાહમાં ૨ જહાજ ડૂબાડ્યાં

નવીદિલ્હી :દુનિયા સામે નવું સંકટ ઊભુ થઈ રહ્યું છે કારણ ઈરાન સમર્થક હુથી બળવાખોરોએ લાલ સાગરમાં કાર્ગો જહાજો ડૂબાડવાનું શરૂ કર્યું છે. હુથી બળવાખોરો દ્વારા હુમલાનો ડર એટલો છે કે લાલ સાગરમાંથી પસાર થતા કાર્ગો જહાજોના ક્રૂ મેમ્બર પોતાને બચાવવા માટે ધાર્મિક ઓળખ જાહેર કરવી પડી રહી છે. કારણ કે છેલ્લા એક અઠવાડિયામાં હુથી હુમલા પછી લાલ સાગરમાં બે જહાજો ડૂબી ગયા છે. હુથીઓએ જાહેરાત કરી છે કે તે ઈઝરાયલી બંદર તરફ જતા દરેક કાર્ગો જહાજ પર હુમલો કરશે. , લાલ સાગરમાંથી પસાર થતા જહાજોના પબ્લિક ટ્રેકિંગ પ્રોફાઈલ પર એવા મેસેજ મોકલામાં આવી રહ્યા છે.

### સજા ભોગવી રહેલા કેદીના પેટમાંથી તબીબોએ ફોન કાઢ્યો

બેંગલુરુ : કર્ણાટકની શિવમોગા સેન્ટ્રલ જેલમાં બંધ એક કેદીના પેટમાંથી મેકગન ટીચિંગ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના ત્રણ ડોક્ટરોએ સર્જરી દ્વારા કીપેડ મોબાઈલ ફોન કાઢ્યો છે. આ ફોન કેદીના પેટમાંથી કાઢવામાં આવ્યો છે. જેલનો એક દોષિત કેદી ૨૩ જૂને પેટમાં દુખાવાની ફરિયાદ બાદ જેલના ડૉક્ટર પાસે ચેકઅપ માટે આવ્યો હતો. આ દરમિયાન, જ્યારે ડૉક્ટરે તેને પૂછ્યું કે તેણે શું ખાધું છે, ત્યારે કેદીએ ખોટું બોલ્યું અને કહ્યું કે તેણે પથ્થર ગળી લીધો છે. જ્યારે તેને પેટમાં ભારે દુખાવો થયો, ત્યારે ૨૪ જૂને દૌલતને મેકગન ટીચિંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો અને અલ્ટ્રાસાઉન્ડ કરવામાં આવ્યો, જેમાં તેના પેટમાં એક વસ્તુ મળી આવી હતી.

### ઇરાનમાં ૫ લાખ અફઘાન લોકોને હાંકી કાઢવામાં આવ્યા

તહેરાન : ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તાજેતરના સંઘર્ષના થોડા દિવસો પછી, ઈરાનમાં અફઘાન નાગરિકો સામે કાર્યવાહી વધુ તીવ્ર બની છે. માત્ર ૧૬ દિવસમાં, ૫ લાખથી વધુ અફઘાનને ઈરાનમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ, આ દાયકાના સૌથી મોટા બળજબરીથી વિસ્થાપનમાંથી એક માનવામાં આવે છે. અહેવાલ મુજબ, ૨૪ જૂનથી ૯ જુલાઈ દરમિયાન, ૫ લાખ ૮ હજારથી વધુ અફઘાન નાગરિકોએ ઈરાન-અફઘાનિસ્તાન સરહદ પાર કરી છે. એક જ દિવસમાં ૫૧,૦૦૦ લોકોને હાંકી કાઢવામાં આવ્યા હતા, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. ઈરાને ગયા રવિવાર સુધી અલ્ટીમેટમ આપ્યું હતું કે કાગળો વગરના બધા અફઘાન નાગરિકોએ દેશ છોડી દેવો જોઈએ.

### ઘોડા પર અને પાલખીમાં જતા ભક્તો માટે અલગ અલગ રૂટ બનાવવામાં આવ્યા

# અમરનાથ યાત્રામાં કુલગામમાં કાફલાની ત્રણ બસો એકબીજા સાથે અથડાઈ, ૧૦ ઈજાગ્રસ્ત

### ગુફા તરફ જવાના માર્ગ પર ચાર સ્ટેન્ડ બનાવવામાં આવ્યાઃ કડક સુરક્ષા વ્યવસ્થા

પહેલગામ, તા.૧૩

અમરનાથ યાત્રાના કાફલાની બસો વૈષ્ણોદેવી જઈ રહી હતી ત્યારે કુલગામમાં અકસ્માત થયો હતો. રવિવારે કુલગામમાં અમરનાથ યાત્રાળુઓના કાફલાની ત્રણ બસો એકબીજા સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ૧૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઓથોરિટીએ જણાવ્યું હતું કે બાલતાલ તરફ જઈ રહેલા કાફલાની ત્રણ બસોનો તાચલુ ક્રોસિંગ પાસે અકસ્માત થયો હતો.અમરનાથ યાત્રાના ૧૦મા દિવસે, ૧૯,૦૨૦ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં બરફના શિવલિંગના દર્શન કર્યા. અત્યાર સુધીમાં ૧.૮૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફા મંદિરના દર્શન કરી ચૂક્યા



છે. પવિત્ર અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી. તે ૯ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે.આ દરમિયાન, રવિવારે સવારે, ૭,૦૪૯ યાત્રાળુઓનું ૧૨મું ગ્રુપ જમ્મુથી ભગવતી નગર બેઝ કેમ્પ માટે રવાના થયું. જેમાં ૧૪૨૩ મહિલાઓ, ૩૧ બાળકો અને ૧૩૯ સાધુ-સાધ્વીઓનો સમાવેશ થાય છે. યાત્રાના પહેલા દિવસે ગુરુવારે ૧૨,૩૪૮, શુક્રવારે ૧૪,૫૧૫, શનિવારે ૨૧,૧૦૯, રવિવારે ૨૧,૫૧૨ અને સોમવારે ૨૩,૮૫૭ શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. અત્યાર સુધીમાં ચાર લાખથી વધુ લોકોએ નોંધણી કરાવી છે. પવિત્ર ગુફામાં બરફનું શિવલિંગ. અમરનાથ યાત્રા પર એક શ્રદ્ધાળુને તાત્કાલિક ઓક્સિજન પૂરો પાડતી ટીમ.અમરનાથ યાત્રા રૂટ પર શું કરવું યાત્રામાં યાત્રાળુઓની સુરક્ષા માટે ૫૮૧ અલગ અલગ સુરક્ષા કંપનીઓ દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આમાં CRPF, BSF, SSB, IBTP અને CISF સહિતના સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યા છે. બાલતાલથી ગુફા સુધીના માર્ગ પર દર બે કિલોમીટરના અંતરે મેડિકલ કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. વચ્ચે ઘણી જગ્યાએ કેમ્પો પણ શરૂ કરવામાં આવ્યા છે. આ વર્ષે ગુફા તરફ જવાના માર્ગ પર ચાર સ્ટેન્ડ બનાવવામાં આવ્યા છે, જ્યારે પગપાળા, ઘોડા પર અને પાલખીમાં જતા ભક્તો માટે અલગ અલગ રૂટ બનાવવામાં આવ્યા છે.

### અવકાશમાં વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા પછી

# શુભાંશુ સહિત ચાર અવકાશયાત્રીને ISSમાંથી વિદાય યાત્રા આજે શરૂ થશે

### ૧૫ જુલાઈના બપોરે ૩ વાગ્યે સમુદ્રમાં ઉતરશે

નવી દિલ્હી, તા.૧૩

૧૮ દિવસ સુધી અવકાશમાં વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા પછી, હવે ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને તેમના ત્રણ અન્ય સાથી અવકાશયાત્રીઓ માટે વિદાય અને રાત્રિભોજનનો સમય આવી ગયો છે. એક્સિઓમ-૪ મિશનની ટીમ સોમવારે પૃથ્વી પર પાછા ફરવાની તૈયારી કરી રહી છે. એક્સિઓમ-૪ મિશનમાં કુલ ચાર અવકાશયાત્રીઓ છે. કમાન્ડર પેગી વ્હિટસન, પાઈલટ શુભાંશુ શુક્લા, પોલેન્ડના રહેવાસી અને મિશન નિષ્ણાત સ્લેવોઝ ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી, હંગેરિયનના રહેવાસી અને મિશન નિષ્ણાત ટિબોર કાપુ ક્રૂમાં શામેલ છે. ક્રૂ સોમવારે સાંજે ૪:૩૫ વાગ્યે ભારતીય સમય મુજબ (સવારે ૭:૦૫ વાગ્યે ઈટી) આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી રવાના થશે. ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહે માહિતી આપી હતી કે એક્સિઓમ-૪ ક્રૂ ૧૫ જુલાઈના રોજ બપોરે ૩ વાગ્યે ભારતીય સમય મુજબ સમુદ્રમાં ઉતરશે. શુક્રવાર અને શનિવારે, બધા અવકાશયાત્રીઓએ સાથે મળીને રવાના થતા પહેલા એક ખાસ રાત્રિભોજનનું આયોજન કર્યું. હાલમાં અવકાશમાં ૧૧ અવકાશયાત્રીઓ છે - ૭ એક્સપિડિશન ૭૩ ના અને ૪ એક્સિઓમ ૪ મિશનના. અમેરિકન અવકાશયાત્રી જોની કિમે એક્સ પર લખ્યું કે એક્સિઓમ ૪ ક્રૂ સાથે તેમણે જે ભોજન લીધું તે સૌથી યાદગાર સાંજમાંની એક હતી. આ મિજબાનીમાં સ્ટાર્ટર તરીકે રિહાઈડ્રેટેડ ઝીંગા કોકટેલ અને ક્રેકર્સ, મુખ્ય વાનગી તરીકે ચિકન અને બીફ ફજીટા અને મીઠાઈ માટે બ્રેડ, કન્ડેન્સ્ડ મિલ્ક અને વોલનટ કેકનો સમાવેશ થતો હતો.

### સન્માન માગવાથી ના મળે, તે કર્મોથી કમાવવા પડે

# કોઈ પોતાના વિચાર બીજા પર થોપી મહાન ન બની શકે : નીતિન ગડકરી

### આ પ્રકારનો અહંકાર સાચા નેતૃત્વને નબળો પાડી દે છે

નવી દિલ્હી, તા.૧૩

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ ફરી એકવાર તેમના દમદાર નિવેદનથી રાજકારણમાં ચર્ચા જગાવી છે. નાગપુરમાં એક સંમેલનમાં આચાર્ય અને શિક્ષકોને સંબોધતા તેમણે કહ્યું કે સત્તા, ધન, જ્ઞાન અને સુંદરતા પ્રાપ્ત કરનારા લોકો અનેકવાર અહંકારી બની જાય છે. એકવાર જ્યારે લોકો એમ માનવા લાગે છે કે તે સૌથી બુદ્ધિમાન છે તો તેમની દૃઢતા બીજા પર પ્રભુત્વમાં બદલાવા લાગે છે. ગડકરીએ કહ્યું કે ગમે તે વ્યક્તિ હોય તે પોતાની જાતને બીજા પર થોપી મહાન ન બની શકે. જે લોકોને તમે સ્વીકાર્યા છે તેમણે ક્યારેય કોઈના પર પોતાની જાતને થોપવી નથી પડી. ગડકરીએ નેતાઓ વચ્ચે અહંકારના આ જાળ સામે દુઃખ વ્યક્ત



કરતાં ચેતવણીભર્યા શબ્દોમાં કહ્યું કે હું સૌથી બુદ્ધિમાન છું. હું સાહેબ બની ગયો છું. હું બીજાને મહત્ત્વ પણ નથી આપતો. આ પ્રકારનો અહંકાર સાચા નેતૃત્વને નબળો પાડી દે છે. ગડકરીએ સાચા નેતૃત્વની વ્યાખ્યા જણાવતા કહ્યું કે કોઈપણ સંસ્થાની તાકાત ભલે તે રાજકારણ હોય, સમાજ સેવા હોય કે કોર્પોરેટ, માનવી સંબંધોમાં જ નિહિત હોય છે. તમે તમારી નીચેના લોકો સાથે કેવું વર્તન કરો છો તે જ અસલ નેતૃત્વ કહેવાય છે. સન્માન માગવાથી ના મળે, તે કર્મોથી કમાવો પડે. વિપક્ષ દ્વારા ગડકરીની ટિપ્પણીઓને ભાજપના ટોચના નેતૃત્વ પર છુપો હુમલો ગણાવવામાં આવ્યો હતો.

### વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો

# આઈએએસ અધિકારીએ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીને લાફા ઝીંક્યા

### મને ખૂબ વાગ્યું છે, મારા કાનને અસર થઈ છે : વિદ્યાર્થીની રજૂઆત

ભોપાલ, તા.૧૩

મધ્યપ્રદેશના ભિંડ જિલ્લામાં એક સરકારી અધિકારીએ પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીને અનેક વખત લાફા ઝીંક્યા હતાં. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશમાં પરીક્ષા દરમિયાન ભિંડ જિલ્લા મેજિસ્ટ્રેટ અને IAS અધિકારી સંજીવ શ્રીવાસ્તવે ૧ એપ્રિલના રોજ દિનદયાળ ડંગરોલિયા મહાવિદ્યાલયમાં બીએસસી બીજા વર્ષની ગણિતની પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીને ઉપરાછાપરી અનેક લાફા માર્યા હતા.આ લાફો મારવા પાછળનું કારણ એક કાગળ હતું. વીડિયોમાં શ્રીવાસ્તવે વિદ્યાર્થીને બેન્ચ પરથી ઉભો કરી વારંવાર લાફા માર્યા અને પૂછી રહ્યા હતાં કે, તેનું પ્રશ્નપત્ર ક્યાં છે. અન્ય એક વીડિયોમાં તે વિદ્યાર્થીને બીજા



રૂમમાં લઈ જતાં જોવા મળ્યા હતાં. જ્યાં ઉપસ્થિત એક વ્યક્તિને વિદ્યાર્થી તરફ ઈશારો કરી અમુક પેપર આપે છે. બાદમાં ફરી વિદ્યાર્થીને પૂછે કે, તારૂ પ્રશ્નપત્ર ક્યાં છે અને વધુ બે લાફા મારી દે છે. વિદ્યાર્થીને આટલા બધા લાફા મારવામાં આવતાં તેના કાન પર અસર થઈ હતી.વીડિયો વાઈરલ થયા બાદ આઈએએસ અધિકારીની આકરી ટીકા થઈ રહી હતી. જેના પર સ્પષ્ટતા આપતાં શ્રીવાસ્તવે જણાવ્યું કે, અમને કોલેજમાં માસ ચીટિંગ થઈ રહી હોવાની બાતમી મળી હતી. અમે જ્યારે કોલેજ પહોંચ્યા તો દરેક વિદ્યાર્થી શાંતિથી પરીક્ષા આપી રહ્યા હતાં. એક માત્ર આ વિદ્યાર્થી પાસે પોતાનું પ્રશ્નપત્ર ન હતું.

### પિતા રાધિકાના ટેનિસ એકેડમી ખોલવાના નિર્ણયથી નારાજ થયા હતા

# ટેનિસ ખેલાડી રાધિકા યાદવ અન્ય જાતિમાં લગ્ન કરવા માગતી હતી

### દીપકે સ્વીકાર કર્યો કે તેણે હત્યાની યોજના પહેલાથી બનાવી હતી

ગુરુગ્રામ, તા.૧૩

રાધિકા યાદવ મર્ડર કેસની ચર્ચા હાલમાં ખૂબ થઈ રહી છે. આ કેસે દેશને હચમચાવી નાખ્યો. લોકો તેની સાથે જોડાયેલી દરેક નાની મોટી અપડેટ જાણવા માગે છે. પોલીસનું કહેવું છે કે રાધિકાના પિતાએ જ તેને મોતને ઘાટ ઉતારી દીધી. આરોપી પિતા દીપક યાદવે પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે. પોલીસના જણાવ્યા અનુસાર, દીપક પોતાની દીકરી રાધિકાના ટેનિસ એકેડમી ખોલવાના નિર્ણયથી નારાજ હતો. પોલીસનું તો એવું પણ કહેવું છે કે, તેમણે કેટલીયે વાર પોતાની દીકરીને સમજાવી હતી કે તે એકેડમી બંધ કરી દે, પણ રાધિકા માની નહીં. રાધિકા સ્ટેટ



લેવલની ટેનિસ ખેલાડી હતી. પિતાએ તેને ચાર ગોળી ધરબી દીધી હતી. તે સમયે તે નાસ્તો બનાવી રહી હતી. આ કેસમાં ક્ષણે ક્ષણે નવી નવી વાતો સામે આવી રહી છે., રાધિકા પોતાની જાતિથી બહાર લગ્ન કરવા માગતી હતી. તેના પિતા આ વાતે નારાજ હતા. રાધિકાના ગામ વઝીરાબાદના એક પાડોશીએ જણાવ્યું કે દીપક રાધિકાની પસંદના જીવનસાથીથી ખુશ નહોતો. ૪૭ વર્ષીય પાડોશીએ નામ ન છાપવાની શરતે જણાવ્યું છે કે, રાધિકા પોતાની જાતિથી બહાર લગ્ન કરવા માગતી હતી, પણ તેના પિતા તેને જાતિમાં જ લગ્ન કરાવવા માગતા હતા. તેઓ જૂના રૂઢિચુસ્ત વિચારોવાળા વ્યક્તિ હતા. આ બાજુ રાધિકાની મા મંજૂ યાદવે પોલીસને નિવેદન આપવાની ના પાડી દીધી છે. તેમણે કહ્યું કે, ભલે તે ઘટના સમયે ફ્લેટમાં હતી, પણ તેને તાવ હતો અને તેણે કંઈ જોયું નથી.

### સત્તાવાર વેબસાઇટ પરથી રજિસ્ટ્રેશન કરાવી શકશે

# MBBSમાં એડમિશન માટે NEET UG કાઉન્સલિંગનું શિડ્યુલ જાહેર

### NEET UGનું પરિણામ ૧૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું

નવી દિલ્હી, તા.૧૩

મેડિકલ કાઉન્સેલિંગ કમિટી (MCC)એ MBBS અને BDSમાં પ્રવેશ માટે કાઉન્સેલિંગનું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કર્યું છે. શેડ્યૂલ મુજબ, આ વર્ષે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કરનારા વિદ્યાર્થીઓ ૨૧ જુલાઈ, ૨૦૨૫થી કાઉન્સેલિંગ પ્રક્રિયા માટે MCCની સત્તાવાર વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. કાઉન્સેલિંગ પ્રક્રિયાનું શેડ્યૂલ mcc.nic.in પર જાહેર કર્યું છે. આ વર્ષે NEET UGનું પરિણામ ૧૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું. NEET UG કાઉન્સેલિંગ મુખ્યત્વે ચાર રાઉન્ડમાં હાથ ધરવામાં આવે છે. જો ચોથા રાઉન્ડ પછી પણ બેઠકો ખાલી રહે છે, તો સ્ટ્રેઝ ઉમેદવારો માટે ખાસ ખાલી જગ્યા રાઉન્ડનું આયોજન કરે છે. જોકે, ભાગ્યે જ એવું બને છે કે કોઈ મેડિકલ કોલેજમાં બેઠકો ખાલી રહે.તારીખો નોંધી લો આ તારીખો - NEET કાઉન્સેલિંગ ૨૦૨૫ નોંધણી અને ફી ચુકવણીની તારીખ ૨૧ થી ૨૮ જુલાઈ, ૨૦૨૫ - ચોઈસ ફિલિંગ/લોકિંગની તારીખ ૨૨ થી ૨૮ જુલાઈ ૨૦૨૫- સીટ ફાળવણી પ્રક્રિયાની તારીખ ૨૯ થી ૩૦ જુલાઈ ૨૦૨૫ પ્રથમ રાઉન્ડ પ્રોવિઝનલ રિઝલ્ટ જાહેર થવાની તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૫- પ્રથમ રાઉન્ડ ફાઈનલ રિઝલ્ટ જાહેર થવાની તારીખ ૧ થી ૬ ઓગસ્ટ ૨૦૨૫- સીટ ફાળવણી સુધીમાં કાઉન્સેલિંગ સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે.

### લોકોએ છત્રપતિ શિવાજી મહારાજના વખાણમાં સૂત્રોચ્ચાર પણ કર્યા

# શિવસેનાના કાર્યકરોએ ઓટો ડ્રાઈવરને માર્યો : પછી મરાઠીમાં માફી મગાવી

### ઓટો ડ્રાઈવરે કહ્યું હતું કે- હું હિન્દી-ભોજપુરી બોલીશ, શું કરશો

પાલઘર, તા.૧૩

મહારાષ્ટ્રના પાલઘરમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના કાર્યકરોએ એક ઓટો ડ્રાઈવરને માર માર્યો. ઓટો ડ્રાઈવરનો એક વીડિયો વાયરલ થયો હતો. આમાં, તે બૂમો પાડી રહ્યો છે અને કહી રહ્યો છે કે હું હિન્દી અને ભોજપુરીમાં બોલીશ, તમે શું કરશો. મને મરાઠી બોલતા આવડતું નથી.

આ પછી શિવસેનાના કાર્યકરોએ ઓટો ડ્રાઈવરને પકડી લીધો અને તેના કાન પકડીને મરાઠીમાં માફી માંગાવી. આનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ પોસ્ટ કરવામાં આવ્યો હતો. આમાં ડ્રાઈવર હાથ જોડીને કહે છે કે તેનાથી ભૂલ થઈ છે, હવે તે મરાઠીમાં



બોલશે. આ દરમિયાન તેને ઘણી વાર થપ્પડ મારવામાં આવી હતી. આ સાથે લોકોએ છત્રપતિ શિવાજી મહારાજના વખાણમાં સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. શિવસેના (UBT) વિરાર શહેરના વડા ઉદય જાધવે કહ્યું, 'જે કોઈ મરાઠી ભાષા, મહારાષ્ટ્ર કે મરાઠી માનુષનું અપમાન કરશે તેને સાચા શિવસેના શૈલીમાં જવાબ મળશે. અમે ચૂપ નહીં બેસીએ.'

શહેરોનું તાપમાન (મહત્તમ)

| 33.2° | 32.6° | 32° | 32.9° |
| --- | --- | --- | --- |
| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ |

હવામાન વિભાગ

શહેરમાં શનિવારે મહત્તમ તાપમાનનો પારો ૩૨.૯ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

### બિલ કેનાલ રોડ પર કોર્પોરેશનની બેદરકારીથી દૂધ લેવા જઈ રહેલી વ્યક્તિની બાઈક સ્લીપ થઈ જતાં અકસ્માત સર્જાયો

# પાલિકાના ખાડાના કારણે હવે નાગરિકે આંગળી ગુમાવી

### ભોગ બનનારે કોર્પોરેશન પાસે વળતરની માગણી કરી : પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતી વ્યક્તિનું મોટાભાગનું કામ કમ્પ્યૂટર પર

વડોદરા, તા. ૧૩

શહેરમાં ખાડાઓના કારણે અનેક અકસ્માતો સર્જાયા છે. તેમાં કેટલાકે જીવ ગુમાવવાનો વારો આવ્યો છે તો કેટલાકને કાયમી ખોડખાંપણ રહી ગઈ છે. શહેરના બિલ કેનાલ ઉપર પણ એક અકસ્માતમાં એક વ્યક્તિએ પોતાની આંગળી ગુમાવવાનો વારો આવ્યો છે. ખાડાના કારણે અકસ્માત સર્જાયો તેમાં તેની આંગળી કાપવી પડી હતી. ત્યારે આ વ્યક્તિએ કોર્પોરેશન પાસે વળતરની માંગણી કરી છે.

શહેરના બિલ કેનાલ રોડ ઉપર આવેલા પ્લેનેટ વનમાં રહેતા દેવીદાસભાઈ ગઈકાલે વહેલી સવારે ૯ વાગ્યે દૂધ લેવા માટે નીકળ્યા હતા. આ સમયે નજીકમાં જ ડવ ચાર રસ્તા પાસે ખાડાના કારણે દેવીદાસ જમીન પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને જમણા હાથની એક આંગળી ગુમાવવાની નોબત આવી છે. અકસ્માતમાં પોતાના હાથની એક આંગળી ગુમાવવાને લઈને દેવીદાસે આ ઘટના કોર્પોરેશનની બેદરકારીથી સર્જાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે





કહ્યું કે, 'ખાડાના કારણે મારું બાઈક સ્લીપ થઈ જતાં અકસ્માતમાં મેં હાથની એક આંગળી ગુમાવી છે. હું પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરું છું. જેમાં મોટાભાગનું કામ કોમ્પ્યુટર આધારિત રહે છે. આંગળીના કારણે મને અપંગતા આવતા મારા આવકના સ્રોત સામે જોખમ સર્જાતા કોર્પોરેશન પાસે વળતરની માંગણી કરુ છું. વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં અનેક માર્ગો ઉપર મોટા ખાડા પડવા હોવાથી વરસાદી પાણીનો ભરાવો થતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. અનેકવિધ રજૂઆતો અને વિરોધ બાદ પણ કેટલાય વિસ્તારમાં હજુ પરિસ્થિતિ યથાવત છે. ત્યારે શહેરમાં આવા અકસ્માતો અટકાવવા માટે પાલિકાએ નક્કર આયોજન કરવું જોઈએ

### ગંભીરા દુર્ઘટનાગ્રસ્ત પુલની સમાંતર નવો પૂલ ૧૮ માસમાં બનાવવા ટેન્ડરિંગ પ્રક્રિયાનો આરંભ

# મુજપુર પાસે ટુ લેન હાઈલેવલ પુલ બનાવવા ૨૧૨ કરોડ મંજૂર

### મહી નદી પર નવા પુલ અંગેનો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર : રાજ્ય સરકાર દ્વારા વહીવટી મંજૂરી આપી દેવામાં આવી

વડોદરા, તા. ૧૩

વડોદરા નજીક પાદરા અને આંકલાવને જોડતો મુજપુર - ગંભીરા બ્રિજ તૂટી પડતા ૨૧ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. આ બ્રિજ તૂટયા બાદ રાજ્ય સરકારે તેને સમાંતર નવો બ્રિજ બનાવવા માટેની વહીવટી મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા ૨૧૨ કરોડ રૂપિયા આ બ્રિજ માટે મંજૂર કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપૂર પાસે મહી નદી ઉપર નવો ટુ લેન પૂલ બનાવવા માટેની માર્ગ અને મકાનને વહીવટી મંજૂરી આપી છે. આ પૂર પાદરા અને આંકલાવને જોડશે. દુર્ઘટનાગ્રસ્ત પૂલની સમાંતર બનનારા આ નવા પૂલ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાજેતરમાં સર્વે કરી ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યાં નવો પૂલ બનાવવાની કાર્યવાહી આદરવામાં આવી હતી. એ દરમિયાન અહીં પૂલ તૂટી પડવાની દુર્ઘટના બનતા મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને પરિવહનથી જોડવા ઉપરાંત સ્થાનિકને રોજગારીના પ્રશ્નો, છાત્રોને આવાગમનના પ્રશ્નો સર્જાયા હતા. તેને ધ્યાને રાખી મુખ્યમંત્રીએ તત્કાલ આ પૂલ બનાવવાની મંજૂરી આપી છે. માર્ગ અને મકાન વિભાગના અધિક્ષક ઈજનેર એન. વી. રાઠવાએ જણાવ્યું કે, મુજપૂર એપ્રોચ રોડ હાલમાં જે ટુ લેન છે, એને ફોર લેન કરી ૭ મીટરનો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાઈવેથી પૂલ સુધી પહોંચવાના ૪.૨ કિમી માર્ગને ફોર લેન કરવામાં આવશે. દુર્ઘટનાગ્રસ્ત પૂલની સમાંતર નવો ટુ લેન હાઈલેવલ પૂલ બનાવવામાં આવશે. આ બન્ને કામ માટે મુખ્યમંત્રી દ્વારા રૂ. ૨૧૨ કરોડની વહીવટી મંજૂરી પ્રદાન કરવામાં આવી છે. પૂલ બનાવવાની કામગીરી ૧૮ માસમાં પૂર્ણ કરવામાં આવશે. એના ટેન્ડરીંગ પ્રક્રિયા પણ આરંભી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં આ બ્રીજ તૂટતાં વાહનચાલકોને મોટો ફેરો ફરવો પડે છે. આ ઉપરાંત સ્થાનિક વિદ્યાર્થીઓએ પણ શાળાએ જવા માટે લાંબું અંતર કાપવું પડે છે. હજારો લોકો આ બ્રીજ તૂટતાં અસરગ્રસ્ત બન્યા છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલીક ધોરણે નવો બ્રીજ બનાવવા માટે પ્રક્રિયા હાથ ધરી દેવામાં આવી છે.

### મહિસાગર નદીમાં હજુ પણ એક યુવાન લાપતા

# બ્રિજ દુર્ઘટનાના પાંચમા દિવસે પણ રેસ્ક્યૂ ઓપરેશન યથાવત્

### ગુમ વ્યક્તિને શોધવા બચાવ ટીમોની રબર બોટ તેમજ અન્ય સાધનસામગ્રી સાથે શોધખોળ





વડોદરા, તા. ૧૩

ગંભીરા બ્રિજ તૂટવાની ઘટનાના પાંચમા દિવસે પણ રેસ્ક્યુ ઓપરેશન શરુ રાખવામાં આવ્યું હતું. નદીમાં હજુ પણ એક યુવક લાપતા છે. જેને શોધવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું. બ્રિજના તૂટેલા હિસ્સાની નીચે આ યુવકનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે મૃતદેહને બહાર કાઢવા માટે રેક્સ્યૂ ટીમો દ્વારા રબર બોટ તેમજ અન્ય સામગ્રી સાથે શોધખોળ શરુ કરી હતી. તો બીજી તરફ બ્રિજનો તૂટેલો હિસ્સો પણ ખસેડવા માટેની કામગીરી હાથ ધરી હતી.

બ્રિજ દુર્ઘટનાના પાંચમા દિવસે પણ નરસિંહપુરા ગામના ગુમ થયેલા વિક્રમ રમેશ પઢિયારને શોધવા માટે બચાવ કામગીરી ચાલુ છે. ગુમ થયેલા વ્યક્તિને શોધવા માટે બચાવ ટીમો રબર બોટ અને અન્ય આવશ્યક સાધનો સાથે શોધખોળ કરી રહી છે. નાના વાહનોનો કાટમાળ પણ નદી કિનારે ખેંચી કાઢવામાં આવ્યો છે. પોલીસ, માર્ગ અને મકાન વિભાગ અને અન્ય એજન્સીઓ ઘટના સ્થળે હાજર હતી અને આ કામગીરીમાં જોતરાઈ હતી. સતત પાંચ દિવસથી ટેસ્ક્યુ ટીમ નદીમાં શોધખોળ કરી રહી છે આ ઉપરાંત નદીમાં પડેલા કાટમાળને પણ બહાર કાઢવાની કામગીરીમાં જોતરાઈ ગઈ છે. છેલ્લા પાંચ દિવસથી મેઘરાજાએ ખમૈયા કરતા રેસ્ક્યુ ઓપરેશનમાં કોઈ વિઘ્ન આવ્યું ન હતું.. જો કે તંત્ર હજુ પણ ખડેપગે છે અને ગમ યુવકની શોધખોળ કરી રહ્યું છે.

### ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત દિલીપ પઢિયારની હાલત નાજુક

પાદરા તાલુકાના મુજ પુર નજીક ગંભીર પુરા મહીસાગર બ્રિજ ની દુર્ઘટનામાં ઈજા પામેલા ચાર પૈકી બે દર્દીઓ હાલ સારવાર હેઠળ બોર્ડમાં દાખલ હોવાનું જાણવા મળ્યું છે આ બે દર્દીઓ પૈકી એક દર્દીને ફેફસામાં ઈન્ફેક્શન થતા હાલત નાજુક હોવાનું તબિબ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાર પાંચ દિવસ અગાઉ પાદરા તાલુકાના મુજ પુર પાસેના ગંભીરા પુરા મહીસાગર બ્રિજ તૂટવાની કરૂણ દુર્ઘટના સર્જાય હતી આ દુર્ઘટનામાં પાંચ થી છ જેટલા નાના મોટા વાહનો બ્રિજ તૂટવાના કારણે નદીમાં પડતા ૨૧ જેટલા વ્યક્તિઓના મૃત્યુ પામ્યા છે. જ્યારે ચારથી પાંચ ઈજાગ્રસ્તોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે . જેમાં એક વ્યક્તિનો સારવાર દરમિયાન મોત નીપજયું છે. જ્યારે એક દર્દીને રજા આપવામાં આવી હતી. હાલ સયાજી હોસ્પિટલમાં બે દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જે પૈકી નરસિંહ પુરા ગામના દિલીપ પઢિયાર ને સારવાર દરમિયાન ફેફસામાં ઈન્ફેક્શન થતા તેમને ઓક્સિજન ઉપર રાખવામાં આવ્યા હોવાનો તબિબ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### મૃતકના પરિવારજનોને ૪ લાખ, ઇજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય ચૂકવાઈ



મુજપુર-ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં અસરગ્રસ્ત પરિવારો અને ઈજાગ્રસ્તોને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આર્થિક સહાયનું વિના વિલંબે વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ યાદી મુજબ, હાલ કુલ ૯૨ લાખની રકમના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓના પરિવારજનોને ૪ લાખ અને ઈજાગ્રસ્તોને ૫૦ હજારની સહાય જાહેર કરવામાં આવી હતી. જે અંતર્ગત આજે છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સહાય તત્કાળ મંજૂર કરવામાં આવી હતી અને વિના વિલંબે ચૂકવી આપવામાં આવી હતી. જેમાં ચાર ઈજાગ્રસ્તો અને ૧૫ મૃતકોના પરિવારોના સમાવેશ થાય છે.

### ઉમેટા બ્રિજની બાજુમાં નવીન ટુ લેન બ્રિજ માટે ડીપીઆર બનાવવાની કામગીરી પ્રગતિમાં



ઉમેટા બ્રીજની પેરાપેટ તથા પીયર કેપના ખુલ્લા સળીયા વિગેરેમાં ક્ષતિ જણાતાં બ્રીજ કન્સલ્ટન્ટના સુચન મુજબની રીપેરીંગ જેવી કે, બ્રીજની પેરાપેટ, રસ્ટ રીમુવલ અને સ્ટીલ પ્રોટેકશન, માઈક્રો કોંક્રીટ થી રીપેરીંગ અંગેની કામગીરી અંગેનો તા. ૩૦.૦૬.૨૦૨૫ ના રોજ ઈજારદારને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. નાયબ કાર્યપાલક ઈજનેર રાજેશ્વરી નાયરે જણાવ્યું કે ઉમેટા બ્રીજની બાજુમાં નવીન ૨ લેન બ્રીજ માટે ડીપીઆર બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. વધુમાં, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાથી આ બ્રીજ ભારદારી વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.




## શીદને ગુમાનમાં રાચવું ?

મહાન સંતકવિ કબીરદાસે રામ-રાવણના યુદ્ધ માટે ગાયું છેઃ 'ગર્વ કિયો તે નર હાર્યો... ગર્વ કિયો લંકાપતિ રાવણે, દશમુખ કાપી નાંખ્યો...'' અહંકાર માનવીને કેવી પછડાટ ખવડાવી દે છે તે વર્ણવતાં સ્વામીનારાયણિય સંતકવિ નિષ્કુળાનંદ સ્વામીએ પણ ગાયું છે :

'માને ગયું કૌરવનું કુળ, માને ગયું છે કંસનું મૂળ;
માને સુર અસુર છે દુઃખી, માન રાખી થયાં કોણ સુખી.'

આવો વિનાશકારી અહંકાર પોતાનાં રૂપ, બુદ્ધિ, ઉચ્ચ કુળ, ધન-દોલત, પદ-પદવી વગેરે અનેક પ્રકારનો હોઈ શકે. તે જ્યારે જીવનમાં પગદંડો જમાવે છે ત્યારે મનુષ્ય છતી આંખે અંધ બની જાય છે. જેમ મોતિયો પાકેલી આંખ વ્યવસ્થિત ભાળી ન શકે તેમ જેને માનનો મોતિયો આવે તે પણ વ્યક્તિનું કે સૃષ્ટિનું યથાર્થ અવલોકન ન કરી શકે. પરિણામે તે ગોથું ખાધા વિના રહે જ નહીં. રાવણના કિસ્સામાં પણ એવું જ બન્યું ને! તેને વિભીષણે ઘણીવાર ચેતવ્યો, પણ મદાંધ રાવણે તેનું કશું ન સાંભળ્યું. પરિણામે મળ્યું- કુળનું નિકંદન. આમ, અહંકાર મોતને તો ઢૂંકડું કરે જ છે, પણ તે માનવીને જીવતેજીવ પણ બાળતો રહે છે. એવું કહેવાય છે કે પ્રખ્યાત ફિલ્મ નિર્દેશક શ્રી એન્ટોન ફસલ 'દુનિયા મારી કદર કરતી નથી'ના વિચારથી એવા પીડાતા કે તેથી છૂટકારો પામવા તેઓએ આપઘાત કરી લીધો !! આવો જીવલેણ માનરૂપી દોષ કેવળ એકલો જ આપણા ઉપર અત્યાચાર નથી કરતો, તેનો દીકરો ક્રોધ અને દીકરી ઈર્ષ્યા પણ આપણને અધૂરામાં પૂરું હેરાન કરે છે. જો માની માણસ બળવાન હશે તો તે ક્રોધ કરશે અને નિર્બળ હશે તો ઈર્ષ્યા કરશે. માટે હવે પ્રશ્ન એ છે કે આનાથી બચવું કેવી રીતે? આ દોષથી બચવાનો એકમાત્ર ઉપાય વર્ણવતાં કેન ઉપનિષદ્ સુંદર કથાનક સંભળાવે છે. એકવાર દેવાસુર સંગ્રામમાં જીતેલા દેવોએ વિજયની ઉજવણી કરવા મહેફિલ ગોઠવેલી. તેમાં સૌ 'આ આપણો વિજય... આ મેં કર્યું... હું ન હોત તો શું થાત...'ની બડાશ મારવા લાગ્યા. બરાબર એ સમયે યક્ષરૂપે પધારેલા પરમાત્માએ તેઓને એક સામાન્ય તણખલું બાળવા-ખદેડવા કહ્યું, પણ તે કામ કોઈ દેવથી ન થઈ શક્યું. તે જોઈ તેઓને જ્ઞાન-ભાન થયું કે 'આપણે ભગવાનની શક્તિથી જીત્યા છીએ, આપણા બાહુબળ કે બુદ્ધિબળથી નહીં.'' આ સમજણ આવતાં તેઓનો ગર્વ ગળી ગયો. આમ, આજે માનવી પણ પોતાની બુદ્ધિ-શક્તિ પર મુસ્તાક થઈ મૂછ મરોડતો ફરે છે, પરંતુ ભગવાને જેવું બનાવ્યું છે તે પૈકીનું એ શું કરી શકે એમ છે? એક દાણો વાવતાં હજાર દાણા આપે તેવી ધૂળ બનાવવાનુંયે ગજુ તેની પાસે નથી, તો શીદને ગુમાનમાં રાચવું? માટે ભગવાનની કર્તાશક્તિનું જેટલું આપણને અનુસંધાન રહે તેટલી નમ્રતા જીવનમાં રહે અને માન દોષ પણ તેટલો જ આપણાથી દૂર ભાગતો ફરે.

વિશ્વ વંદનીય સંત વિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આવી નમ્રતાની મૂર્તિ સમાન હતા. તેઓએ કરેલું પંદર હજારથી વધુ ગામો-નગરોનું વિચરણ, તેઓની કલમે લખાયેલા અનેક દિલોની દિલદાહ બુઝાવતા સાડા સાત લાખથી વધુ પત્રો, તેઓએ સર્જેલાં ૧૧૦૦થી વધુ મંદિરો, ૧૦૦૦થી વધુ સુશિક્ષિત સંતો, દેશ-દુનિયામાં બાંધેલા અક્ષરધામો, તેઓને મળેલાં સન્માનો અને ઇલકાબો, તેઓ તરફ વહેલાં પ્રશંસાના પૂરો વગેરે અનેક મુખે એક જ વાત સંભળાવે છે કે ' આવું કાર્ય કરનાર નર આ દુનિયામાં ખૂબ જ દુર્લભ છે....' છતાં પ્રમુખસ્વામી મહારાજ તો એક જ વાત કહેતા કે 'આપણાથી તો શેક્યો પાપડ પણ ભાંગે તેમ નથી.''

તા. ૪/૯/૧૯૮૮ના રોજ હ્યુસ્ટનના એક સમારંભમાં હજારોનું સન્માન ઝીલી પ્રમુખસ્વામી મહારાજ વિદાય લઈ રહેલા ત્યારે પ્રવીણભાઈ પરીખ નામના એક મુમુક્ષુ તેઓને પૂછી બેઠા કે ''લોકો આપની આટલી પ્રશંસા કરે છે. છતાં આપ અહંશૂન્ય કેવી રીતે રહી શકો છો?'' ત્યારે સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો કેઃ ''જે કંઈ થાય છે તે ભગવાનને લીધે જ થાય છે. આપણે કરીએ તો અહં આવે ને!'' આ સાંભળી પ્રવીણભાઈએ બીજો પ્રશ્ન પૂછ્યોઃ ''આપને આવો વિચાર ક્યારે આવે?' જવાબમાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યુંઃ 'આ વિચાર ટળતો જ નથી.' જે પોતાના અસ્તિત્વને ઓગાળી દે છે તેનામાં રહીને સ્વયં ભગવાન કાર્ય કરે છે. સ્વામીશ્રીના જીવનમાં એક પળ એવું મનાતું નથી કે 'આ હું કરું છું.'' આ જીવનશૈલી આપણને શીખવે છે કે જો સહજતાથી કાર્ય કરવું હોય, શ્રેષ્ઠ કાર્ય કરવું હોય, સ્થિરતા અને નિશ્ચિંતતા સાથે કરવું હોય તો આટલું જ કરવાનું છે કે ભગવાન પર છોડતા શીખીએ. 'હું' ઊંહાટો કાઢીશું તો જીવનમાં સહેજે સુખ અને આનંદ માણીશું.

'પ્રભુતા પાઈ જાહી મદ નાહીં' (ભગવાનને પામે તેને મદ ન હોય) એ તુલસીદાસની ચોપાઈ હોય, કે ''જેના મનને માન ન ભાવે...'' એ નિષ્કુળાનંદજીની પંક્તિ હોય - આ સઘળું પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં મૂર્તિમાન જોવા મળતું. તેઓની આ શૈલી જે અપનાવે તેને કાયમ સુખ જ અનુભવાય.

તો ચાલો, આપણે પણ આ ગુણને જીવનમાં અપનાવીએ અને ભગવાનને સર્વકર્તા માની, માનદોષથી જીવનને બચાવીએ.

### છોટાઉદેપુરના કવાંટમાં વધુ એક 'ઝોળી વિકાસ' સામે આવ્યો : ૧૫ દિવસમાં બીજી ઘટના, સ્થાનિકોએ સરકાર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો

# કવાંટના ભૂંડમારીયાની ગર્ભવતી મહિલાને ૩ કિમી ઝોળીમાં લઇ જવી પડી

વડોદરા / નસવાડી , તા. ૧૩

ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં અનેક એવા સ્થળો છે જ્યાં સુધી વાહનો પહોંચી શકે તેવી શક્યતાઓ નથી. આ ઉપરાંત તાત્કાલિક ઉપચાર માટે તેઓએ કેટલાય કિમી સુધી ઝોળીમાં નાખીને દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડવા પડે છે. ત્યારે છોટાઉદેપુરના કવાંટમાં વધુ એક કિસ્સો સામે આવ્યો છે. એક મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા સ્થાનિક રહીશોએ તેને ઝોળીમાં નાખીને ૩ કિમી સુધી મુખ્ય માર્ગ ઉપર લઈ જવાની ફરજ પડી હતી. રહીશોએ સરકાર અને સ્થાનિક તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના ભૂંડમારીયા ગામે ૨૦૦૦ લોકો ની વસ્તી છે ૭ જેટલા ફળીયા આવેલા છે આ ગામની કમીલાબેન ચિરાગભાઈ ભીલ, ઉંમર ૨૨ વર્ષ ને પ્રસુતિનો દુખાવો ઉપડતા વહેલી સવારે સાત વાગે ગામના યુવાનો ભેગા થઈને ઝોળી બનાવી અને પગપાળા નીકળ્યા હતા અને ત્રણ કિલોમીટર સુધી ઝોળીમાં નાખીને





મુખ્ય માર્ગ સુધી લાવ્યા હતા જ્યારે ત્યાંથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં કવાંટ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આ મહિલાને સારવાર માટે દાખલ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા આ મહિલાને મમતા કાર્ડ આપવામાં આવ્યું હતું જેમાં મહિલાની પ્રસુતિ ની સંભવિત તારીખ ૭ જૂન બતાવવામાં આવી હતી જ્યારે એક માસ ઉપરાંત સમય વીતી જવા છતાંય આરોગ્ય વિભાગની ટીમો આ સગર્ભા મહિલાની તપાસ માટે પહોંચી નહિ હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અગાઉ દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફને અને ફિલ્ડમાં ફરતાં કર્મચારીઓને સૂચના આપી હતી કે જે બહેનોને પ્રસુતિનો સમય નજીક આવે તેને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવી પરંતુ એક માસ વીતી જવા છતાંય અધિકારીઓની સૂચનાનું પાલન પણ કર્મચારીઓ કરતા નથી જ્યારે ભૂંડમારીયા ગામે ૧૫ દિવસમાં પ્રસુતિ વાળી મહિલાને ઝોળીમાં લઈ જવાની બીજી ઘટના સામે આવી છે.

### સ્થાનિકોએ વીડિયો બનાવી ધારાસભ્યને કહ્યું, રસ્તો બનાવી આપો

સ્થાનિક ગ્રામજન કરણભાઈ ભીલના જણાવ્યા મુજબ અમારા ગામમાં કાચો રસ્તો છે વચ્ચે નદી આવે છે અમારા ગામને રસ્તાની સુવિધા આપવામાં આવતી નથી જેના કારણે અમારે વારંવાર વિડિઓ બનાવીને સરકારને જગાડવા માટેનો પ્રયત્ન કરવો પડે છે. જ્યારે ધારાસભ્ય અમને મૂર્ખ સમજતા હોય તે રીતના જાહેર મંચ ઉપરથી પ્રસુતા વાળી મહિલાનો વિડિઓ બનાવવાની હોળ લાગી છે તેવી વાત કરે છે તે દુઃખભરી વાત છે પ્રસુતા વાળી મહિલા દર્દ થી કણસતી હોય છે અને તેને ઝોળીમાં નાખવું ભારે કઠિન છે અને તેને ત્રણ કિલોમીટર ઉંચકવી તેના માટે ૧૦થી ૧૫ લોકો ની જરૂરિયાત ઉભી થાય છે ત્યારે અમારે આ મુશ્કેલી વેઠવાનો વારો આવે છે તેની પાછળ અમારા ગામ સુધી રસ્તો નથી જેના કારણે અમે દુઃખ વર્ષો થી ભોગવીએ છે.